Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી ભાષા પ્રવેશ

(વ્યાકરણ અને લેખન)

ભાગ ત્રીજો

વકીલ અને શાહ

66 ग
89 III

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या...... 6651 89 III

पञ्जिका संख्या...... 26623

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકારી કેળવણી ખાતાએ નિયત કરેલા ૧૯૪૯ના નવા અભ્યાસક્રમ પ્રમાણે

ગુજરાતી ભાષાપ્રવેશ

(વ્યાકરણ અને લેખન)

स्टॉक प्रमाणीकरण ११८४-११८५

ભાગ ત્રીજો

(ધોરણ સાતમા માટે)

કર્તા
રમણલાલ નરહરિલાલ વકીલ, એમ. એ.
આચાર્ય, મૉડર્ન સ્કૂલ, મુંબઈ-૪
અને
પુરુષોત્તમ છગનલાલ શાહ, એમ.એ., બી. ટી.
નિર્મળ નિવાસ, ઘોડદોડ રસ્તે, વડોદરા

With Best Compliments
from the publishers

CHECKED 1973
Initial

પ્રકાશક
મેસર્સ કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ
નાણાવટ * સૂરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ
તરફથી
નવનીતલાલ બાલુભાઈ બુકસેલર
નાણાવટ : સૂરત

पुस्तकालय गुरुकुल
पुस्तक सं० ....
आगत सं० ....
तिथि० ....
गुरुकुल कांगड़ी

પ્રકાશનના સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

પ્રથમ આવૃત્તિ, ૧૯૫૨

કિંમત ૧-૧-૦

*

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

'ભાષાપ્રવેશ'નું આ ત્રીજું પુસ્તક પણ એનાં પુરોગામી બે પુસ્તકોની પદ્ધતિએ તૈયાર કરેલું છે. તેથી એ બે પુસ્તકોની પ્રસ્તાવના-ઓમાં દર્શાવેલાં ધ્યેય અને શિક્ષણપદ્ધતિ અંગેની સૂચનાઓ આ પુસ્તક શીખવતાં પણ ધ્યાનમાં રાખવા વિનંતી છે.

વ્યાકરણના અભ્યાસક્રમમાં વ્યુત્પત્તિ, સમાસ, વાક્યપૃથક્કરણ અને અલંકાર જેવા વિષયો ઉમેરાયા હોવાથી વ્યાકરણનો વિષય અઘરો લાગવા સંભવ છે. એમ ન બને તે માટે કેટલીક હકીકતો ધ્યાનમાં લેવાની જરૂર છે.

પ્રથમ તો એ કે શિક્ષણક્રમમાં સ્વભાષા અગ્ર સ્થાને મુકાઈ હોવાથી તેનું જ્ઞાન બને તેટલું સંગીન અને ઉચ્ચ કોટિનું બને એ આપણું ધ્યેય છે. તેથી શબ્દની તેમ જ વાક્યની અર્થવાહકતા સમજવા માટે તેમની રચનાનાં અંગો ઓળખતાં શીખવવું જોઈએ.

બીજું, જૂની શિક્ષણપ્રથામાં અંગ્રેજી સાથે સંસ્કૃતનું મહત્ત્વ સ્વભાષા કરતાં વધારે અંકાતું. વ્યાકરણના વિષયમાં તો એ બે ભાષાઓનું જ અનુકરણ અને અનુસરણ કરવાને આપણે ટેવાયલાં છીએ. વ્યાકરણની પરિભાષા યોજવામાં અને વિષયની રજૂઆતમાં જાણ્યે-અજાણ્યે માની લેવાય છે કે વિદ્યાર્થી અંગ્રેજી-સંસ્કૃતથી પરિચિત છે. પરંતુ આ અભ્યાસ-ક્રમ શીખનાર અંગ્રેજી અને સંસ્કૃત નહિ જાણતાં હોય, એ હકીકત સ્વીકારીને જ હવે આપણે વ્યાકરણ શીખવવાનું છે. તેથી અંગ્રેજી-સંસ્કૃતના પૂર્વજ્ઞાનની મદદ વિના જ ગુજરાતી ભાષાનું વ્યાકરણ શીખવવાની પદ્ધતિ ખીલવવી જોઈએ. એ ભાષાઓની મદદ જ્યાં અનિવાર્ય હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં જ એમનો ઉલ્લેખ થવો જોઈએ અને સ્વભાષાની પ્રકૃતિને અનુરૂપ વ્યાકરણના સિદ્ધાન્તો તારવવા જોઈએ.

ત્રીજું, શબ્દ અને વાક્યની રચનાઓનું જ્ઞાન આ કક્ષાએ કેવળ પરિચય પૂરતું અને દૃષ્ટિ ખોલવા પૂરતું જ આપવાનું છે. તેથી સંધિ, વ્યુત્પત્તિ, સમાસ, વાક્યપૃથક્કરણ અને અલંકાર જેવા વિષયો પ્રસંગોપાત્ત શીખવવા જોઈએ અને તેમાં કયાં તત્ત્વો શીખવવાં ને કયાં ન શીખવવાં એનો પ્રથમથી જ નિર્ણય કરી પાઠ્યક્રમ યોજવો જોઈએ.

આ પુસ્તકમાં વ્યાકરણના પાઠો ઉપરની દૃષ્ટિએ યોજેલા છે. આ કક્ષાએ ઉપયોગી અને શીખવી શકાય એવી વિગતો જ એમાં રજૂ કરી છે. છતાં એ બધી વિગતો શીખવવાનું શક્ય ન બને, અથવા એમાં ન આપી હોય એવી વિગતો શીખવવી પડે, એ સંભવિત છે. એવે પ્રસંગે આ પુસ્તકના પાઠને વળગી નહિ રહેતાં સંજોગોને અનુરૂપ વિગતો શીખવવાની નીતિ રાખવી જોઈએ. શીખનારનો રસ ઠેઠ સુધી જળવાઈ રહે અને નક્કી કરેલા ધ્યેય તરફ પ્રગતિ થાય, એ રીતે પુસ્તકનો ઉપયોગ થવો જોઈએ.

વ્યાકરણના પાઠોમાં નિયમો અને કોઠાઓ આપેલા છે. તે વિષય સમજવા માટે ઉપયોગી છે, પણ ગોખવા માટે નથી. તેમ છતાં પ્રસંગે પ્રસંગે એમનો ઉપયોગ કરવાથી લાભ થશે.

શબ્દજ્ઞાનની કસોટી જોડણી દ્વારા સતત થતી રહે છે. તેથી જોડણીના નિયમો વહેલી તકે આવડે એ ઇષ્ટ છે. પરંતુ સંસ્કૃતના જ્ઞાન વિના ગુજરાતી જોડણીના નિયમો સમજપૂર્વક ગ્રહણ થઈ શકે તેમ નથી. તોપણ આ પુસ્તકમાં આપેલા શબ્દજ્ઞાનથી સર્વમાન્ય જોડણીની આવશ્યકતાની તો વિદ્યાર્થીઓને પ્રતીતિ થશે જ. એ પ્રતીતિ દૃઢ કરવા જોડણી વિશે એક પાઠ યોજ્યો છે. અને હવેથી વિદ્યાર્થીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જોડણીકોશ' વાપરતા થાય એ આવશ્યક માન્યું છે. વિદ્યાર્થીઓની જરૂરિયાતો સંતોષે એવો સાર્થ જોડણીકોશ હજી આપણી પાસે એકે નથી. તોપણ જે મળી શકે તેનાથી શરૂઆત કરવી જોઈએ અને કોશ વાપરવાની વિદ્યાર્થીઓને ટેવ પાડવી જોઈએ.

વાક્યપૃથક્કરણ શીખવા માટે વાક્યની રચના અને તેના પ્રકારો સૂક્ષ્મ રીતે સમજવાની જરૂર છે. તેથી આ વિષય માટે છૂટથી જગા રોકી છે. વાક્યના જેટલા પ્રકારો શીખવ્યા છે તે દરેકનું સંપૂર્ણ વાક્યપૃથક્કરણ કરવાની રીત એક પાઠમાં બતાવી છે. વાક્યરચનાની અટપટી રીતોનો અભ્યાસ આ કક્ષાએ કરવાનો નથી. તેથી પ્રથમ દૃષ્ટિએ પ્રકાર અને પેટા પ્રકાર ઓળખાય એવાં જ વાક્યોનું પૃથક્કરણ આ કક્ષાના વિદ્યાર્થીઓને આવડે એ પૂરતું ગણાવું જોઈએ.

વિરામચિહ્નો એ વાક્યનું એક અનિવાર્ય અંગ છે. તેથી વાક્યના અભ્યાસ સાથે જ વિરામચિહ્નોના ઉપયોગની માહિતી આપતાં રહેવું જોઈએ. વિરામચિહ્નો વિશેનો પાઠ આ દૃષ્ટિએ યોજેલો છે.

વાક્યનાં પદો અને તેમના પ્રકારો ઓળખવાની તાલીમ અગાઉના બે ભાગોમાં અપાઈ છે. તેથી તેનું પુનરાવર્તન નહિ કરતાં માત્ર ક્રિયાપદ અને વિભક્તિ વિશે કેટલીક વિશેષ માહિતી આ પુસ્તકમાં આપી છે. તેમાં ધાતુ અને ભેદ વિશેનો પાઠ ક્રિયાપદ વિશેના આગળના પાઠો સમજવા માટે ઉપયોગી છે. ભાવકર્તૃક ક્રિયાપદ અને જુદા જુદા ભેદોવાળી વાક્યરચનાઓ વિશેની માહિતીથી ભાવે પ્રયોગ ઓળખવામાં મદદ થાય છે.

ક્રિયાપદના કાળ અને અર્થ એકબીજા ઉપર આધાર રાખતા હોવાથી, એ બંને તત્ત્વો સાથે બતાવ્યાં છે. એ ઉપરથી ખ્યાલ આવશે કે કાળદર્શક રૂપ ગમે તે હોય, પણ ક્રિયાપદની અસરકારકતા એના અર્થને લીધે છે. બોલવાનો હેતુ — અર્થ અને ભાવ — ક્રિયાપદના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થથી વ્યક્ત થાય છે. એ હેતુ પારખતાં આવડે એમાં જ ભાષાજ્ઞાનની સાર્થકતા છે.

પ્રશ્નાર્થ અને નિષેધાર્થ દર્શાવવા અંગ્રેજીમાં વાક્યરચના બદલવી પડે છે. તેથી એ ભાષામાં વાક્યના પ્રશ્નાર્થ અને નિષેધાર્થ એવા પ્રકારો પાડવા પડે છે. અંગ્રેજીની એ પ્રથાને ગુજરાતી વ્યાકરણમાં સ્વીકારેલી છે. પરંતુ ગુજરાતીમાં પ્રશ્નાર્થ અને નિષેધાર્થ દર્શાવવા વાક્યરચના બદલવી પડતી નથી. તેથી ગુજરાતી વાક્યના પ્રશ્નાર્થ અને નિષેધાર્થ એવા પ્રકારો પાડવાની જરૂર નથી. તેમ છતાં ક્રિયાપદના અર્થના એ બે પ્રકારો સ્વીકારવા જોઈએ. વળી ગુજરાતી ક્રિયાપદનો પ્રશ્નાર્થ કેવળ વિરામચિહ્નથી જ સૂચવાય છે, અને નિષેધાર્થ દર્શાવતાં ક્રિયાપદ કંઈક વિકાર પામે છે. ગુજરાતી ભાષાની આ એક પ્રાકૃતિક ક્રિયા છે. તેથી એ હકીકત યોગ્ય સ્થળે સમજાવી છે.

જે મહત્ત્વ ક્રિયાપદના અર્થનું છે તેવું જ મહત્ત્વ વિભક્તિના અર્થનું છે. પરંતુ એ વિષય આગળનાં ધોરણોમાં ચર્ચવાનો હોવાથી, આ પુસ્તકમાં વિભક્તિના મુખ્ય અર્થો જ સમજાવ્યા છે, અને વિષયને સરળ બનાવવાની નીતિ રાખી છે.

પદચ્છેદ એ વ્યાકરણજ્ઞાનની ઉત્તમ કસોટી છે. એનો હેતુ દરેક પદનું વ્યાકરણ દૃષ્ટિએ વર્ણન કરવું એ છે. તેથી દરેક પ્રકારના પદ વિશે જે જે વિગતો શીખવાઈ હોય તે બધી વિગતો વર્ણવવાનો વિદ્યાર્થીને મહાવરો પડે એ રીતે પદચ્છેદ કરાવવા જોઈએ.

લેખનવિભાગમાં અગાઉના લેખનપ્રકારોની વિશેષ તાલીમ મળે અને અભ્યાસક્રમમાં ઉમેરાયેલા નવા પ્રકારોમાં પ્રવેશ થાય, એ દૃષ્ટિએ પાઠો યોજેલા છે. લેખનપ્રવૃત્તિના આ કક્ષાના ધ્યેય વિશે અગાઉના બે ભાગોની પ્રસ્તાવનાઓમાં જે કહેલું છે તે ધ્યેય આ વર્ષે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણે અંશે સિદ્ધ થવું જોઈએ. તે માટે દરેક લેખનપાઠ વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાન ઉપર મંડાય અને ચોક્કસ ધ્યેય તરફ પ્રગતિ કરાવે, એ રીતે આ વિભાગના પાઠોનો ઉપયોગ થવો જોઈએ.

સરકારમાન્ય અભ્યાસક્રમ પ્રમાણે સ્વભાષાનાં મૂળ તત્ત્વો શીખવવાની ક્રમિક યોજના આ પુસ્તકથી પૂરી થાય છે. તેને અનુભવની કસોટીએ ચઢાવી ત્રણે પુસ્તકોના ગુણદોષ કર્તાઓને જણાવવામાં આવશે તો એ ત્રણે પુસ્તકોને વધુ ઉપયોગી બનાવવામાં મદદ થશે.

ધી મોડર્ન સ્કૂલ,
સિક્કાનગર, મુંબઈ–૪,
૯ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૫૨

રમણ વકીલ
પુરુષોત્તમ શાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાકરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

વ્યાકરણ

પાઠ		પાનું
૧.	વ્યંજન — ઉચ્ચાર અને પ્રકાર	૧
૨.	સ્વર — ઉચ્ચાર અને પ્રકાર	૪
૩.	સ્વરસંધિ	૭
૪.	વ્યંજનસંધિ	૧૧
૫.	શબ્દોનો ઇતિહાસ	૧૬
૬.	શબ્દોના પ્રકાર — તત્સમ, તદ્‌ભવ અને દેશ્ય	૧૯
૭.	કૃત્ અને તદ્ધિત પ્રત્યયો	૨૨
૮.	પૂર્વગો	૨૭
૯.	સમાસ	૩૦
૧૦.	જોડણી	૩૫
૧૧.	શબ્દ, શબ્દસમૂહ અને વાક્ય	૩૮
૧૨.	સાદું વાક્ય	૪૧
૧૩.	સંયુક્ત વાક્ય	૪૩
૧૪.	મિશ્ર વાક્ય	૪૬
૧૫.	ગૌણ વાક્ય અને તેના પ્રકાર	૪૯
૧૬.	વિરામચિહ્નો	૫૩
૧૭.	અન્વય	૫૮
૧૮.	ક્રિયાપદ — ધાતુ અને ભેદ	૬૩
૧૯.	ક્રિયાપદ — પ્રકાર	૬૮
૨૦.	ક્રિયાપદ — પ્રયોગો	૭૨
૨૧.	ક્રિયાપદ — કાળ અને અર્થ	૭૭
૨૨.	વિભક્તિ — મુખ્ય અર્થ (૧)	૮૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩. વિભક્તિ — મુખ્ય અર્થ (૨) ૮૭
૨૪. પદચ્છેદ (૧) ૯૧
૨૫. પદચ્છેદ (૨) ૯૫
૨૬. વાક્યપૃથક્કરણ ૯૭
૨૭. અલંકાર (૧) ૧૦૪
૨૮. અલંકાર (૨) ૧૦૭

લેખન

૧. ચિત્રવર્ણન ૧૧૫
૨. આજ્ઞાનું પાલન (અધૂરી વાર્તા પૂરી કરવી) ૧૧૬
૩. લુહારને ત્યાં (કથનાત્મક નિબંધ) ૧૧૯
૪. ખાડો ખોદે તે પડે (કહેવત ઉપરથી વાર્તા) ૧૨૨
૫. માતાનો પ્રેમ (વાર્તાનું સારલેખન) ૧૨૪
૬. રૂઢ પ્રયોગો ૧૨૭
૭. મારી રોજનીશીનું એક પાનું ૧૨૮
૮. પોસ્ટ ઑફિસ ખોલવા માટે અરજી ૧૩૦
૯. આબુનો પ્રવાસ (કથનાત્મક નિબંધ) ૧૩૨
૧૦. આપ સમાન બળ નહિ (વિચાર–વિસ્તાર) ૧૩૫
૧૧. ચિત્રવાર્તા ૧૩૬
૧૨. રોજનીશી રાખવા વિશે (સંવાદ) ૧૩૭
૧૩. રેલ (વર્ણનાત્મક નિબંધ) ૧૩૯
૧૪. "શાળાનો ગણવેશ . . . ." (ચર્ચા) ૧૪૧
૧૫. દીનબંધુ ઍન્ડ્રુઝ (ગદ્યખંડનું સારલેખન) ૧૪૩
૧૬. મિત્રની માતાના અવસાન પ્રસંગે દિલાસાપત્ર ૧૪૬
૧૭. શાળાના ઘડિયાળની આત્મકથા (કલ્પનાત્મક નિબંધ) ૧૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ પહેલો

શુદ્ધિપત્રક

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૬	૮	કૅંપ્ટન	કૅપ્ટન
૨૧	૯	ફરંગી	ફિરંગી
૩૩	૧૫	આ	આ નિયમ બધા
૩૬	૧૬	'ઉ'	'ઉં'
૪૮	૪	મુખ્ય વાક્ય	મુખ્ય વિચાર
૫૬	૨૨	પાછથી	પાછળથી
૮૯	૧૪	(સાતમો શબ્દ) કોણ	કોણે
૯૮	કોઠામાં (વાક્ય ૪)	કર્મ | કર્મવર્ધક — | —	કર્મ | કર્મવર્ધક બચ્ચું | દેડકાનું, નાનું
૧૦૪	છેલ્લી	ફેંકે	તાકે
૧૩૭	૬	તારું	તમારું
૧૩૭	૨૨	જો	જુઓ
૧૪૪	છેડેથી છઠ્ઠી	બનાવવો. માટે	બનાવવો. તે માટે

બોલવાની ક્રિયાને વ્યાકરણમાં **ઉચ્ચાર** કહે છે. અક્ષરોના ઉચ્ચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩. વિભક્તિ — મુખ્ય અર્થ (૨) ૮૭

૨૪. પદચ્છેદ (૧) ૯૧

૨૫. પદચ્છેદ (૨) ૯૫

૨૬. વાક્યપૃથક્કરણ ૯૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ પહેલો

વ્યંજન — ઉચ્ચાર અને પ્રકાર

[૧]

નીચેના મૂળાક્ષરો એકે એકે બોલી જુઓ. તે બોલતાં હોઠ, જીભ, ગળું, વગેરે મોંના ભાગો કેવી રીતે હાલે છે તે સમજવા પ્રયત્ન કરો.

(૧) ઉ, ઊ, પ, ફ — આ અક્ષરો બોલતાં બે હોઠ એકબીજાને અડે છે.

(૨) ત, થ, દ, સ — જીભ દાંતના મૂળને અડે છે.

(૩) ઋ, ટ, ઠ, ષ — દાંતના મૂળની ઉપરના ભાગને જીભ અડે છે. એ ભાગને **મૂર્ધા** કહે છે.

(૪) ઇ, ઈ, ચ, છ, શ — મૂર્ધાની ઉપરના ભાગને જીભ અડે છે. એ ભાગને **તાલુ** (એટલે **તાળવું**) કહે છે.

(૫) અ, આ, ક, ખ — આ અક્ષરો ગળામાંથી બોલાય છે. એ બોલતાં ગળાના આગલા ભાગ ઉપર આંગળી મૂકી જુઓ. અંદરનો ભાગ હાલતો લાગશે.

આ ઉપરથી સમજાય છે કે મૂળાક્ષરો બોલતાં હોઠ, જીભ, તાળવું, મૂર્ધા, દાંત, ગળું — એ અંગોનો ઉપયોગ થાય છે.

[૨]

બોલવાની ક્રિયાને વ્યાકરણમાં **ઉચ્ચાર** કહે છે. અક્ષરોના ઉચ્ચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં શરીરના જે ભાગનો ઉપયોગ થાય છે તે **ઉચ્ચારસ્થાન** કહેવાય છે. ઉચ્ચારસ્થાન ઉપરથી મૂળાક્ષરોના પ્રકાર કે વર્ગ ઠરાવેલા છે. નીચેના કોઠામાં વ્યંજનોના એવા પ્રકાર અને વર્ગ બતાવ્યા છે.

વર્ગીય અથવા સ્પર્શ વ્યંજનો

ક્રમ	વ્યંજનો	ઉચ્ચારસ્થાન	પ્રકાર	વર્ગ
૧	ક, ખ, ગ, ઘ, ઙ	કંઠ (ગળું)	કંઠ્ય	ક – વર્ગ
૨	ચ, છ, જ, ઝ, ઞ	તાલુ (તાળવું)	તાલવ્ય	ચ – વર્ગ
૩	ટ, ઠ, ડ, ઢ, ણ	મૂર્ધા (દાંતનું મૂળ અને તાળવાની વચ્ચેનો ભાગ)	મૂર્ધન્ય	ટ – વર્ગ
૪	ત, થ, દ, ધ, ન	દાંત (દાંતનું મૂળ)	દંત્ય	ત – વર્ગ
૫	પ, ફ, બ, ભ, મ	ઓઠ	ઓષ્ઠ્ય	પ – વર્ગ

આ રીતે ક થી **મ** સુધીના ૨૫ વ્યંજનોના ઉચ્ચારસ્થાન પ્રમાણે **પાંચ વર્ગ** પડે છે. તેથી તે દરેક વ્યંજન **વર્ગીય વ્યંજન** કહેવાય છે. દરેક વર્ગમાં પાંચ પાંચ વ્યંજનો છે.

બાકીના — એટલે **ય, ર, લ, વ, શ, ષ, સ, હ, ળ,** એ નવ **અવર્ગીય વ્યંજન** કહેવાય છે.

વર્ગીય વ્યંજનો બોલતાં જીભ મોંના જુદા જુદા ભાગોને અડે છે. તેથી તેમને **સ્પર્શ વ્યંજનો** પણ કહે છે. એ રીતે, અવર્ગીય વ્યંજનો **અસ્પર્શ વ્યંજનો** ગણાય છે.

નીચેના કોઠામાં અવર્ગીય વ્યંજનોનાં ઉચ્ચારસ્થાન અને પ્રકાર બતાવ્યા છે:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવર્ગીય અથવા અસ્પર્શ વ્યંજનો

વ્યંજન	ઉચ્ચારસ્થાન	પ્રકાર
ય, શ	તાલુ	તાલવ્ય
ર, ષ, ળ	મૂર્ધા	મૂર્ધન્ય
લ, સ	દાંત	દંત્ય
વ	દાંત અને ઓઠ	દંત્યૌષ્ઠ્ય
હ	કંઠ	કંઠ્ય
હ (જોડાક્ષરમાં)	ઉરસ્ (છાતી)	ઔરસ્ય
વિસર્ગ (:) — હ જેવો ઉચ્ચાર	કંઠ	કંઠ્ય

[3]

ઉચ્ચાર કરતાં નીકળતા અવાજના પ્રકાર ઉપરથી પણ વ્યંજનોના પેટા પ્રકાર પાડવામાં આવે છે. તેમાંના થોડા નીચે આપ્યા છે.

(૧) દરેક વર્ગના છેલ્લા ત્રણ, એટલે ગ, ઘ, ઙ; જ, ઝ, ઞ; ડ, ઢ, ણ; દ, ધ, ન; બ, ભ, મ; અને ય, ર, લ, વ, હ, ળ — એમ ૨૧ વ્યંજનો ઘોષ **વ્યંજનો** કહેવાય છે, કેમ કે આ વ્યંજનો બોલતાં ધાતુના રણકાર જેવો અવાજ થાય છે. આ અવાજ કોમળ હોવાથી એ **મૃદુ કે કોમળ વ્યંજનો** પણ કહેવાય છે.

(૨) દરેક વર્ગના પહેલા બે, એટલે ક, ખ; ચ, છ; ટ, ઠ; ત, થ; પ, ફ; અને શ, ષ, સ — એમ ૧૩ વ્યંજનો **અઘોષ વ્યંજનો** કહેવાય છે, કેમ કે આ વ્યંજનો બોલતાં ઉપરના વ્યંજનો જેવો અવાજ થતો નથી. એ અવાજ કઠોર હોવાથી, તે **કઠોર વ્યંજનો** પણ કહેવાય છે.

(૩) દરેક વર્ગનો છેલ્લો અક્ષર, એટલે ઙ, ઞ, ણ, ન, મ — એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચ વ્યંજનો **અનુનાસિક વ્યંજનો** કહેવાય છે, કારણ કે એ દરેક વ્યંજન નાકમાંથી બોલાય છે.

(૪) ય, વ, ર, લ — આ ચાર વ્યંજનો અનુક્રમે ઇ, ઉ, ઋ, ઌ એ સ્વરોમાંથી બનતા હોવાથી **અર્ધસ્વર** કહેવાય છે.

સ્વાધ્યાય

૧ વ્યંજન એટલે શું? મૂળ વ્યંજનો કયા કયા છે?

૨ કોઈ એક મૂળ વ્યંજન લઈ તેમાં સ્વર ભેળવી બને તેટલા અક્ષરો બનાવો.

૩ વ્યંજનોના કેવી કેવી રીતે પ્રકાર પાડવામાં આવે છે? દાખલા આપી સમજાવો.

૪ ઉચ્ચારસ્થાન પ્રમાણે વ્યંજનોના વર્ગ ગણાવો. દરેક વર્ગમાં કયા કયા વ્યંજનો આવે તે દર્શાવતો કોઠો બનાવો.

૫ અવર્ગીય વ્યંજનો ગણાવો. ઉચ્ચારસ્થાન પ્રમાણે તેમના પ્રકાર દર્શાવતો કોઠો બનાવો.

૬ વ્યંજનોના અવાજ પ્રમાણે પેટા પ્રકાર દર્શાવતો કોઠો બનાવો.

૭ નીચેના શબ્દોમાંથી ઘોષ અને અઘોષ વ્યંજનો જુદા પાડો :—
અખંડાનંદ, વિશ્વામિત્ર, અચળગઢ, કઠણ, જલધિજલદલ.

પાઠ બીજો

સ્વર—ઉચ્ચાર અને પ્રકાર

[૧]

સ્વરોનાં ઉચ્ચારસ્થાન અને તે ઉપરથી તેમના પ્રકાર નીચેના કોઠામાં આપ્યા છે. દરેક સ્વર બોલી જોઈ તેના ઉચ્ચારસ્થાનની ખાતરી કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરોનાં ઉચ્ચારસ્થાન અને પ્રકાર

સ્વર	ઉચ્ચારસ્થાન	પ્રકાર
અ, આ	કંઠ	કંઠ્ય
ઇ, ઈ	તાલુ	તાલવ્ય
ઉ, ઊ	ઓઠ	ઓષ્ઠ્ય
ઋ	મૂર્ધા	મૂર્ધન્ય
એ, ઐ	કંઠ-તાલુ	કંઠ્ય-તાલવ્ય
ઓ, ઔ	કંઠ-ઓઠ	કંઠ્ય-ઓષ્ઠ્ય
(ં)	નાક	અનુસ્વાર

[૨]

સ્વરોના પણ અવાજ પ્રમાણે પેટા પ્રકાર પડે છે. તેમાંના થોડા નીચે આપ્યા છે.

(૧) અ, ઇ, ઉ--આ **મૂળ સ્વરો** કહેવાય છે, કેમ કે તેમાંથી બીજા સ્વરો બને છે. એ સ્વરો બોલતાં ટૂંકો અવાજ નીકળે છે, તેથી તે દરેક **હ્રસ્વ સ્વર** કહેવાય છે.

(૨) આ, ઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ—આ સ્વરો મૂળ સ્વરોના મિશ્રણથી બને છે. તેથી તે દરેક **સાધિત સ્વર, સંયુક્ત સ્વર અથવા સંધિ સ્વર** કહેવાય છે. એ સ્વરો બોલતાં અવાજ લંબાય છે, તેથી તે દરેક **દીર્ઘ સ્વર** કહેવાય છે.

(૩) અ, આ—આ સ્વરોનું ઉચ્ચારસ્થાન એક છે. તેથી તે **સજાતીય** કે **સવર્ણ** સ્વરો કહેવાય છે. એ રીતે ઇ, ઈ સજાતીય છે; ઉ, ઊ સજાતીય છે.

(૪) જુદાં જુદાં ઉચ્ચારસ્થાનવાળા સ્વરો **વિજાતીય** કે **અસવર્ણ** સ્વરો કહેવાય છે. એ રીતે અ, ઈ, ઉ, ઋ વિજાતીય સ્વરો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫) બધા સ્વરો **ઘોષ** કે **મૃદુ** કહેવાય છે, કેમ કે તેમનો અવાજ પોચો છે અને તે બોલતાં થોડો શ્વાસ લેવો પડે છે.

[૩]

નીચેના શબ્દો બોલતાં **એ, ઓ**નો ઉચ્ચાર કેવો થાય છે તે વિચારો :—

(૧) **એક, બેવડું, ઓરડી, ઓગણીસ**—આ શબ્દોમાં **એ** અને **ઓ**નો ઉચ્ચાર **સાંકડો** થાય છે.

(૨) **બે, બેસો, બૅંક, કૅપ્ટન, ઓરત, ઓચિંતું, કૉફી**—આ શબ્દોમાં **એ** અને **ઓ**નો ઉચ્ચાર પહોળો થાય છે.

સાંકડા ઉચ્ચારને **સંવૃત** કહે છે. પહોળા ઉચ્ચારને **વિવૃત** કહે છે.

ગુજરાતી ભાષામાં સંવૃત અને વિવૃત બંને પ્રકારના ઉચ્ચારવાળા **એ** અને **ઓ** વપરાય છે. પણ તે ભેદ બતાવવા કોઈ નિશાની વપરાતી નથી. માત્ર અંગ્રેજી શબ્દોના વિવૃત ઉચ્ચાર બતાવવા ઊંધી માત્રા વપરાય છે.

[૪]

નીચેના શબ્દોમાં અનુસ્વારવાળા અક્ષરોનો ઉચ્ચાર નાકમાંથી સાદી રીતે થાય છે:—**એકંદર, મંડવું, એકાંતરો, માંડવું, વાંચવું.**

વંશ, હંસ, માંસ, સિંહ—આ શબ્દો આમ બોલાય છે : **વઉંશ, હઉંસ, માઉંસ, સિઉંહ.** એમાં અનુસ્વારનો ઉચ્ચાર નાકમાંથી થાય છે. પણ નાકમાંથી શ્વાસ નીકળતાં **અઉં, આઉં, ઈઉં** એવો અવાજ થાય છે.

અનુસ્વારના ઉચ્ચારનો આ ભેદ લખવામાં બતાવવાનો રિવાજ નથી. તેથી અનુસ્વારવાળા દરેક શબ્દનો સાચો ઉચ્ચાર જાણવાની અને તે પ્રમાણે શબ્દો બોલવાની ટેવ પાડવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ સ્વરોનાં ઉચ્ચારસ્થાન દર્શાવતો કોઠો બનાવો.

૨ અનુસ્વાર અને વિસર્ગનાં ઉચ્ચારસ્થાન કહો.

૩ મૂળ સ્વર અને સાધિત સ્વર એટલે શું? દાખલા આપી સમજાવો.

૪ હ્રસ્વ, દીર્ઘ અને અર્ધસ્વરો ગણાવો.

૫ નીચેનામાંથી હ્રસ્વ, દીર્ઘ, સજાતીય અને સંધિ સ્વરો જુદા પાડોઃ—ઓ, ઈ, ઊ, ઐ, આ, ઋ, એ, ઔ, અ, ઇ, ઉ.

૬ નીચેના શબ્દોના શુદ્ધ ઉચ્ચાર કરોઃ— મોર, મોરલી, આંબો, આંખો, સંચો, સાંકળ, ચોતરો, ચોર, ચોરસ, ચોરો, વાંસળી, વંશાવળી, અંશ, ઔંસ, પરમહંસ, ઊતરતી, ઓતરાતી, ઉદયસિંહ, સંહાસન, ઑફિસ, મૅચ, ફૂટબોલ, વાંચન, પ્રશંસા, પાંડ્યિ.

પાઠ ત્રીજો

સ્વરસંધિ

[૧]

પરમ આત્મા — આ શબ્દો ઉતાવળે બોલીએ તો **પરમાત્મા** બોલાય છે. પહેલા શબ્દનો છેલ્લો અક્ષર બીજા શબ્દના પહેલા અક્ષર સાથે જોડાય તો બે શબ્દને બદલે એક શબ્દ બને છે. આ રીતે જોડાવાની ક્રિયાને **સંધિ** કહે છે. ઉપરના દાખલામાં બે સ્વરોની સંધિ થયેલી છે. તેથી તે **સ્વરસંધિ** કહેવાય છે.

સ્વરસંધિના થોડાક નિયમો આપણે શીખી ગયાં છીએ. તે ધ્યાનમાં રાખી નીચેના દાખલા જુઓ :—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જન્મ + અષ્ટમી = જન્માષ્ટમી	અ + અ = આ
પરમ + આત્મા = પરમાત્મા	અ + આ = આ
તથા + અપિ = તથાપિ	આ + અ = આ
મહા + આશય = મહાશય	આ + આ = આ
જ્યોતિ + ઇન્દ્ર = જ્યોતીન્દ્ર	ઇ + ઇ = ઈ
પરિ + ઈક્ષા = પરીક્ષા	ઇ + ઈ = ઈ
સતી + ઈશ = સતીશ	ઈ + ઈ = ઈ
રઘુ + ઉત્તમ = રઘૂત્તમ	ઉ + ઉ = ઊ
સિંધુ + ઊર્મિ = સિંધૂર્મિ	ઉ + ઊ = ઊ

અ, આ, ઇ, ઈ, ઉ, ઊ — આ સજાતીય સ્વરો છે. તેથી ઉપરના શબ્દો સજાતીય સ્વરસંધિના દાખલા છે. તે બતાવે છે કે :—
(૧) બે સજાતીય સ્વરો સાથે આવે તો તે બંને મળીને તે જાતિનો દીર્ઘ સ્વર બને.

[૨]

આ શબ્દોની સંધિ તપાસો :—

સોમ + ઈશ્વર = સોમેશ્વર	અ + ઈ = એ
પર + ઉપકાર = પરોપકાર	અ + ઉ = ઓ
મહા + ઉદધિ = મહોદધિ	આ + ઉ = ઓ
મહા + ઋષિ = મહર્ષિ	આ + ઋ = અર્
સદા + એવ = સદૈવ	આ + એ = ઐ
મહા + ઓઘ = મહૌઘ	આ + ઓ = ઔ

આ વિજાતીય સ્વરસંધિના દાખલા છે. તે બતાવે છે કે :—
(૨) અ કે આ પછી (૧) જો હ્રસ્વ કે દીર્ઘ ઇ, ઉ, ઋ પૈકી કોઈ વિજાતીય સ્વર આવે તો તે બે સ્વરોને બદલે અનુક્રમે એ, ઓ, અર્ થાય; (૨) જો એ કે ઐ આવે તો તે બે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરોને બદલે ઐ થાય; (૩) અને જો ઓ કે ઔ આવે તો તે બે સ્વરોને બદલે ઔ થાય.

[૩]

હવે આ શબ્દો જુઓ :—

પ્રીતિ + અર્થ = પ્રીત્યર્થ	ઇ + અ = ય્ + અ = ય
ઇતિ + આદિ = ઇત્યાદિ	ઇ + આ = ય્ + આ = યા
પ્રતિ + ઉત્તર = પ્રત્યુત્તર	ઇ + ઉ = ય્ + ઉ = યુ
પ્રતિ + એક = પ્રત્યેક	ઇ + એ = ય્ + એ = યે
હેતુ + અર્થ = હેત્વર્થ	ઉ + અ = વ્ + અ = વ
ગુરુ + આજ્ઞા = ગુર્વાજ્ઞા	ઉ + આ = વ્ + આ = વા
પિતૃ + આનંદ = પિત્રાનંદ	ઋ + આ = ર્ + આ = રા
માતૃ + ઇચ્છા = માત્રિચ્છા	ઋ + ઇ = ર્ + ઇ = ર

આ બતાવે છે કે :—(૩) ઇ, ઉ, કે ઋ પછી જો કોઈ વિજાતીય સ્વર આવે તો ઇ-નો ય્, ઉ-નો વ્ અને ઋ-નો ર્ થઈ, તેમાં જોડેનો સ્વર ભળી જતાં ય, યા; વ, વા; ર, રા; એવા અક્ષરો બને.

[૪]

નીચેના શબ્દોની સંધિ જુઓ :—

ને + અન = નયન	એ + અ = અય્ + અ = અય
નૈ + અક = નાયક	ઐ + અ = આય્ + અ = આય
ભો + અન = ભવન	ઓ + અ = અવ્ + અ = અવ
પૌ + અક = પાવક	ઔ + અ = આવ્ + અ = આવ
નૌ + ઇક = નાવિક	ઔ + ઇ = આવ્ + ઇ = આવિ

આ બતાવે છે કે :—(૪) એ, ઐ, ઓ, ઔ પછી જો કોઈ વિજાતીય સ્વર આવે તો એ=અય્, ઐ=આય્, ઓ=અવ્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ઔ=આવ્ થાય; અને તેમાં જોડેનો સ્વર ભળી અય, આય, અવ, આવ, વગેરે અક્ષરો બને.

[૫]

સંસ્કૃત ભાષામાં એવો નિયમ છે કે બે સ્વરો સાથે આવે તો તેમની હંમેશ સંધિ થાય. ગુજરાતીમાં એવો નિયમ નથી. એટલું જ નહિ, પણ ગુજરાતીમાં શબ્દો બોલતાં સંધિ થતી હોવા છતાં લખવામાં તે બતાવવાનો રિવાજ નથી. પરંતુ ગુજરાતી ભાષાના ઘણા શબ્દો સંસ્કૃતમાંથી આવેલા છે. અને તેમાંના ઘણાના અક્ષરો સંધિના નિયમ પ્રમાણે જોડાયેલા હોય છે. તે સમજવા માટે સંધિના નિયમો જાણવાની જરૂર છે.

સ્વાધ્યાય

૧ નીચેના શબ્દોમાં સજાતીય સ્વરસંધિ થશે કે વિજાતીય ?—મહા+આત્મા; ઉચ્ચ+આસન; રામ+અવતાર; રવિ+ઇન્દ્ર; હરિ+ઇચ્છા; પૃથ્વી+ઈશ; વધૂ+ઊર્મિ; ધર્મ+ઉપદેશ; સપ્ત+ઋષિ; તથા+એવ; રાજા+ઈશ્વર.

૨ ઉપરના શબ્દોની સંધિ કરો.

૩ નીચેના શબ્દોની સંધિ છૂટી પાડો:—પ્રેમાનંદ, શીતોષ્ણ, પુસ્તકાકાર, વિદ્યાભ્યાસ, દેવેન્દ્ર, રાજ્યાભિષેક, વૃક્ષારોપણ, શ્વેતાંબર, હિતોપદેશ, જ્ઞાનાંજન, સર્વોદય, દેવર્ષિ.

૪ આ સ્વરોની સંધિ કરો:—ઈ+અ; ઉ+આ; ઋ+ઈ; એ+અ; ઐ+અ; ઓ+અ; ઔ+અ.

૫ નીચેના શબ્દોની સંધિ કરો:—આદિ+અંત; ભાષા+અંતર; અભિ+ઉદય; અગ્નિ+અસ્ત્ર; ને+અન; સુ+અચ્છ; પ્રતિ+અક્ષ; કૌટ+અધિપતિ; નૌ+ઈક; અનુ+અર્થ; અતિશય+ઉક્તિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ચોથો

વ્યંજનસંધિ

[૧]

નીચેના શબ્દો ઉતાવળે બોલવાથી આમ બોલાય છે :—

જગત્ ઈશ	જગદીશ
જગત્ પતિ	જગત્પતિ
જગત્ નાથ	જગન્નાથ

આ દાખલામાં પણ બે શબ્દો જોડાઈ એક શબ્દ બને છે. દરેકમાં પહેલો શબ્દ **જગત્** છે. તેમાં છેલ્લો અક્ષર **ત્** વ્યંજન છે. પહેલામાં **ત્** અને **ઈ** જોડાતાં **ત્**ને બદલે **દ્** થયો છે. બીજામાં **ત્** અને **પ** જોડાતાં કંઈ ફેરફાર થયો નથી. ત્રીજામાં **ત્** અને **ન્** જોડાતાં **ત્**ને બદલે **ન્** થયો છે.

પહેલામાં વ્યંજન અને સ્વરની સંધિ થાય છે. બીજામાં અને ત્રીજામાં બે વ્યંજનોની સંધિ થાય છે. આ રીતે વ્યંજન પછી સ્વર કે વ્યંજન આવતાં બે અક્ષરોનું જે જોડાણ થાય તેને **વ્યંજનસંધિ** કહે છે.

સ્વરસંધિની માફક વ્યંજનસંધિ પણ સંસ્કૃત ભાષામાં જ થાય છે. ઉપર આપેલા શબ્દો પણ સંસ્કૃત ભાષાના જ છે. પરંતુ એવા સંસ્કૃત શબ્દો ગુજરાતીમાં ઘણા હોવાથી, તે શબ્દોના અર્થ અને રચના સમજવા માટે વ્યંજનસંધિના નિયમો જાણવાની જરૂર છે.

સંસ્કૃતમાં ઘણા શબ્દોનો છેલ્લો અક્ષર વ્યંજન હોય છે. ઉપરનો **જગત્** શબ્દ એનો નમૂનો છે. એવા બીજા શબ્દો: **યુવાન્**, **વિદ્વાન્**, **મહાન્**. ગુજરાતીમાં વપરાતાં આ શબ્દોનો છેલ્લો અક્ષર ખોડો લખાતો નથી : **જગત**, **યુવાન**, **વિદ્વાન**, **મહાન**. આ ભેદ ધ્યાનમાં રાખવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

નીચેના શબ્દોની સંધિ તપાસો :—

જગત્ + પતિ = જગત્પતિ અપ્ + સરા = અપ્સરા વાક્* + પતિ = વાક્પતિ દિક્* + કાલ = દિક્કાલ ષટ્* + કોણ = ષટ્કોણ	આ શબ્દોની સંધિ થતાં વ્યંજનોમાં કંઈ પણ ફેરફાર થયો નથી.

શરદ્ + પૂર્ણિમા = શરત્પૂર્ણિમા	દ્ નો ત્ થયો છે.
આપદ્ + કાળ = આપત્કાળ	દ્ નો ત્ થયો છે.

પહેલા વિભાગમાં પહેલા શબ્દનો છેલ્લો અક્ષર અને બીજા શબ્દનો પહેલો અક્ષર બંને **અઘોષ** (કઠોર) વ્યંજનો છે. તે જોડાતાં કંઈ ફેરફાર થયો નથી. બીજા વિભાગમાં પહેલા શબ્દનો છેલ્લો અક્ષર **ઘોષ** (મૃદુ) વ્યંજન છે, અને બીજા શબ્દનો પહેલો અક્ષર **અઘોષ** વ્યંજન છે. તે જોડાતાં ઘોષ વ્યંજનને બદલે તેના જ વર્ગનો અઘોષ વ્યંજન બન્યો છે.

સંસ્કૃતમાં આ વિષે નિયમ આ પ્રમાણે છે :—(૧) અનુનાસિક સિવાયના કોઈ પણ વર્ગીય વ્યંજન પછી જો કોઈ અઘોષ (કઠોર) વ્યંજન આવે તો તે વર્ગીય વ્યંજનને બદલે તેના જ વર્ગનો પહેલો વ્યંજન બને.

* મૂળ સંસ્કૃત શબ્દો **વાચ્**, **દિશ્** અને **ષષ્** છે. સંસ્કૃતમાં એવો નિયમ છે કે શબ્દને છેડે **ચ્**, **જ્** કે **શ્** આવે તો તેમને બદલે **ક્** થાય; અને **ષ્** આવે તો તેને બદલે **ટ્** થાય. આવી રીતે સંધિ સમજવામાં મૂળ સંસ્કૃત શબ્દો અને તેમનાં રૂપો જાણવાની જરૂર પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

હવે આ શબ્દોની સંધિ તપાસો :—

દિક્ + અંબર = દિગંબર	ક્ નો ગ્ થયો છે.
સત્ + આચાર = સદાચાર	ત્ નો દ્ થયો છે.
દિક્ + વિજય = દિગ્વિજય	ક્ નો ગ્ થયો છે.
સત્ + ગુણ = સદ્‌ગુણ	ત્ નો દ્ થયો છે.

પહેલા બે શબ્દોમાં અઘોષ વ્યંજન પછી સ્વર આવેલો છે, અને બીજા બે શબ્દોમાં અઘોષ વ્યંજન પછી ઘોષ વ્યંજન આવેલો છે. આ ચારેયની સંધિ થતાં અઘોષ વ્યંજનને બદલે તેના વર્ગનો ત્રીજો અક્ષર બન્યો છે.

નિયમ આ પ્રમાણે છે:—(૨) અનુનાસિક સિવાયના કોઈ પણ વર્ગીય વ્યંજન પછી જો કોઈ સ્વર અથવા ઘોષ (મૃદુ) વ્યંજન આવે, તો તે વર્ગીય વ્યંજનને બદલે તેના વર્ગનો ત્રીજો અક્ષર બને.

[૪]

આ શબ્દોની સંધિ જુઓ :—

સત્ + મતિ = સન્મતિ	ત્ નો ન્ થયો છે.
તદ્ + મય = તન્મય	દ્ નો ન્ થયો છે.
વાક્ + મય = વાઙ્મય	ક્ નો ઙ્ થયો છે.
ષટ્ + માસ = ષણ્માસ	ટ્ નો ણ્ થયો છે.

અહીં વર્ગીય વ્યંજન પછી અનુનાસિક વ્યંજન આવતાં, તે વર્ગીય વ્યંજનને બદલે તેના વર્ગનો અનુનાસિક વ્યંજન બન્યો છે.

નિયમ (૩): — અનુનાસિક સિવાયના કોઈ પણ વર્ગીય વ્યંજન પછી જો અનુનાસિક વ્યંજન આવે, તો તે વર્ગીય વ્યંજનને બદલે તેના વર્ગનો અનુનાસિક વ્યંજન બને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫]

આ શબ્દોની સંધિ તપાસો :—

સમ્ + ચય = સંચય

સમ્ + તાન = સંતાન

સમ્ + વાદ = સંવાદ

સમ્ + હાર = સંહાર

અહીં **મ્** પછી વ્યંજનો આવતાં, **મ્**નો અનુસ્વાર થયો છે.

નિયમ (૪) :—**મ્** પછી કોઈ પણ વ્યંજન આવે તો **મ્**નો અનુસ્વાર થાય.

હવે આ શબ્દો જુઓ :—

તદ્ + લીન = તલ્લીન	દ્ નો લ્ થયો છે.
ઉદ્ + લેખ = ઉલ્લેખ	,,

નિયમ (૫) :— ત – વર્ગના કોઈ પણ વ્યંજન પછી જો લ્ આવે, તો તે ત – વર્ગના વ્યંજનને બદલે લ્ થાય.

[૬]

નીચેના શબ્દોની સંધિ તપાસો :—

(૧) પ્રાતસ્ + સ્મરણ = પ્રાતઃસ્મરણ	સ્ નો વિસર્ગ થયો છે.
નિસ્ + શ્વાસ = નિઃશ્વાસ	,,
નિસ્ + સ્વાર્થ = નિઃસ્વાર્થ	,,

નિયમ (૬) :— સ્ કે ર્ પછી જો શ્, ષ્, કે સ્ આવે તો તે સ્ કે ર્નો વિસર્ગ થાય.*

(૨) મનસ્ + હર = મનઉ + હર = મનોહર

*સંસ્કૃતમાં એવો નિયમ છે કે પદને છેડે સ્ કે ર્ આવે તો તે સ્ કે ર્નો હંમેશ વિસર્ગ થાય. અને એવા વિસર્ગવાળા પદ પછી જો સ્વર કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરસ્ + વર = સરઉ + વર = સરોવર

નિયમ (૭):— **સ્** ની પહેલાં જો **અ** હોય અને પછી કોઈ ઘોષ વ્યંજન આવે તો તે **સ્** નો ઉ થાય. તે ઉ અગાઉના **અ** સાથે ભળતાં **ઓ** થાય.

(૩) નિસ્ + અક્ષર = નિર્ + અક્ષર = નિરક્ષર
દુસ્ + આચાર = દુર્ + આચાર = દુરાચાર
ધનુસ્ + વિદ્યા = ધનુર્ + વિદ્યા = ધનુર્વિદ્યા

નિયમ (૮):— **સ્** ની પહેલાં **અ** કે **આ** સિવાયનો કોઈ સ્વર હોય અને તેની પછી કોઈ સ્વર કે ઘોષ વ્યંજન આવે, તો તે **સ્** નો **ર્** થાય.

(૪) નિસ્ + ફળ = નિષ્ફળ
દુસ્ + કાળ = દુષ્કાળ

નિયમ (૯):— **સ્** ની પહેલાં ઈ કે ઉ હોય અને પછી જો ચ-વર્ગ કે ટ-વર્ગ સિવાયનો કોઈ અઘોષ વ્યંજન આવે, તો સ્ નો ષ્ થાય.

(૫) નિર્ + રોગી = નીરોગી | નિર્ + રસ = નીરસ

નિયમ (૧૦):— **ર્** પછી **ર્** આવે તો પ્રથમનો **ર્** ઊડી જાય, અને તેની પહેલાંનો સ્વર હ્રસ્વ હોય તો દીર્ઘ થાય.

સ્વાધ્યાય

૧ ઘોષ, અઘોષ અને અનુનાસિક વ્યંજનોની યાદી કરો.
૨ નીચેના શબ્દોની સંધિ કરો:— સત્ + કાર્ય; સત્ + ઉપદેશ;

વ્યંજન આવે તેની સંધિ **વિસર્ગસંધિ** કહેવાય છે. પરંતુ ગુજરાતીમાં છેડે વિસર્ગવાળાં પદો વપરાતાં નથી. માત્ર કેટલાક શબ્દોની અંદર વિસર્ગ હોય છે. અને બે સંસ્કૃત શબ્દો જોડાતાં વિસર્ગસંધિ બને છે. તેથી અહીં વિસર્ગસંધિ નહિ આપતાં, સ્ અને ર્ને વ્યંજન ગણીને તેમની સંધિના ખાસ ઉપયોગી નિયમો વ્યંજનસંધિ તરીકે આપ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્ + ધર્મ; સત્ + બુદ્ધિ; આપદ્ + કાલ; દિક્ + પાલ; જગત્ + ગુરુ; વાચ્ + દાન; સમ્ + પૂર્ણ; અલમ્ + કાર; ઉત્ + કંઠા; સત્ + નારી; પશ્ચાત + તાપ.

૩ નીચેના શબ્દોની સંધિ છૂટી પાડો :— સદ્ભાવ, જગદંબા, ઉદ્યોગ, ભગવત્સ્મરણ, સંવાદ, જગત્પિતા, સદ્ધર્મ, ઉચ્ચાર, સન્માન, સદુપયોગ, મહત્તા, પશ્ચાદ્ભૂમિ, દિઙ્મૂઢ.

૪ નીચેના શબ્દોની સંધિ કરો :— ઋચ્ + વેદ; પુનર્ + ઉક્તિ; ઉદ્ + લંઘન; નિર્ + અક્ષર; નિસ્ + કામ; ભગવત્ + ઇચ્છા; નિર્ + રવ; દુસ્ + બળ.

૫ નીચેના શબ્દોની સંધિ છૂટી પાડો :— વિદ્વત્સભા, તપોવન, મનોયત્ન, દુષ્કાળ, શ્વાસોચ્છ્વાસ, દુરાચાર, નિસ્તેજ, મનોહર, તેજોવધ, નિર્દોષ, ચતુર્ભુજ, નિઃસ્વાર્થ, નીરોગી.

પાઠ પાંચમો

શબ્દોનો ઇતિહાસ

[૧]

પેન, પેણ, કલમ, લેખણ, લેખણી, લેખની, લેખિની — આ બધા શબ્દોનો એક જ અર્થ છે: લખવાનું સાધન. અર્થ એક હોવા છતાં જુદા જુદા શબ્દો કેવી રીતે બન્યા હશે?

આજે 'પેન' શબ્દથી આપણે 'ફાઉન્ટન પેન' સમજીએ છીએ. પણ જ્યારે પહેલવહેલી પેન આપણા દેશમાં આવી, ત્યારે તે પથ્થરની હતી. તેના વડે સ્લેટ ઉપર ધોળા અક્ષર લખાતા. આ 'સ્લેટ' અને 'પેન' બોલતાં ન આવડે, એટલે લોકો 'સિલેટ' અને 'પેણ' બોલતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ રીતે 'પેન'નું 'પેણ' થયું. સારું ભણેલા લોકો 'પેન' બોલે, અને થોડું ભણેલા કે અભણ લોકો 'પેણ' બોલે!

એ જ રીતે 'લેખિની' બોલતાં ન આવડે, એટલે લોકો 'લેખની' બોલતા. તેમાંથી 'લેખણી' અને 'લેખણ' એવા શબ્દો થયેલા. 'પેન' શબ્દ સોએક વર્ષ ઉપર આવ્યો. તે પહેલાં 'લેખણ', 'લેખણી' કે 'લેખની' શબ્દો વપરાતા. બીજો શબ્દ 'કલમ' હતો.

'પેન' એ અંગ્રેજી ભાષાનો શબ્દ છે. 'કલમ' એ અરબી કે ફારસી ભાષાનો શબ્દ છે. 'લેખિની' એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે. પેણ, કલમ, લેખણ, લેખણી, લેખની — એ મૂળ શબ્દો ઉપરથી બનેલા ગુજરાતી શબ્દો છે. 'કલમ' બોલતાં કંઈ તકલીફ પડતી નથી. તેથી તેમાં કંઈ ફેરફાર થયો નથી. 'પેન' અને 'લેખિની' બોલતાં 'ન'નો 'ણ' થયો છે. અને 'ખિ'માંથી 'ઇ' વપરાતી બંધ થઈ છે.

અંગ્રેજી તે અંગ્રેજ લોકોની ભાષા. એ લોકોએ આપણા દેશ પર દોઢસો વર્ષ રાજ્ય કર્યું. અરબી કે ફારસી તે મુસલમાનોની મૂળ ભાષા. એ લોકો અરબસ્તાન, ઈરાન, તુર્કસ્તાન વગેરે દેશોના વતની હતા. તેમણે આપણા દેશના જુદા જુદા ભાગોમાં જુદે જુદે વખતે, આશરે એક હજાર વર્ષ રાજ્ય કર્યું. સંસ્કૃત તે આર્ય લોકોની ભાષા. એ લોકો પાંચેક હજાર વર્ષ ઉપર આ દેશમાં મધ્ય એશિયામાંથી આવેલા.

આ રીતે 'લેખિની' એ સૌથી જૂનો શબ્દ ગણાય. અને 'પેણ' એ સૌથી નવો શબ્દ ગણાય. બાકીના શબ્દો એ બેની વચ્ચેના સમયના ગણાય.

[૨]

આજથી હજારેક વર્ષ ઉપર અમદાવાદની ઉત્તરે આવેલા હાલના પાટણ શહેર નજીક ગુર્જર જાતિના લોકોએ પોતાનું રાજ્ય સ્થાપેલું. તે લોકોના તાબાના દેશનું નામ ગુર્જરરાષ્ટ્ર પડેલું. 'ગુર્જરરાષ્ટ્ર'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સંસ્કૃત શબ્દ છે. એ ઉપરથી **ગુજરાત** શબ્દ બન્યો.

આબુથી દમણ સુધી અને કચ્છથી દાહોદ સુધીનો પ્રદેશ તે હાલનો ગુજરાત પ્રદેશ. એ પ્રદેશના વતનીઓ હાલ જે ભાષા બોલે છે તેનું નામ **ગુજરાતી.**

ગુજરાત એ હાલના મુંબઈ રાજ્યનો એક ભાગ છે. એ રીતે મહારાષ્ટ્ર પણ મુંબઈ રાજ્યનો એક ભાગ છે. ત્યાંના વતનીઓની ભાષા **મરાઠી** (મહારાષ્ટ્રી) કહેવાય છે. એ રીતે બંગાળ રાજ્યના વતનીઓની ભાષા તે **બંગાળી.** એમ જુદા જુદા પ્રદેશો મળીને જે એક મોટો દેશ બન્યો છે. તેને **ભારત** કે **હિંદ** એ નામથી આપણે ઓળખીએ છીએ.

ગુજરાતમાં ગુર્જરોનું રાજ્ય ઈ. સ. ૯૬૧ થી ઈ. સ. ૧૩૦૦ સુધી ચાલેલું. ત્યાર પછી મુસલમાનોનું રાજ્ય આવ્યું. તે ઈ. સ. ૧૮૦૦ સુધી (પાંચસો વર્ષ) ચાલ્યું. અને ત્યાર પછી ઈ. સ. ૧૯૪૭ સુધી અંગ્રેજોનું રાજ્ય રહ્યું.

ગુર્જરો પહેલાં આર્ય લોકોનું રાજ્ય હતું. તે લોકો **સંસ્કૃત** અને **પ્રાકૃત** ભાષાઓ બોલતા. તેમની પહેલાં ભીલ, કોળી, દૂબળા, આહિર, વગેરે લોકોની — દેશના મૂળ વતનીઓની ભાષા બોલાતી. એ ભાષાના ઘણા શબ્દો હાલની ગુજરાતી ભાષામાં આવ્યા છે. તે **દેશ્ય** શબ્દો કહેવાય છે. આર્યો પછી આવેલા ગુર્જર લોકોની ભાષાનું નામ **અપભ્રંશ** હતું. તે પછી આવી મુસલમાનોની **અરબી-ફારસી,** અને પછી આવી અંગ્રેજોની **અંગ્રેજી.** એમ **દેશ્ય, સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, અરબી-ફારસી,** અને **અંગ્રેજી** — એટલી મુખ્ય ભાષાઓના મૂળ અને વિકાર પામેલા શબ્દો વડે આપણી આજની ગુજરાતી ભાષા બનેલી છે. એને બનતાં ઓછામાં ઓછાં એક હજાર વર્ષ લાગ્યાં છે. આપણને સમજણ પડે એવી ગુજરાતી ભાષા તો ચારસોએક વર્ષ જેટલી જ જૂની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ કલમ — આ શબ્દના અર્થવાળા બીજા શબ્દો (આવડે તેટલા) લખો.

૨ લેખિની, પેન — આ શબ્દો કઈ ભાષાના છે ? તે ઉપરથી કયા કયા શબ્દો બન્યા છે ?

૩ ચોપડી — આને માટે ગુજરાતીમાં વપરાતા બીજા શબ્દો લખો. એ શબ્દો કઈ કઈ ભાષાઓમાંથી ગુજરાતીમાં આવ્યા ?

૪ ગુજરાતી ભાષા કયા પ્રદેશમાં બોલાય છે, તે નકશો દોરી બતાવો.

૫ ગુજરાતી ભાષા બનતાં કેટલાં વર્ષ થયાં હશે ? તેમાં કઈ કઈ ભાષાના શબ્દો વપરાય છે ?

૬ ભારત દેશની મુખ્ય ભાષાઓ ગણાવો. તેમાંની કઈ ભાષાને ‘ રાષ્ટ્રભાષા ’ કહે છે ? કઈ કઈ ભાષા ગુજરાતની પડોશમાં બોલાય છે ?

પાઠ છઠ્ઠો

શબ્દોના પ્રકાર — તત્સમ, તદ્‌ભવ અને દેશ્ય

[૧]

(૧) સૂર્ય, માર્ગ, મંત્ર. (૨) સૂરજ, મારગ, મંતર. — આ બધા શબ્દો ગુજરાતી ભાષાના છે. (૧)ના શબ્દો મૂળ સંસ્કૃત છે. તે અશુદ્ધ રીતે બોલાતાં (૨)ના શબ્દો બને છે.

હવે આ શબ્દો જુઓ. હસ્ત (સંસ્કૃત); હત્થ (પ્રાકૃત); હત્થુ (અપભ્રંશ); હાથ (ગુજરાતી). — આમ મૂળ સંસ્કૃત શબ્દ ‘ હસ્ત ’ ઉપરથી ‘ હાથ ’ શબ્દ બનેલો છે. પરંતુ તે પ્રાકૃત અને અપભ્રંશ ભાષાઓ દ્વારા ગુજરાતીમાં આવ્યો છે. એમ ‘ હસ્ત ’ શબ્દ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજાર કરતાં પણ વધારે વર્ષો વપરાયા પછી હાલનો 'હાથ' શબ્દ બન્યો છે. એની સરખામણીમાં સૂરજ, મારગ, મંતર, એ શબ્દો સંસ્કૃતમાંથી સીધા બન્યા છે.

શબ્દોનાં મૂળ શોધતાં શોધતાં, શબ્દો કેવી રીતે બને છે તે બતાવનારું શાસ્ત્ર રચાયું છે. તેને **શબ્દશાસ્ત્ર** કે **વ્યુત્પત્તિશાસ્ત્ર** કહે છે. એ શાસ્ત્રમાં સંસ્કૃતને મૂળ ભાષા ગણવામાં આવે છે. અને જે સંસ્કૃત શબ્દો મૂળ રૂપમાં આપણે વાપરીએ છીએ તેમને **તત્સમ** શબ્દો કહેવામાં આવે છે. તત્ = તે = મૂળ સંસ્કૃત. સમ = જેવું. તત્સમ એટલે મૂળ સંસ્કૃતના જેવું. એ રીતે સૂર્ય, માર્ગ, મંત્ર, હસ્ત — એ તત્સમ શબ્દો કહેવાય. ગયા પાઠનો 'લેખિની' શબ્દ પણ તત્સમ કહેવાય.

સૂરજ, મારગ, મંતર, હાથ — એ શબ્દો તત્સમ ઉપરથી થયેલા છે. તેથી એવા શબ્દોને **તદ્ભવ** શબ્દો કહે છે. મૂળ સંસ્કૃત ઉપરથી બનેલા તે તદ્ભવ.

સૂર્ય ઉપરથી સૂરજ, માર્ગ ઉપરથી મારગ — આ ફેરફાર સમજવા સહેલા છે. પણ હસ્ત ઉપરથી હાથ — આ ફેરફાર સમજતાં વિચાર કરવો પડે છે. એ રીતે જો આપણે સંસ્કૃત ભાષા જાણતાં હોઈએ, તો કેટલાક તદ્ભવ શબ્દો ઝટ ઓળખાય. પણ કેટલાક તદ્ભવ શબ્દો ઓળખવા માટે તો વ્યુત્પત્તિશાસ્ત્ર જાણવું પડે.

[૨]

આ શબ્દો વાંચો. આપણે તે વાપરીએ છીએ ?

(૧) અત્તર, નજર, ખબર, તકરાર, દુનિયા	અરબી
(૨) અવાજ, અંદર, અંજીર, દરિયો, પ્યાલો	ફારસી
(૩) કોટ, પાટલૂન, બાટલી, બટન, રસીદ	અંગ્રેજી
(૪) ચા, કૉફી, ચાવી, બટાટા, તમાકુ, મોસંબી	પોર્ટુગીઝ
(૫) ડુંગર, પેટ, બાપ, ટીપું, ઝાડ, બપૈયો	દેશ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

66 ગ ૪૧ III ૨૮૭૭૨

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બધા શબ્દો આપણે વાપરીએ છીએ. તે કઈ કઈ ભાષામાંથી આવેલા છે તે બીજા ખાનામાં બતાવ્યું છે. એ ઉપરથી સમજાય છે કે જે જે પરદેશી લોકો આપણા દેશમાં આવી વસ્યા તે તે લોકોની ભાષાના શબ્દો આપણી ભાષામાં દાખલ થયા છે. અને જેમ એ લોકો આપણી વસ્તીમાં ભળી ગયા છે તેમ આ શબ્દો આપણી જ ભાષાના બની ગયા છે.

આ શબ્દો પૈકી અરબી–ફારસી તે મુસલમાનો મારફતે આવેલા. અંગ્રેજી તે અંગ્રેજો મારફતે આવેલા. અંગ્રેજો પહેલાં તેમના પડોશી પોર્ટુગલ દેશના પોર્ટુગીઝ કે ફરંગી લોકો આવેલા. તે અને તે સૌની પહેલાંના આર્ય લોકો — એ બધા પરદેશી હતા. તે આવ્યા ત્યારે અહીં જે લોકો પહેલેથી હતા તેમની ભાષાના શબ્દોને **દેશ્ય** શબ્દો કહે છે. દેશ્ય શબ્દો એટલે દેશના મૂળ વતનીઓની ભાષાના શબ્દો. ખરી રીતે એ શબ્દો સૌથી જૂના ગણાય. એમનું મૂળ શોધી શકાતું નથી. તેથી તેમને ઓળખવા એ ઘણું અઘરું છે.

જેમ સંસ્કૃત શબ્દો આપણા વપરાશથી બદલાયા છે, તેમ બીજી ભાષાઓના શબ્દો પણ બદલાયા છે. દા. ત. 'અવાજ'નો મૂળ શબ્દ 'આવાજ' છે. 'પાટલૂન'નો મૂળ શબ્દ 'પૅંટેલૂન' છે. 'તમાકુ'નો મૂળ શબ્દ 'તબુકો' છે. એ રીતે બીજી ભાષાઓના બદલાયેલા શબ્દોને **તદ્ભવ** કહી શકાય. પરંતુ **તદ્ભવ** શબ્દ સંસ્કૃતમાંથી બનેલા શબ્દોને માટે જ વપરાય છે, એ ધ્યાનમાં રાખવું.

આ રીતે વ્યુત્પત્તિશાસ્ત્રમાં શબ્દોના મુખ્ય ત્રણ પ્રકાર ઠરેલા છે:— **તત્સમ, તદ્ભવ** અને **દેશ્ય.** બાકીના **પરદેશી** શબ્દો સમજવા. એવા શબ્દોને કોઈ વિદ્વાનો **ઉછીના** શબ્દો પણ કહે છે.

સ્વાધ્યાય

૧ શબ્દોનું મૂળ શોધનાર શાસ્ત્રને શું કહે છે?

૨ શબ્દના મુખ્ય પ્રકાર ગણાવો. દરેક પ્રકાર દાખલા આપી સમજાવો.

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
ગુરુકુલ કાંગડી

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ નીચેના તત્સમ શબ્દો ઉપરથી બનતા તદ્ભવ શબ્દો લખો :— ધર્મ, ચંદ્ર, રાત્રિ, ક્ષેત્ર, હર્ષ, દંત, દશ, ગ્રામ, ગૃહ, અંક, મધુ, સર્પ, વર્ષ, બીજ, વધૂ, જ્યેષ્ઠ, ઉષ્ણ, ઉત્સવ, દીપાવલી.

૪* નીચેના શબ્દોના પ્રકાર કહો :—બાપ, મા, પાંચ, ફળ, ડાળી, સૂતર, પરંતુ, કુસુમ, ડુંગર, પૃષ્ઠ, પુરુષ, જીવન, આશા, આંખ, ગંધ, જ્ઞાન, અશ્રુ, પાઠ, આંસુ.

૫* નીચેના શબ્દો કઈ ભાષાના છે તે શોધી કાઢો :— ચાવી, કોટ, પેટી, શીશી, શાક, બાટલી, ખમીસ, પ્યાલો, રકાબી, ટેબલ, ખુરસી, કાગળ, પેનસિલ, મોસંબી.

પાઠ સાતમો

કૃત્ અને તદ્ધિત પ્રત્યયો

[૧]

નીચેના શબ્દોમાં કયો મૂળ શબ્દ વપરાયો છે ?

(૧) બોલતો, બોલ્યો, બોલેલો, બોલનાર

(૨) બોલ, બોલી, બોલીને, બોલકણું

એ બધા શબ્દોમાં 'બોલ' શબ્દ વપરાયો છે. 'બોલ' એ 'બોલવું' ક્રિયાપદનો ધાતુ છે. એ ઉપરથી સમજાય છે કે 'બોલવું' એ મૂળ શબ્દ છે, અને તેમાં ફેરફાર થવાથી બીજા શબ્દો બન્યા છે.

મૂળ શબ્દને **સિદ્ધ** શબ્દ કહે છે. તે ઉપરથી બનેલા શબ્દને **સાધિત** શબ્દ કહે છે. સિદ્ધ એટલે એની મેળે બનેલો. એનું મૂળ જડી શકે નહિ. સાધિત એટલે બનાવેલો.

---

* આ પ્રશ્નોના ઉત્તર માટે કોઈ સારા શબ્દકોષનો ઉપયોગ કરવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે કેટલાક શબ્દો **મૂળ** કે **સિદ્ધ** હોય છે, અને કેટલાક શબ્દો **સાધિત** હોય છે.

[૨]

ઉપરના શબ્દોમાંથી 'બોલ' શબ્દ છૂટો પાડીએ :—

(૧) બોલ + તો; બોલ + યો; બોલ + એલો; બોલ + નાર.

(૨) બોલ; બોલ × ઈ; બોલ × ઈને; બોલ × કણું.

આ ઉપરથી સમજાય છે કે મૂળ 'બોલ' ધાતુને છેડે તો, યો, એલો, વગેરે અક્ષરો ઉમેરવાથી બોલતો, બોલ્યો, બોલેલો, વગેરે શબ્દો બન્યા છે. મૂળ શબ્દને છેડે ઉમેરાતા આવા અક્ષર કે અક્ષરોને **પ્રત્યય** કે **અનુગ** કહે છે. પ્રત્યય એક અક્ષરનો હોય, કે એકથી વધારે અક્ષરોનો પણ હોય.

ઉપરના પ્રત્યયો ક્રિયાપદને લાગેલા છે. એવા પ્રત્યયોને **કૃત પ્રત્યયો** કહે છે. કૃત એટલે ક્રિયાપદને લાગેલા. જે પદને કૃત પ્રત્યય લાગે તે **કૃદંત** કહેવાય છે. ઉપર 'બોલ' સિવાયનો દરેક શબ્દ કૃદંત છે.

(૧) માંનાં કૃદંતો કાળવાચક છે. તે ક્રિયાપદના કાળનાં રૂપો બનાવવામાં ખાસ કરીને વપરાય છે. પરંતુ નામ કે વિશેષણ તરીકે પણ એ વપરાય છે. આપણે એ વિશે શીખી ગયાં છીએ.

(૨) માં 'બોલ' શબ્દને પ્રત્યય લાગ્યો નથી. છતાં તે 'બોલ' ધાતુ કરતાં સ્વતંત્ર રીતે વપરાય છે. એનો અર્થ 'શબ્દ' કે 'અવાજ' થાય છે. આ રીતે 'બોલ' ધાતુ ઉપરથી 'બોલ' નામ બન્યું છે.

'બોલી' એટલે ભાષા. ઘણાં માણસોના બોલ તે બોલી. એ પણ નામ છે.

'બોલીને' એટલે બોલવાની ક્રિયા કર્યા પછી. એ અવ્યય તરીકે વપરાય છે.

'બોલકણું' એટલે બહુ બોલવાની ટેવવાળું. એ વિશેષણ છે.

આ ઉપરથી સમજાય છે કે ક્રિયાપદને કૃત પ્રત્યય લાગવાથી નામ, વિશેષણ કે અવ્યય બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

નીચેના કોઠામાં પહેલા ખાનાના શબ્દો વાંચો. એ શબ્દો કયા પ્રકારના છે અને તેમાં કયા પ્રત્યયો ભળેલા છે તે બીજાં ખાનાંમાં બતાવ્યું છે. તેનો અભ્યાસ કરો :—

શબ્દ	તેનો પ્રકાર	પ્રત્યય	મૂળ શબ્દ	તેનો પ્રકાર
બાળ	નામ	—	બાલ (સં.)	નામ
બાલક	,,	બાલ-**ક**	,,	,,
બાળક	,,	બાળ-**ક**	બાળ	,,
બાલ્ય	,,	બાલ-**ય**	બાલ	,,
બાળપણ	,,	બાળ-**પણ**	બાળ(ક)	,,
બાલિશ	વિશેષણ	બાલ-**ઇશ**	બાલ	,,
મોટાઈ	નામ	મોટ-**આઈ**	મોટું	વિશેષણ
મોટપણ	,,	મોટ-**પણ**	મોટું	વિશેષણ
મોટાપણું	,,	મોટા-**પણું**	,,	,,

પહેલા વિભાગમાં મૂળ 'બાલ' ઉપરથી બનેલા શબ્દો આપ્યા છે. તેમાં છેલ્લો શબ્દ વિશેષણ છે, અને બાકીના શબ્દો નામ છે. આ ઉપરથી સમજાય છે કે નામ ઉપરથી નામ અને વિશેષણ બને છે.

બીજા વિભાગમાં મૂળ 'મોટું' ઉપરથી બનેલા શબ્દો આપ્યા છે. 'મોટું' વિશેષણ છે. તે ઉપરથી બનેલા બધા શબ્દો નામ છે. આ ઉપરથી સમજાય છે કે વિશેષણ ઉપરથી નામ બને છે.

નામ અને વિશેષણ ઉપરથી નવા શબ્દો બનતાં મૂળ શબ્દને કેવા કેવા પ્રત્યયો લાગ્યા છે તે ત્રીજા ખાનામાં બતાવ્યું છે. એ પ્રત્યયોને **તદ્ધિત પ્રત્યયો** કહે છે. જે પ્રત્યય ક્રિયાપદ સિવાયનાં પદોને, એટલે નામ, સર્વનામ, વિશેષણ કે અવ્યયને લાગે છે, તે તદ્ધિત પ્રત્યય કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બાલ' ઉપરથી બનેલા શબ્દો ફરીથી જુઓ. એમાં 'બાલ' અને 'બાલક' એ સંસ્કૃત શબ્દો છે. તે ઉપરથી ગુજરાતીમાં 'બાળ' અને 'બાળક' બને છે. એ ઉપરથી 'બાળપણુ' એવું ભાવવાચક નામ બન્યું છે. એને માટે સંસ્કૃત શબ્દ 'બાલ્ય' છે. તે જ રીતે 'બાલિશ' એ શુદ્ધ સંસ્કૃત શબ્દ છે, અને એ જ રૂપમાં તે ગુજરાતીમાં વપરાય છે. આ રીતે સંસ્કૃતના અનેક તત્સમ અને તદ્ભવ શબ્દો આપણે વાપરીએ છીએ.

[૪]

કૃત અને તદ્ધિત પ્રત્યયો લાગીને બનેલા કેટલાક શબ્દો નીચેના કોઠામાં આપ્યા છે. તે દરેક શબ્દમાંથી પ્રત્યયો કેવી રીતે છૂટા પાડ્યા છે, તેનો અભ્યાસ કરો :—

કૃત પ્રત્યયો			તદ્ધિત પ્રત્યયો		
શબ્દ (પ્ર.)	શબ્દ+પ્રત્યય	મૂળ શબ્દ(ક્રિ.)	શબ્દ (પ્ર.)	શબ્દ+પ્રત્યય	મૂળશબ્દ(પ્ર.)
જમણ(ના.	જમ+અણ	જમવું	મીઠાશ(ના.)	મીઠ+આશ	મીઠું (વિ.)
લડાઈ (ના.)	લડ+આઈ	લડવું	મીઠાઈ(ના.)	મીઠ+આઈ	,,
લડત (ના.)	લડ+અત	લડવું	સુંદરતા(ના.)	સુંદર+તા	સુંદર (વિ.)
દેખાવ(ના.)	દેખ+આવ	દેખવું	સૌંદર્ય(ના.)	સુંદર+ય	,,
આવક(ના.)	આવ+અક	આવવું	ઠંડક (ના.)	ઠંડ+અક	ઠંડું (વિ.)
ભણતર(ના.	ભણ+તર	ભણવું	જાદુગર(ના.)	જાદુ+ગર	જાદુ (ના.)
પાથરણું(ના.)	પાથર+અણું	પાથરવું	માસિક(વિ.)	માસ+ઇક	માસ (ના.)
કમાઉ (વિ.)	કમા+આઉ	કમાવું	મુખ્ય (વિ.)	મુખ+ય	મુખ(ના.)

આ ઉપરથી સમજાય છે કે :—(૧) કૃત પ્રત્યયો ક્રિયાપદના ધાતુને લાગે છે. એટલે શબ્દમાંથી ધાતુ છૂટો પાડીએ તો કૃત પ્રત્યય બાકી રહે. (૨) એ જ રીતે, તદ્ધિત પ્રત્યયો મોટે ભાગે નામ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષણને લાગે છે. એ નામ કે વિશેષણ છૂટું પાડીએ એટલે તદ્ધિત પ્રત્યય બાકી રહે.

આ દાખલા સાદા છે. તેમાંના ઘણામાં પ્રત્યયો લાગતાં મૂળ શબ્દમાં ખાસ ફેરફાર થયો નથી. માત્ર થોડામાં જ સહેજ ફેરફાર થયેલો છે. પરંતુ જેમ જેમ આ રીતે પ્રત્યયો છૂટા પાડીને શબ્દોનો અભ્યાસ કરતાં જઈશું તેમ તેમ આપણને સમજાશે કે પ્રત્યયો લાગતાં મૂળ શબ્દોમાં ઘણા ફેરફાર થાય છે. આ વિશે તમે આગળ જતાં શીખશો.

સ્વાધ્યાય

૧ પ્રત્યય એટલે શું? એને માટે બીજો કયો શબ્દ વપરાય છે?

૨ રમવું — એ કયા પ્રકારનો શબ્દ છે? તે ઉપરથી આવડે તેટલા શબ્દો બનાવો અને તેમના પ્રકાર ઓળખો.

૩ તદ્ધિત પ્રત્યયો કયા કયા પ્રકારના શબ્દોને લાગે? નીચેના શબ્દોના પ્રકાર કહો અને તે દરેક શબ્દ ઉપરથી આવડે તેટલા નવા શબ્દો બનાવો :— રાતું, ઊંચું, સોનું, ઉપર, નમ્ર, ચાલાક, મંદ, સ્વદેશ, સોદો, સૂતર, આગળ, ગરમ, હિંદ, ડાહ્યો, ટાઢું, વર્ષ, ભાડું, નાનું, પાછળ.

૪ નીચેના શબ્દોમાંથી પ્રત્યયો છૂટા પાડો અને તે પ્રત્યયોના પ્રકાર કહો :— જુદાઈ, દયાળુ, ઊંડાણ, ભુલકણું, સુખી, માગણી, બેઠક, નોકરી, દળણું, ભજન.

૫ નીચેના શબ્દો ઉપરથી માગ્યા પ્રમાણે શબ્દો બનાવો :—

(ક) ખાવું, મેળવવું, ચાલવું	(નામ બનાવો.)
(ખ) ઊડવું, શીખવું, વેચવું	(વિશેષણ બનાવો.)
(ગ) ખાટું, ભલું, ગામ	(નામ બનાવો.)
(ઘ) દેશ, દુઃખ, કપટ	(વિશેષણ બનાવો.)
(ઙ) કાપણી, વપરાશ, બચત	(ક્રિયાપદ બનાવો.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬ તમારા પાઠ્ય પુસ્તકમાંથી કૃત્ અને તદ્ધિત પ્રત્યયોવાળા પાંચ પાંચ શબ્દો શોધી કાઢો.

પાઠ આઠમો

પૂર્વગો

[૧]

નીચેના કોઠાનો અભ્યાસ કરો :—

શબ્દ	શબ્દનો અર્થ	શબ્દના વિભાગ	પહેલા વિભાગનો અર્થ
જ્ઞાન	જાણવું તે	—	—
અજ્ઞાન	જ્ઞાન નહિ તે	અ – જ્ઞાન	અ = નહિ
અતિજ્ઞાન	ઘણું જ્ઞાન	અતિ – જ્ઞાન	અતિ = ઘણું
જન	માણસ	—	—
સજ્જન	સારો માણસ	સત્ – જન	સત્ = સારું
દુર્જન	ખરાબ માણસ	દુર્ – જન	દુર્ = ખરાબ

પહેલા ખાનામાં 'જ્ઞાન' અને 'જન' ઉપરથી બનેલા બબ્બે શબ્દો આપ્યા છે. એ શબ્દોનાં અર્થ એકબીજાથી ઊલટા છે. મૂળ શબ્દોના અર્થ બદલવા માટે તેમની પહેલાં કેટલાક અક્ષરો લગાડ્યા છે. આ અક્ષરોને **પૂર્વગ** કહે છે. પૂર્વ = પહેલાં; ગ = ગયેલો, રહેલો. જે અક્ષર કે અક્ષરો શબ્દની પહેલાં લાગે તે **પૂર્વગ**.

મૂળ શબ્દને પૂર્વગ કે પ્રત્યય લાગવાથી તેના અર્થમાં ફેરફાર થાય છે. આ રીતે જુદા જુદા અર્થવાળા શબ્દો બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

નીચેના કોઠામાં શબ્દોને લાગેલા પૂર્વગો જુઓ :—

	શબ્દ	શબ્દનો અર્થ	શબ્દના વિભાગ	પૂર્વગ—તેનો અર્થ
૧	અભણ (વિ.)	ભણેલો નહિ તેવો	અ – ભણ	અ = નહિ
	અનેક (વિ.)	એક નહિ તેવા (ઘણા)	અન – એક	અન = નહિ
	અણસમજ (ન.	સમજ નહિ તે	અણ – સમજ	અણ = નહિ
૨	સતેજ (વિ.)	તેજવાળું	સ – તેજ	સ = સાથે, વાળું
	સુવાસ (ના.)	સારી વાસ (ગંધ)	સુ – વાસ	સુ = સારું
	સહવાસ (ના.)	સાથે રહેવું તે	સહ – વાસ	સહ = સાથે
૩	કુટેવ (ના.)	ખરાબ ટેવ	કુ – ટેવ	કુ = ખરાબ
	કટેવ (ના.)	,,	ક – ટેવ	ક = ખરાબ
૪	નાલાયક (વિ.)	લાયક નહિ તે	ના – લાયક	ના = નહિ ,
	દરરોજ (અ.)	એકેએક દિવસ	દર – રોજ	દર = એકેએક
	બેહદ (વિ.)	જેને હદ નહિ તેવું	બે – હદ	બે=નહિ;વિનાનું
	અનહદ (વિ.)	,,	અન – હદ	અન = નહિ
	ગેરસમજ (ના.)	ખોટી સમજ	ગેર – સમજ	ગેર=ખોટું, ઊલટું

મોટા ભાગના ગુજરાતી શબ્દો સંસ્કૃતમાંથી આવેલા છે. અને પૂર્વગ અને પ્રત્યય એ શબ્દો પણ સંસ્કૃત છે. એટલે ગુજરાતી શબ્દોને લાગેલા પૂર્વગો અને પ્રત્યયો પણ મોટે ભાગે સંસ્કૃત (તત્સમ અને તદ્ભવ) હોય છે. ઉપરના કોઠામાં પહેલા ત્રણ વિભાગમાં તત્સમ અને તદ્ભવ પૂર્વગોના થોડા નમૂના આપ્યા છે. અણ, ક, એ તદ્ભવ પૂર્વગો છે. બાકીના બધા તત્સમ છે.

કોઠાના ચોથા વિભાગના બધા શબ્દો અને તેમને લાગેલા પૂર્વગો અરબી–ફારસી ભાષાના છે. એ રીતે પરદેશી શબ્દોને પણ પૂર્વગો લાગે છે. વળી એક ભાષાના શબ્દને બીજી ભાષાનો પૂર્વગ લાગે એવું પણ બને છે. આ ધ્યાનમાં રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

સંસ્કૃતમાં જે પૂર્વગ ક્રિયાપદના ધાતુને કે તે ઉપરથી બનેલા શબ્દને લાગે તે **ઉપસર્ગ** કહેવાય છે. પરંતુ ઉપસર્ગો હંમેશાં એ રીતે જ વપરાતા નથી. તેથી પૂર્વગ અને ઉપસર્ગનો ભેદ પારખવો મુશ્કેલ છે. તેમ છતાં નીચેના પૂર્વગોને સંસ્કૃતમાં ઉપસર્ગો ગણેલા છે, અને ગુજરાતીમાં પણ તે ઉપસર્ગો ગણાય છે: — પ્ર, પરા, અપ, સમ્, અનુ, અવ, નિસ્ (નિર્), દુસ્ (દુર્), વિ, આ, નિ, અધિ, અતિ, સુ, ઉદ્, અભિ, પ્રતિ, પરિ, ઉપ.

કેટલાક સંસ્કૃત પૂર્વગો :— અ(અન, ન), અન્તર્, બહિર્, પુરસ્, ચિર, પશ્ચાત્, ઇતિ, કુ, પુરા, સ(સહ), અધસ્, નમસ્, સ્વ, પર. આ પૂર્વગોવાળા શબ્દો ગુજરાતીમાં વપરાય છે. એવા શબ્દો બનતાં સંધિના નિયમો લાગુ પડે છે. તેથી શબ્દોમાંથી પૂર્વગો અને ઉપસર્ગો છૂટા પાડતાં સંધિના નિયમો ધ્યાનમાં રાખવા.

ઉપસર્ગને પૂર્વગ કહેવામાં હરકત નથી. સંસ્કૃતમાં બધા પૂર્વગો અને ઉપસર્ગો અવ્યય ગણાય છે.

શબ્દોના અર્થ કરતી વખતે બનતા સુધી તેમના વિભાગ પાડી પૂર્વગો અને પ્રત્યયો ઓળખતાં રહેવું. એમ કરવાથી શબ્દો કેવી રીતે બને છે તે ધીમે ધીમે સમજાશે.

સ્વાધ્યાય

૧ અપૂર્વ, પૂર્વગ — આ બે શબ્દોમાંથી પૂર્વગ અને અનુગ છૂટા પાડો.

૨ નીચેના પૂર્વગો લગાડી બબ્બે શબ્દો બનાવો અને તે શબ્દોના અર્થ લખો: — અ, અતિ, સુ, પરિ, નિસ્.

૩ નીચેના શબ્દોમાંથી પૂર્વગો છૂટા પાડો અને તે શબ્દોના અર્થ લખો: — સ્વદેશ, ઉપવાસ, અપમાન, સરસ, કુકર્મ, અનુક્રમ, નિરાધાર, અનાદિ, કમનસીબ, સદ્ભાગ્ય, ગેરહાજર, બદબો.

૪ નીચેના શબ્દોને પૂર્વગો લગાડી આવડે તેટલા નવા શબ્દો બનાવો: — અર્થ, દેશ, મતિ, ગુણ, વાસ, જય, કારણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫ તમારે ચાલેલા કોઈ કાવ્યમાંથી પૂર્વગવાળા પાંચ શબ્દો એકઠા કરો અને તે દરેકને વાક્યમાં વાપરી બતાવો.

પાઠ નવમો

સમાસ

[૧]

નીચેનાં વાક્યોમાં જાડા અક્ષરવાળાં પદોનો અર્થ વિચારો :—

(૧) તે **ગેડી અને દડો** રમે છે.

(૨) તે **ગેડીદડો** રમે છે.

(૩) સિંહ **વનનો રાજા** કહેવાય છે.

(૪) સિંહ **વનરાજ** કહેવાય છે.

પહેલા વાક્યના **ગેડી અને દડો** એ ત્રણ શબ્દોનો અર્થ બીજા વાક્યમાં **ગેડીદડો** એ એક જ શબ્દથી બતાવ્યો છે. એવી જ રીતે ત્રીજા વાક્યના **વનનો રાજા** એ બે શબ્દોનો અર્થ ચોથા વાક્યમાં **વનરાજ** એ એક શબ્દથી બતાવ્યો છે.

આ રીતે બે કે બેથી વધારે શબ્દોને જોડીને બનાવેલા એક શબ્દને **સમાસ** કહે છે. જે શબ્દોનો સમાસ બનેલો હોય તે શબ્દો સમાસના અવયવો કહેવાય છે. પહેલો શબ્દ **પૂર્વપદ** અને છેલ્લો શબ્દ **ઉત્તરપદ** કહેવાય છે.

'ગેડીદડો' એટલે 'ગેડી અને દડો'; 'વનરાજ' એટલે 'વનનો રાજા.'. આ રીતે અવયવો છૂટા પાડી સમાસનો અર્થ સમજાવવાની ક્રિયાને **સમાસનો વિગ્રહ કરવો** એમ કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાસ ગમે તેટલા શબ્દોનો બનેલો હોય તો પણ તે એક શબ્દના રૂપમાં લખાય છે. તેના અવયવો છૂટા લખાતા નથી.

સમાસ વાપરવાથી શબ્દોની કરકસર થાય છે અને ભાષા સુંદર બને છે.

[૨]

નીચેના સમાસો જુઓ :—

માબાપ = મા અને બાપ	એકવીસ = એક અને વીસ
સીતારામ = સીતા અને રામ	બેચાર = બે અથવા ચાર
ઊઠબેસ = ઊઠ અને બેસ	ચારપાંચ = ચાર અથવા પાંચ

પહેલા ખાનાના ત્રણે સમાસમાં બંને પદ નામ છે. તેમની વચ્ચે **અને** મૂકવાથી સમાસનો વિગ્રહ થઈ શકે છે. બીજા ખાનાના ત્રણે સમાસમાં બંને પદ સંખ્યાવાચક વિશેષણ છે. તેમની વચ્ચે **અને** કે **અથવા** મૂકવાથી સમાસનો વિગ્રહ થઈ શકે છે.

આ રીતે જે સમાસનો વિગ્રહ કરતાં બે પદો વચ્ચે **અને**, **અથવા** જેવાં ઉભયાન્વયી અવ્યયો મૂકવાં પડે તે **દ્વંદ્વ સમાસ** કહેવાય છે. દ્વંદ્વ એટલે જોડકું. બે સરખા દરજ્જાનાં પદોનું જોડકું તે દ્વંદ્વ સમાસ.

[૩]

આ સમાસો જુઓ :—

પદભ્રષ્ટ = પદ**થી** ભ્રષ્ટ	પાંચમી વિભક્તિ
શનિવાર = શનિ**નો** વાર	છઠ્ઠી વિભક્તિ
વનવાસ = વન**માં** વાસ	સાતમી વિભક્તિ

આ સમાસોનો વિગ્રહ કરતાં પૂર્વપદને વિભક્તિનો પ્રત્યય લાગે છે. જે સમાસના પૂર્વપદને ઉત્તરપદ સાથે વિભક્તિનો સંબંધ હોય તે **તત્પુરુષ સમાસ** કહેવાય છે. ઉપરનો દરેક તત્પુરુષ સમાસ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪]

હવે આ સમાસો જુઓ :—

મહાત્મા	= મહા આત્મા	મોટો આત્મા
નવજીવન	= નવ જીવન	નવું જીવન
મિષ્ટાન્ન	= મિષ્ટ અન્ન	ગળ્યું ખાવાનું
ચરણકમળ	= ચરણરૂપી કમળ	પગને કમળ સાથે
	ચરણ એ જ કમળ	સરખાવ્યા છે.
	કમળ જેવા ચરણ	

પહેલા ત્રણમાં પૂર્વપદ વિશેષણ છે અને ઉત્તરપદ વિશેષ્ય છે. છેલ્લામાં બંને પદ નામ છે. તેમાં પૂર્વપદને ઉત્તરપદ સાથે સરખાવ્યું છે. સરખામણીમાં એવો અર્થ છે કે બંને વસ્તુઓનું રૂપ એક જ છે.

આ રીતે જે સમાસના અવયવો વચ્ચે વિશેષણ – વિશેષ્યનો કે એકરૂપતાનો સંબંધ હોય તે **કર્મધારય સમાસ** કહેવાય છે. ઉપરનો દરેક કર્મધારય સમાસ છે.

[૫]

આ સમાસો ધ્યાનપૂર્વક વાંચો :—

કળાપ્રિય = કળા જેને પ્રિય છે તે(તેવો માણસ).
ચંદ્રવદન = ચંદ્ર જેવું જેનું વદન છે તે(તેવો માણસ).
પીતાંબર = પીત (પીળું) છે જેનું અંબર (કપડું) તે(તેવો માણસ).

આ સમાસોનો વિગ્રહ કરતાં 'જે – તે' વાળી વાક્યરચના વાપરવી પડે છે. દરેક સમાસમાં બે પદોનો અર્થસંબંધ જુદા જુદા પ્રકારનો છે. આખો સમાસ વિશેષણ તરીકે અથવા નામ તરીકે વપરાય છે. આવા સમાસને **બહુવ્રીહિ સમાસ** કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દાખલા જોવાથી બહુવ્રીહિ સમાસનો અર્થ વધુ સ્પષ્ટ થશેઃ—

પીતાંબર	પીત અંબર = પીળું કપડું પીત છે જેનું અંબર તે (તેવો).	કર્મધારય બહુવ્રીહિ
નીલકંઠ	નીલ કંઠ = ભૂરું ગળું નીલ છે જેનો કંઠ તે (તેવો).	કર્મધારય બહુવ્રીહિ
મહાબાહુ	મહા બાહુ = મોટો હાથ મહાન છે જેનો બાહુ તે (તેવો).	કર્મધારય બહુવ્રીહિ

આ બતાવે છે કે જે સમાસમાં પૂર્વપદ વિશેષણ હોય અને ઉત્તરપદ નામ હોય, તે સમાસ કર્મધારય તેમ જ બહુવ્રીહિ બંને પ્રકારે વાપરી શકાય છે. **જે રીતે વિગ્રહ કરીએ તે રીત ઉપરથી સમાસનો પ્રકાર નક્કી થાય છે.** આ સમાસોને લાગુ પડે છે.

બહુવ્રીહિ સમાસ સંસ્કૃતમાં વિશેષણ તરીકે વપરાય છે, તેથી તેનો વિગ્રહ ઉપરના દાખલાઓમાં સંસ્કૃતની ઢબે કરી બતાવ્યો છે. પરંતુ આ સમાસના ઘણા શબ્દો ગુજરાતીમાં નામ તરીકે વપરાય છે, તે ધ્યાનમાં રાખવું. દા. ત. ચંદ્રવદન (વિશેષ નામ); પીતાંબર (વિશેષ નામ અથવા સામાન્ય નામ); નીલકંઠ (મોર — સામાન્ય નામ; મહાદેવ (શિવ) — વિશેષ નામ).

[૬]

આ સમાસો જુઓ :—

પ્રતિદિન	પ્રતિ + દિન. પ્રતિ = દરેક. દિન = દિવસ. દરેક દિવસે.
યથાશક્તિ	યથા = જેમ, જે રીતે. જેમ શક્તિ હોય તેમ; શક્તિ પ્રમાણે.

આ બંને સમાસોમાં પૂર્વપદ અવ્યય છે, અને ઉત્તરપદ નામ છે. આખો સમાસ ક્રિયાવિશેષણ અવ્યય તરીકે વપરાય છે. આવા સમાસને **અવ્યયીભાવ સમાસ** કહે છે. ઉપરના બંને અવ્યયીભાવ સમાસ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૬]

સમાસ એ સંસ્કૃત શબ્દ છે. તેના પ્રકારોનાં નામ પણ સંસ્કૃત વ્યાકરણમાંથી લીધેલાં છે. ગુજરાતી ભાષામાં વપરાતા સમાસો સંસ્કૃત, પ્રાકૃત, અરબી, ફારસી, અંગ્રેજી, વગેરે ભાષાઓના શબ્દો વડે બનેલા હોય છે. સમાસ બનતાં મૂળ શબ્દોનાં રૂપોમાં ફેરફાર થાય છે. તે માટે સંસ્કૃતમાં ખાસ નિયમો હોય છે. તેથી સમાસના અવયવો છૂટા પાડી તે દરેક કઈ ભાષાનો છે અને તેના મૂળ શબ્દમાં શો ફેરફાર થયો છે, તે જોવાનો મહાવરો પાડવો જોઈએ.

આ પાઠમાં સમાસના પાંચ પ્રકાર આપણે શીખ્યાં :— દ્વંદ્વ, તત્પુરુષ, કર્મધારય, બહુવ્રીહિ અને અવ્યયીભાવ. આ સિવાય સમાસના બીજા ઘણા પ્રકાર છે. તે તમે આગળ જતાં શીખશો.

સ્વાધ્યાય

૧ આ પાઠમાં સમજાવેલા સમાસના પ્રકાર ગણાવો.

૨ દ્વંદ્વ અને તત્પુરુષ સમાસોના બબ્બે દાખલા આપો.

૩ નીચેના સમાસોનો વિગ્રહ કરો અને તેમના પ્રકાર કહો :—
દશબાર, રાતદિવસ, ગુરુવાર, મહાપુરુષ, એકત્રીસ, દેશસેવા, પ્રતિક્ષણ, માદીકરી, પરમેશ્વર, બહુરૂપી, કમલનયન, નયનકમલ, ભક્તિભાવ, નવલકથા, ક્રોધાગ્નિ, નદીકિનારો, બાલવીર, શ્વેતાંબર, બુદ્ધિધન, ઇષ્ટદેવ.

૪ નીચેના શબ્દો વડે સમાસ બનાવો અને તે સમાસના પ્રકાર ઓળખો :— દૂધ અને પૌંઆ; સત્યનો આગ્રહ; પ્રશ્ન અને ઉત્તર; મુખરૂપી ચંદ્ર; જ્વાળા છે જેનું મુખ તેવો; હસ્ત વડે લિખિત; લોકમાં પ્રિય; સત્ય છે જેનું વ્રત તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ દસમો

જોડણી

[૧]

નીચેનાં વાક્યોમાં જાડા અક્ષરવાળા શબ્દો જુઓ :—

(૧) **વીણા પાણી** લેવા ગઈ.

(૨) પછી **વીણાપાણિ** નારદજી આવ્યા.

પહેલા વાક્યમાં **વીણા** એટલે એ નામની છોકરી અને **પાણી** એટલે પીવા માટેનો પ્રવાહી પદાર્થ. બીજામાં **વીણા** એટલે એ નામનું વાજિંત્ર; **પાણિ** એટલે હાથ. **વીણાપાણિ** એટલે વીણા જેના પાણિમાં છે તેવા. (બહુવ્રીહિ સમાસ)

અર્થનો આ તફાવત શબ્દો લખવાની રીત ઉપરથી સમજાય છે. પહેલા વાક્યમાં બંને શબ્દો છૂટા લખ્યા છે. બીજામાં એ ભેગા લખી સમાસ બનાવ્યો છે. તેમાં ‘ પાણિ ’ શબ્દની હ્રસ્વ ‘ ઇ ’ સૂચવે છે કે એ સંસ્કૃત શબ્દ છે અને તેનો અર્થ ‘ હાથ ’ થાય છે.

શબ્દના અક્ષરો લખવાની રીતને **જોડણી** કહે છે. એને માટે નિયમો ઠરેલા છે. એ નિયમો પ્રમાણે જ શબ્દો લખવા જોઈએ, નહિ તો અર્થ સમજવામાં મુશ્કેલી પડે અથવા ભૂલ થાય.

[૨]

નીચેના શબ્દોની જોડણી જુઓ :—

(૧) ગતિ, મતિ, જાતિ — છેલ્લા અક્ષરમાં હ્રસ્વ ‘ ઇ ’ છે.

(૨) નીતિ, રીતિ, કીર્તિ — પહેલા અક્ષરમાં દીર્ઘ ‘ ઈ ’ અને બીજામાં હ્રસ્વ ‘ ઇ ’ છે.

(૩) શશી, સ્વામી, પત્ની — છેલ્લા અક્ષરમાં દીર્ઘ ‘ ઈ ’ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બધા શબ્દો **તત્સમ** છે. એમની જોડણી માટે નિયમ :— **"સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી મૂળ સંસ્કૃત પ્રમાણે કરવી."** ઉપરના બધા શબ્દોની જોડણી આ નિયમ પ્રમાણે છે. આવા હજારો તત્સમ શબ્દો આપણે વાપરીએ છીએ. તેથી તેમની જોડણી ધ્યાનમાં રાખવી જોઈએ.

[૩]

આ શબ્દો જુઓ :— **દશ**–દસ; **નહિ**–નહીં; **કઠિન**–કઠણ.

આમાં જાડા અક્ષરવાળા શબ્દો **તત્સમ** છે, અને તેમની જોડેના **તદ્ભવ** છે. બંને પ્રકારના શબ્દોના અર્થ સરખા છે, અને એ બધા શબ્દો વપરાય છે. ઉપર આપેલી એમની જોડણી ખરી ગણાય છે. આ બાબતમાં નિયમ :—**" ભાષામાં તત્સમ તથા તદ્ભવ બંને રૂપો પ્રચલિત હોય તો બંને સ્વીકારવાં."**

[૪]

નીચેના શબ્દોની જોડણી જુઓ :—

(૧) જવું, આવવું, વાંચવું — આ ક્રિયાપદનાં ધાતુનામો છે. તે દરેકને છેડે 'ઉં' (હ્રસ્વ 'ઉ', અનુસ્વાર સાથે) છે. દરેક ધાતુનામમાં એ પ્રમાણે હોય છે.

(૨) છોકરું, ગધેડું, ગામડું — આ નાન્યતર જાતિનાં નામો છે. તે દરેકને છેડે ઉપર પ્રમાણે 'ઉં' છે. ઘણાંખરાં નાન્યતર જાતિનાં નામોમાં એ પ્રમાણે હોય છે. એવાં નામોના બહુવચનમાં 'ઉં'નું 'આં' થાય છે. દા. ત. છોકરાં, ગધેડાં, ગામડાં.

(૩) આવાં નામોને લાગતાં વિકારી વિશેષણોનું રૂપ પણ એ પ્રમાણે ફરે છે :— નાનું છોકરું; નાનાં છોકરાં.

ઘણા શબ્દોને છેડે આ રીતે 'ઉં' કે 'આં' હોય છે. તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરના દાખલા ધ્યાનમાં રાખવાથી, એવા શબ્દોની જોડણી સહેલાઈથી યાદ રહેશે.

[૫]

આ શબ્દો જુઓ : દરીઓ – **દરિયો**; રૂપીઓ – **રૂપિયો**; ધોતીઉં – **ધોતિયું**. આ શબ્દોમાં જાડા અક્ષરવાળી જોડણી ખરી ગણાય છે. એ માટે નિયમ :— “**શબ્દના બંધારણમાં ઈ (દીર્ઘ) પછી સ્વર આવતો હોય, તો તે ઈને હ્રસ્વ કરી સ્વરની પહેલાં ય ઉમેરીને લખવું.**”

[૬]

જોડણીના થોડા સાદા નિયમો જ આ પાઠમાં આપ્યા છે. બીજા નિયમો તમે આગળ જતાં શીખશો. પરંતુ નિયમો ન જાણતાં હોઈએ તોપણ જે શબ્દો આપણે લખીએ તેમની જોડણી શુદ્ધ હોવી જોઈએ. તે માટે ‘**જોડણીકોશ**’ વાપરવો જોઈએ. વળી જોડાક્ષરો, ઉચ્ચારો, પ્રત્યયો, પૂર્વગો, સમાસો, વગેરેને લીધે શબ્દનાં અનેક રૂપો બને છે. તે બધાંની પણ શુદ્ધ જોડણી જાણવાની અને લખવાની કાળજી રાખવી જોઈએ. એમ લાંબા મહાવરા પછી જ શુદ્ધ જોડણી લખવાની ટેવ પડે છે.

સ્વાધ્યાય

૧ જેને છેડે હ્રસ્વ ‘ઇ’ હોય એવા દસ શબ્દો લખો.

૨ જેના પહેલા અક્ષરમાં હ્રસ્વ ‘ઇ’ હોય એવા દસ શબ્દો લખો.

૩ નીચેનામાંથી ખરી જોડણીવાળા શબ્દોની નોંધ કરો :—
બહુ, બહું, બાહુ, બાહું, આંસુ, આંસું, કાંસુ, કાંસું, ઉભુ, ઊભું, પીંછુ, પીછું, લાંબુ, લાંબું, લીંબુ, મોટાં મામા.

૪ જે જોડણી ખોટી હોય તે સુધારો :— જીંદગી, પૂજ્ય, વ્રત, હૃદય, બેન, ફળીયું, નદીઓ. જુનું, ગૂજરાતિ, દુધ, મહીનો, આંખ્ય, નિયમ, મહુરત, વ્યાધિ, ભૃંગ, પરિક્ષા, આર્શીવાદ, પ્રાચિન, જાદું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ અગિયારમો

શબ્દ, શબ્દસમૂહ અને વાક્ય

[૧]

નીચેનામાંથી કયા શબ્દોને વાક્ય કહેવાય?

(૧) ઝાડ પાંદડાં

(૨) ઝાડનાં પાંદડાં

(૩) હાલે છે

(૪) ઝાડનાં પાંદડાં હાલે છે.

(૧)માં બે શબ્દો વચ્ચેનો અર્થસંબંધ સ્પષ્ટ નથી. તેથી તે બે છૂટા શબ્દો છે.

(૨) અને (૩) ના શબ્દોનો અર્થસંબંધ કંઈક સમજાય છે, પણ અર્થ અધૂરો લાગે છે. એ દરેક **શબ્દસમૂહ** છે.

(૪)ના બધા શબ્દો સાથે વાંચતાં અર્થ પૂરેપૂરો સમજાય છે. તેથી એ શબ્દો **વાક્ય** છે.

શબ્દસમૂહમાં બે કે બેથી વધારે શબ્દો એવી રીતે ગોઠવાય છે કે તે વાંચતાં જ કંઈક અર્થનું ભાન થાય છે. પણ તે અર્થ અધૂરો હોય છે. અધૂરો અર્થ પૂરો કરવા કર્તા કે ક્રિયાપદનું પદ ઉમેરવું પડે છે. આ આપણે શીખી ગયાં છીએ.

[૨]

નીચેનાં વાક્યોમાં જાડા અક્ષરવાળા શબ્દસમૂહો શું કામ કરે છે તે તપાસો :—

(૧) **મોટાં પાંદડાંવાળું** ઝાડ હાલે છે.

(૨) **ઝાડનાં પાંદડાંનું હાલવું** સુંદર લાગે છે.

(૩) પવન **મોટા ઝાડનાં પાંદડાંને** હલાવે છે.

(૪) **મોટા ઝાડનાં પાંદડાં** પવન **આવવાથી** હાલે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાક્ય (૧) — કેવું ઝાડ? **મોટાં પાંદડાંવાળું.** (વિશેષણ)

વાક્ય (૨) — શું સુંદર લાગે છે? **ઝાડનાં પાંદડાંનું હાલવું.** (નામ — કર્તા)

વાક્ય (૩) — પવન શેને હલાવે છે? **મોટા ઝાડનાં પાંદડાંને.** (નામ — કર્મ)

વાક્ય (૪) — શું હાલે છે? **મોટા ઝાડનાં પાંદડાં.** (નામ — કર્તા)શાથી હાલે છે? **પવન આવવાથી.** (ક્રિયાવિશેષણ અવ્યય, કારણ બતાવે છે.)

આ ઉપરથી સમજાય છે કે **શબ્દસમૂહ વાક્યમાં નામ (કર્તા, કર્મ), વિશેષણ કે ક્રિયાવિશેષણનું કામ કરે છે.**

બે કે તેથી ગમે તેટલા વધારે શબ્દો વચ્ચે જો અર્થસંબંધ હોય તો તેમને શબ્દસમૂહ કહી શકાય. પરંતુ ઉપર પ્રમાણે નામ, વિશેષણ કે ક્રિયાવિશેષણનું કામ કરનાર શબ્દોના જથ્થાને શબ્દસમૂહ તરીકે ઓળખવાની ટેવ પાડવાથી વાક્ય સમજવામાં મદદ થશે.

[૩]

શબ્દસમૂહમાં બે કે તેથી વધારે શબ્દો હોય. પણ તેમાં ક્રિયાપદ હોતું નથી. વાક્યમાં પણ બે કે તેથી વધારે શબ્દો હોય છે. પણ તેમાં કર્તા અને ક્રિયાપદ હંમેશાં હોય છે; અને બાકીના શબ્દો કર્તા, કર્મ કે ક્રિયાપદના અર્થમાં વધારો કરનારા હોય છે.

એક શબ્દનું પણ વાક્ય બને. પણ એક શબ્દનો શબ્દસમૂહ ન બને. એક શબ્દના વાક્યમાં કર્તા કે ક્રિયાપદ અધ્યાહાર હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ વાક્ય અને શબ્દસમૂહનો તફાવત સમજાવો.

૨ નીચેના શબ્દો શબ્દસમૂહ કહેવાય કે નહિ તે કારણ આપી સમજાવો :—

(ક) ચોપડી કાગળ સફેદ
(ખ) આજે બપોર પછી
(ગ) પાણી પ્યાલો પડ્યો
(ઘ) રાત્રે તારા તેજ
(ઙ) પરીક્ષા પસાર કરવી
(ચ) નીચે ઊતરવા જતાં

૩ નીચેનાં વાક્યોમાંથી શબ્દસમૂહો ઓળખો અને તે શબ્દસમૂહો શું કામ કરે છે તે જણાવો :—

(ક) પારકે પૈસે મોજ કરનાર ઉડાઉ કહેવાય.
(ખ) મુશ્કેલીમાં મુકાયેલો માણસ મૂંઝાય છે.
(ગ) સુંદર સુગંધવાળાં ફૂલો વડે બાગ શોભે છે.
(ઘ) સવારે નિત્ય વહેલો ઊઠીને તે કસરત કરે છે.
(ઙ) અમારે વરસના છેલ્લા દિવસોમાં બહુ કામ કરવું પડે છે.
(ચ) બીજાને સુખ આપવામાં ખરું સુખ રહેલું છે.

૪ નીચેના શબ્દો વડે પાંચ શબ્દસમૂહો બનાવો અને તે દરેક શબ્દસમૂહને વાક્યમાં વાપરી બતાવો :— શુક્રવાર, ગુજરી, ઘોડો, સોદાગાર, ઘડિયાળ, ચાવી, ભૂલી, ગયો, રૂમાલ, પરસેવો, લૂછ્યું, દરિયો, વહાણ, ઊંડું, પાણી, દૂર, સુધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ બારમો

સાદું વાક્ય

[૧]

નીચેનાં વાક્યોમાંથી ક્રિયાપદો ઓળખો:—

(૧) સુમન ચોપડી **વાંચે છે.**

(૨) દાંત બરાબર સાફ **રાખો.**

(૩) મારી નિશાળ ગામ બહાર **છે.**

(૪) અમે અમદાવાદ **રહીએ છીએ.**

જાડા અક્ષરવાળું દરેક પદ ક્રિયાપદ છે. દરેક વાક્યમાં એક ક્રિયાપદ છે. **જે વાક્યમાં એક ક્રિયાપદ હોય તેને સાદું વાક્ય કહે છે.** ઉપરનું દરેક વાક્ય સાદું છે.

[૨]

નીચેનાં વાક્યોમાં જાડા અક્ષરવાળાં પદો ઓળખો:—

(૧) વાડીમાંથી ઘેર **આવી** અમે **જમ્યા.**

(૨) સંદેશો **સાંભળીને** તે ઘેર **ગયા.**

(૩) દાદરેથી **ઊતરતાં** તે અવાજ **કરે છે.**

આવી, સાંભળીને, ઊતરતાં — એ દરેક **કૃદંત** છે.

જમ્યા, ગયા, કરે છે — એ દરેક ક્રિયાપદ છે. દરેક વાક્યમાં એક કૃદંત અને એક ક્રિયાપદ છે. ક્રિયાપદ અને કૃદંત બંને ક્રિયા બતાવે છે. પણ ક્રિયાપદથી વાક્યનો અર્થ પૂરો થાય છે, કૃદંતથી થતો નથી. તેથી **કોઈ વાક્યમાં કૃદંત ગમે તેટલાં હોય, પણ ક્રિયાપદ એક જ હોય, તો તે વાક્ય પણ સાદું જ કહેવાય.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદ અને કર્તા ઓળખો :—

(૧) સંપ ત્યાં જંપ.

(૨) હમણાં બહાર ઊભા રહો.

(૩) જોયું આ તોફાન ?

(૪) હુતુતુતુ, ખોખો, આટાપાટા, ગિલ્લીદંડા — એ આપણી જાણીતી રમતો છે.

પહેલા વાક્યમાં ક્રિયાપદ અધ્યાહાર છે. બીજા અને ત્રીજામાં કર્તા અધ્યાહાર છે. ચોથામાં 'છે' ક્રિયાપદ છે, અને 'એ' કર્તા છે. વાક્યની શરૂઆતમાં આવેલાં ચાર નામોને બદલે 'એ' વપરાયું છે. જ્યારે એક કરતાં વધારે પદો સમાન અર્થસંબંધમાં સાથે આવે, ત્યારે તેમનો સામટો અર્થ દર્શાવવા ઉપર પ્રમાણે 'એ' વપરાય છે. આવે પ્રસંગે એ બધાં પદો અને 'એ' **સમાનાધિકરણમાં** છે, એમ કહેવાય છે.

અધ્યાહાર પદો ઉમેરીએ તો ઉપરનાં વાક્યો આમ વંચાય :—

(૧) જ્યાં સંપ (**હોય છે**) ત્યાં જંપ (**હોય છે**).

(૨) હમણાં (**તમે**) બહાર ઊભા રહો.

(૩) (**તમે**) જોયું આ તોફાન ?

પહેલા વાક્યમાં બે ક્રિયાપદો છે. તેથી તે સાદું વાક્ય નથી. બાકીનું દરેક સાદું વાક્ય છે. પહેલાં બે વાક્યોમાં ક્રિયાપદ વાક્યને છેડે છે, પણ ત્રીજામાં તે પહેલું છે.

[૪]

આ ઉપરથી સમજાય છે કે સાદું વાક્ય ટૂંકું પણ હોય અને લાંબું પણ હોય. તેમાં કૃદંત પણ હોય અને ક્રિયાપદ પણ હોય. કર્તા ને ક્રિયાપદ વાપરેલાં હોય કે અધ્યાહાર પણ હોય. પદોનો ક્રમ સાદો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય કે અટપટો પણ હોય. આ બધું હોવા છતાં, **જેમાં એક જ ક્રિયાપદ હોય તેને જ સાદું વાક્ય કહેવાય.** તેથી વાક્ય સાદું છે કે નહિ તેની ખાતરી કરવા તેના ક્રિયાપદને તથા કર્તાને કાળજીપૂર્વક ઓળખવાં જોઈએ. અને જરૂર પડયે પદોનો ક્રમ ફેરવવો જોઈએ તેમ જ ખૂટતાં પદો ઉમેરવાં જોઈએ.

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોમાંથી સાદાં વાક્યો ઓળખો :

(ક) આ રાજા રામ અને કૃષ્ણની ભૂમિ છે.
(ખ) રજાઓ આવી ને ગઈ પણ ખરી.
(ગ) ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.
(ઘ) જતાં જતાં તે કંઈક બબડયો.
(ઙ) થાકીને મેં પેટી નીચે મૂકી.
(ચ) ધીરજનાં ફળ મીઠાં.

૨ તમારા પાઠ્યપુસ્તકમાંથી પાંચ સાદાં વાક્યો એકઠાં કરો.

પાઠ તેરમો

સંયુક્ત વાક્ય

[૧]

નીચેનાં વાક્યો તપાસો :—

(૧) મણિભાઈ આવ્યા. હરિભાઈ ગયા.
મણિભાઈ આવ્યા **અને** હરિભાઈ ગયા.

(૨) વરસાદ પડયો. મેં છત્રી ઉઘાડી.
વરસાદ પડયો **તેથી** મેં છત્રી ઉઘાડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) ઘંટ વાગ્યો. ગાડી ઊપડી. લોકો વીખરાયા.
ઘંટ વાગ્યો, ગાડી ઊપડી **અને** લોકો વીખરાયા.

(૧)માં બે વાક્યો છે. તેમની વચ્ચે **અને** મૂકીને એક વાક્ય બનાવ્યું છે. એ જ રીતે (૨)માં બે વાક્યો વચ્ચે **તેથી** મૂકીને એક વાક્ય બનાવ્યું છે. (૩)માં ત્રણ વાક્યો છે. તે જોડીને એક વાક્ય બનાવ્યું છે. તેમાં પહેલાં બે વાક્યો વચ્ચે અલ્પવિરામ છે, અને છેલ્લાં બે વાક્યો વચ્ચે **અને** છે.

મૂળ વાક્યો છૂટાં અને સ્વતંત્ર હતાં. તેમને જોડીને એક એક વાક્ય બનાવ્યું છે. એટલે એ જોડેલા વાક્યમાંથી મૂળ વાક્યો છૂટાં પાડીએ તો તે દરેક વાક્ય સ્વતંત્ર બની શકે.

આ પ્રમાણે બે કે તેથી વધારે વાક્યોને ઉભયાન્વયી અવ્યવ વડે જોડીને બનાવેલું એક વાક્ય **સંયુક્ત વાક્ય** કહેવાય છે.

સંયુકત વાક્યમાં પહેલું વાક્ય **પ્રધાન વાક્ય** કે **મુખ્ય વાક્ય** કહેવાય છે, અને તે પછીનું દરેક વાક્ય પ્રધાન વાક્યનું **સહગામી વાક્ય** કહેવાય છે. કોઈ વાર બધાં વાક્યો એકબીજાનાં સહગામી કહેવાય છે.

સંયુક્ત વાક્યમાં જોડાયેલું દરેક વાક્ય સ્વતંત્ર રીતે વાપરી શકાય તેવું હોય છે. એ વાક્યોને જોડનાર શબ્દ કે શબ્દસમૂહ **સંયોજક** કહેવાય છે. ઉપરનાં વાક્યોમાં **અને, તેથી, અને** એ દરેક સંયોજક છે. સંયોજક ઘણું કરીને ઉભયાન્વયી અવ્યય હોય છે.

[૨]

ઉપરનાં સંયુક્ત વાક્યોને ફરીથી તપાસો. દરેકમાં ક્રિયાપદો કેટલાં છે તે જુઓ :—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧) મણિભાઈ **આવ્યા** અને હરિભાઈ ગયા.
(૨) વરસાદ **પડ્યો,** તેથી મેં છત્રી **ઉઘાડી.**
(૩) ઘંટ **વાગ્યો,** ગાડી **ઊપડી** અને લોકો **વીખરાયા.**

પહેલાં બે સંયુક્ત વાક્યોમાં બે બે ક્રિયાપદો છે. ત્રીજામાં ત્રણ ક્રિયાપદો છે. આ બતાવે છે કે **સંયુક્ત વાક્યમાં બે કે તેથી વધારે ક્રિયાપદો હોય છે.**

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોમાંથી સંયુક્ત વાક્યો ઓળખો :—
(ક) દૂધ ગરમ છે, માટે તેને ઠંડું થવા દો.
(ખ) જમ્યા પછી થોડો આરામ કરી અમે બહાર નીકળ્યા.
(ગ) મંદિરમાં વનરાજની મૂર્તિ ઘણી તેજસ્વી લાગે છે.
(ઘ) ઘણા તાર ભેગા થયા એટલે તે મજબૂત બન્યા.
(ઙ) પ્રદર્શન નાનું હતું, પણ અમને તે બહુ ગમ્યું.
(ચ) આજે મનુભાઈ આવશે અથવા તેમનો પત્ર આવશે.
(છ) રોજ નવાં પાન ફૂટે ને અમે તે જોઈ રહીએ.
(જ) કુંવર બે વરસનો થયો, ચાર વરસનો થયો, પણ તેને બોલતાં આવડ્યું નહિ.

૨ પ્રશ્ન ૧નાં સંયુક્ત વાક્યોમાંથી પ્રધાન વાક્યો, સહગામી વાક્યો અને સંયોજકો છૂટાં પાડો.

૩ પ્રશ્ન ૨માં છૂટાં પાડેલાં સ્વતંત્ર વાક્યોનો પ્રકાર કહો.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ચૌદમો

મિશ્ર વાક્ય

[૧]

નીચેનાં વાક્યોનો સંબંધ તપાસો :—

(૧) માએ કહ્યું. એ તારો ભાઈ છે.

(૨) માએ કહ્યું કે એ તારો ભાઈ છે.

(૧)નાં બે વાક્યોને કે સંયોજક વડે જોડીને (૨) નું એક વાક્ય બનાવ્યું છે.

'માએ કહ્યું.' આ વાક્યથી અર્થ પૂરો થતો નથી. 'શું કહ્યું?' એ પ્રશ્નનો ઉત્તર એમાં ખૂટે છે. બીજું વાક્ય ઉમેરીને બોલીએ તો ઉત્તર મળી રહે છે. એ બતાવે છે કે 'એ તારો ભાઈ છે' એ વાક્ય 'કહ્યું' ક્રિયાપદના કર્મ તરીકે વપરાયું છે. એટલે તે નામનું કામ કરે છે.

આમ (૨)માં બે વાક્યો એવી રીતે જોડાયાં છે કે (૧)માંનું બીજું વાક્ય એની પહેલાંના વાક્યનો અધૂરો અર્થ પૂરો કરે છે. એટલે એ બે વાક્યો સ્વતંત્ર નથી, પણ એકબીજા ઉપર આધાર રાખે છે.

[૨]

હવે આ વાક્યોનો સંબંધ જુઓ :—

(૧) છોકરા બહુ રમે છે. છોકરા થાકી જાય છે.

(૨) જે છોકરા બહુ રમે છે, તે છોકરા થાકી જાય છે.

અહીં બે વાક્યોને જે – તે સંયોજકો વડે જોડીને એક વાક્ય બનાવ્યું છે.

'જે છોકરા બહુ રમે છે.' આ વાક્ય એકલું વાંચીએ તો અર્થ અધૂરો લાગે છે. પણ તેની સાથે 'તે છોકરા થાકી જાય છે' એ વાક્ય જોડીને વાંચીએ તો અર્થ પૂરો સમજાય છે. આ બતાવે છે કે (૨)માં જોડાયેલાં બે વાક્યો સ્વતંત્ર નથી, પણ એકબીજા પર આધાર રાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કયા છોકરા થાકી જાય છે? જે છોકરા બહુ રમે છે તે. આ બતાવે છે કે પહેલું વાક્ય બીજા વાક્યમાંના 'છોકરા' એ નામના વિશેષણનું કામ કરે છે.

[૩]

એ જ રીતે આ વાક્યોનો સંબંધ જુઓ:

(૧) અનાજ પાકશે. ભાવ ઘટશે.

(૨) **જ્યારે** અનાજ પાકશે, **ત્યારે** ભાવ ઘટશે.

અહીં બે વાક્યોને **જ્યારે–ત્યારે** સંયોજકો વડે જોડીને એક વાક્ય બનાવ્યું છે

'જ્યારે અનાજ પાકશે'— આટલું કહેવાથી અર્થ અધૂરો રહે છે. તેની સાથે 'ત્યારે ભાવ ઘટશે' એ વાક્ય બોલીએ તો જ અર્થ પૂરો થાય છે. આ બતાવે છે કે (૨)માં જોડાયેલાં બે વાક્યો સ્વતંત્ર નથી, પણ એકબીજા ઉપર આધાર રાખે છે.

ક્યારે ભાવ ઘટશે? જ્યારે અનાજ પાકશે ત્યારે. આ બતાવે છે કે પહેલું વાક્ય બીજા વાક્યમાંના 'ઘટશે' ક્રિયાપદનો સમય બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યયનું કામ કરે છે.

આ રીતે, **જ્યારે એક વાક્યમાં બે વાક્યો એવી રીતે જોડાયાં હોય કે અર્થની દૃષ્ટિએ તેમને એકબીજા ઉપર આધાર રાખવો પડે, ત્યારે તે આખું વાક્ય મિશ્ર વાક્ય કહેવાય છે.** ઉપર (૨)માં આપેલું દરેક વાક્ય મિશ્ર વાક્ય છે.

[૪]

ઉપરનાં ત્રણે મિશ્ર વાક્યોનો ફરી અભ્યાસ કરીએ:—

(૧) **માએ કહ્યું** કે એ તારો ભાઈ છે.

(૨) જે છોકરા બહુ રમે છે, **તે છોકરા થાકી જાય છે.**

(૩) જ્યારે અનાજ પાકશે, **ત્યારે ભાવ ઘટશે.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેક મિશ્ર વાક્યમાં જાડા અક્ષરવાળું વાક્ય મુખ્ય વિચાર દર્શાવે છે; અને બાકીનું વાક્ય મુખ્ય વિચારનો ખૂટતો અર્થ પૂરો કરે છે.

મિશ્ર વાક્યમાં જે વાક્ય મુખ્ય વાક્ય દર્શાવે છે તે **પ્રધાન વાક્ય** (કે મુખ્ય વાક્ય) કહેવાય છે; અને જે વાક્ય મુખ્ય વિચારનો ખૂટતો અર્થ પૂરો કરે છે તે **ગૌણ વાક્ય** (કે પેટા વાક્ય) કહેવાય છે.

ઉપરનાં મિશ્ર વાક્યોમાં દરેક જાડા અક્ષરવાળું વાક્ય પ્રધાન વાક્ય છે, અને બાકીનું દરેક ગૌણ વાક્ય છે. પહેલામાં ગૌણ વાક્ય નામનું કામ કરે છે; બીજામાં વિશેષણનું, અને ત્રીજામાં ક્રિયાવિશેષણ અવ્યયનું કામ કરે છે.

પ્રધાન વાક્ય અને ગૌણ વાક્યને જોડનાર સંયોજકો ઉભયાન્વયી અવ્યયો, સંબંધી વિશેષણો કે સર્વનામો, અથવા એવા અર્થના શબ્દ-સમૂહો હોય છે.

ઉપરના દરેક મિશ્ર વાક્યમાં બે બે ક્રિયાપદો છે. એ બતાવે છે કે મિશ્ર વાક્યમાં પણ એક કરતાં વધારે ક્રિયાપદો હોય છે.

[૫]

આ રીતે રચનાની દૃષ્ટિએ વાક્યના ત્રણ મુખ્ય પ્રકાર છે:— સાદું, સંયુક્ત અને મિશ્ર.

પાઠ ૧૨માં સાદા વાક્યની વિગતવાર સમજ આપી છે. પાઠ ૧૩માં સંયુક્ત વાક્યના અને આ પાઠમાં મિશ્ર વાક્યના સહેલા દાખલા જ સમજાવ્યા છે.

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોમાંથી મિશ્ર વાક્યો ઓળખો :—

(ક) બાપાજી દીવાનખાનામાં પડ્યા પડ્યા ચોપડી વાંચતા હતા.
(ખ) મુસાફર પૂછે છે કે ટાવર ક્યાં આવ્યું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ગ) જે શીંગડાંને સાબર વખાણતું હતું તે શીંગડાંએ તેને ફસાવ્યું.
(ઘ) નોકરે બારી બંધ કરી, કારણ કે બહાર કચરો ઊડે છે.
(ઙ) જો હું પહેલો આવીશ તો મને ઇનામ મળશે.
(ચ) જ્યાં તમે જવાના છો, ત્યાં રસ્તા સાંકડા છે.
(છ) જ્યારે કુસંપ થાય છે, ત્યારે કામ બગડે છે.
(જ) એક દિવસ બા બહાર ગઈ, એટલે હું જ રોટલી વણવા બેઠો.

૨ પ્રશ્ન ૧નાં મિશ્ર વાક્યોમાંથી પ્રધાન વાક્યો, ગૌણ વાક્યો અને સંયોજકો છૂટાં પાડો.

૩ પ્રશ્ન ૧નાં બાકી રહેલાં વાક્યોના પ્રકાર ઓળખો.

પાઠ પંદરમો

ગૌણ વાક્ય અને તેના પ્રકાર

[૧]

નીચેનાં વાક્યોમાં જાડા અક્ષરવાળાં પદો શું કામ કરે છે, તે તપાસો :—

(૧) તેણે મને **સમાચાર** કહ્યા.
(૨) તેણે મને **તમારા પરિણામના સમાચાર** કહ્યા.
(૩) **તમારું પરિણામ જણાયું એ સમાચાર** તેણે મને કહ્યા.

(૧)માં 'સમાચાર' એ પદ નામ છે અને 'કહ્યા' ક્રિયાપદના પ્રધાન કર્મ તરીકે કામ કરે છે. એ જ અર્થ (૨) અને (૩)માં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાડા અક્ષરવાળા શબ્દસમૂહો વડે વિગતથી દર્શાવ્યો છે. એ શબ્દસમૂહો પણ 'કહ્યા' ક્રિયાપદના પ્રધાન કર્મ તરીકે કામ કરે છે.

(૨)ના શબ્દસમૂહમાં ક્રિયાપદ નથી. (૩)ના શબ્દસમૂહમાં ક્રિયાપદ છે. એટલે (૩)માં વપરાયેલો શબ્દસમૂહ વાક્ય છે.

આ ઉપરથી સમજાય છે કે વાક્યમાં જે કામ એક શબ્દથી થાય તે કામ શબ્દસમૂહથી અથવા વાક્યથી થઈ શકે છે. આ રીતે, **વાક્યમાં એક શબ્દનું કે શબ્દસમૂહનું કામ કરનાર વાક્ય ગૌણ (કે પેટા) વાક્ય કહેવાય છે.**

[૨]

ઉપરનાં વાક્યોમાં 'સમાચાર' એ પદ સાથે જોડાયલા બીજા શબ્દોનો સંબંધ તપાસો.

(૨)માં કયા સમાચાર? તમારા પરિણામના. આ શબ્દો 'સમાચાર'ના વિશેષણનું કામ કરે છે.

(૩)માં 'તમારું પરિણામ જણાયું' એ શબ્દો સંપૂર્ણ વાક્ય છે. તેને 'એ' શબ્દ વડે 'સમાચાર' સાથે જોડ્યું છે. 'એ સમાચાર' એટલું કહીએ તો એમ સમજાય કે સમાચારની હકીકત અગાઉ કહેલી છે. પણ અહીં વાક્યમાં જ એ હકીકત કહેવાઈ છે. એટલે અહીં 'એ' શબ્દ દર્શક વિશેષણ નથી, પણ ગૌણ વાક્ય અને પ્રધાન વાક્યને જોડનાર **સંયોજક** છે. અને તેની પહેલાં આવેલું ગૌણ વાક્ય પ્રધાન વાક્યમાંના 'સમાચાર' સાથે **સમાનાધિકરણમાં** (સરખા દરજ્જામાં) છે. એટલે જે કામ 'સમાચાર' શબ્દ કરે છે, તે કામ એ ગૌણ વાક્ય કરે છે — એટલે કે **નામનું કામ** કરે છે.

જે ગૌણ વાક્ય નામનું કામ કરે તે નામરૂપ ગૌણ વાક્ય અથવા નામવાક્ય કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર (૩)માં 'તમારું પરિણામ જણાયું' એ નામવાક્ય છે, અને 'સમાચાર'ના સમાનાધિકરણમાં છે. એ એની વચ્ચેનું 'એ' સંયોજક છે.

[૩]

હવે આ વાક્યોમાં જાડા અક્ષરવાળાં પદો જુઓ :—

(૧) હું **ભૂરી** પેનસિલ વડે લખું છું.
(૨) હું **ભૂરા રંગની** પેનસિલ વડે લખું છું.
(૩) **જે પેનસિલ ભૂરી** છે **તે** પેનસિલ વડે હું લખું છું.

'ભૂરી' એ પદ 'પેનસિલનું વિશેષણ છે. એ જ રીતે 'ભૂરા રંગની' એ શબ્દસમૂહ, અને 'જે પેનસિલ ભૂરી છે તે' એ ગૌણ વાક્ય 'પેનસિલ'ના વિશેષણનું કામ કરે છે.

જે ગૌણ વાક્ય વિશેષણનું કામ કરે તે વિશેષણરૂપ ગૌણ વાક્ય અથવા વિશેષણવાક્ય કહેવાય છે.

'જે પેનસિલ ભૂરી છે તે'— એ ગૌણ વાક્યમાં 'જે – તે' સંયોજકો છે, અને 'પેનસિલ ભૂરી છે' એ વિશેષણવાક્ય છે. 'જે – તે' એ સંયોજકો સંબંધી વિશેષણોનું કામ કરે છે. વિશેષણવાક્યને ઘણું કરીને આ સંયોજકો (એકલા અથવા વિભક્તિના પ્રત્યય સાથે) લાગેલા હોય છે.

[૪]

એ જ રીતે નીચેનાં વાક્યોમાં જાડા અક્ષરવાળાં પદોનો સંબંધ તપાસો :—

(૧) તે **ધીમેથી** બોલે છે.
(૨) તે **ધીમે અવાજે** બોલે છે.
(૩) **જેમ અવાજ ધીમો થાય તેમ** તે બોલે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ધીમેથી' એ પદ 'બોલે છે' ક્રિયાપદની રીત બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય છે. એ જ કામ (૨)માં શબ્દસમૂહથી થાય છે, અને (૩)માં ગૌણ વાક્યથી થાય છે.

જે ગૌણ વાક્ય ક્રિયાવિશેષણ અવ્યયનું કામ કરે તે ક્રિયાવિશેષણરૂપ ગૌણ વાક્ય અથવા ક્રિયાવિશેષણવાક્ય કહેવાય છે.

'જેમ અવાજ ધીમો થાય તેમ' — આ ગૌણ વાક્યમાં 'અવાજ ધીમો થાય' એ વાક્ય છે, અને 'જેમ–તેમ' એ સંયોજકો છે. આ સંયોજકો રીત બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યયો છે. ક્રિયાવિશેષણવાક્યને આવા વિવિધ પ્રકારના ક્રિયાવિશેષણરૂપ સંયોજકો લાગેલા હોય છે.

[૫]

ઉપર પ્રમાણે ગૌણ વાક્યના ત્રણ પ્રકાર છે:— નામવાક્ય, વિશેષણવાક્ય અને ક્રિયાવિશેષણવાક્ય.

ગૌણ વાક્યને પ્રધાન વાક્ય સાથે જોડનાર સંયોજકો એક કે તેથી વધારે પદોના બનેલા હોય છે. તે કોઈ વાર અધ્યાહાર હોય છે, અને કોઈ વાર પ્રધાનવાક્યનું અગત્યનું પદ બને છે.

આ પાઠમાં ગૌણ વાક્યના સહેલા દાખલા જ સમજાવ્યા છે.

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોમાંથી ગૌણ વાક્યો ઓળખો અને તેમના પ્રકાર કહો :—

(ક) કોઈ કે એને સમજાવ્યું કે છાપામાં જાહેરખબર આપ.
(ખ) પરોઢ થયું ત્યારે મહારાજ જાગ્યા.
(ગ) જો ગોપાળ પાટો કૂદી જાય તો જંગ જિતાય.
(ઘ) જે છોકરાઓને પ્રવાસે જવું હોય તે નામ લખાવે.
(ઙ) મોટાભાઈ દગો કરતા હતા તે ગોપાળ સમજી ગયો.
(ચ) ડોસાએ પૂછ્યું કે અમારો ધંધો કેમ ઘટતો જાય છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ નીચેનાં વાક્યો જોડી મિશ્ર વાક્યો બનાવો. (યોગ્ય સંયોજકો વાપરવા.)

(ક) પૃથ્વી ઉપર આપણે રહીએ છીએ. પૃથ્વી ઘણી મોટી છે.
(ખ) અમે વિચાર કર્યો. આજે જલસો ગોઠવીશું.
(ગ) શિક્ષકે ખુલાસો પૂછ્યો. વિનુએ સાચી વાત કહી.
(ઘ) ગાડી નજીક આવતી ગઈ. મને આનંદ થવા લાગ્યો.
(ઙ) તમે કોણ છો? મને કહો.
(ચ) રામુને પગાર મળતો. પગારમાંથી રામુ કંઈક બચાવતો.

૩ પ્રશ્ન ૨માં બનાવેલાં મિશ્ર વાક્યોમાં ગૌણ વાક્યો બતાવો અને તેમના પ્રકાર ઓળખો.

પાઠ સોળમો

વિરામચિહ્નો

[૧]

નીચેનાં વાક્યોમાં વપરાયેલાં વિરામચિહ્નો જુઓ :—

(૧) તમે ચાલવા માંડો. અમે તમારી પાછળ આવીશું.
(૨) તમે ચાલવા માંડો એટલે અમે તમારી પાછળ આવીશું.
(૩) તમે ચાલવા માંડો, એટલે અમે તમારી પાછળ આવીશું.
(૪) તમે ચાલવા માંડો; અમે તમારી પાછળ આવીશું.

(૧)માં બે વાક્યો છે. તે દરેકને છેડે **પૂર્ણવિરામ** છે. (૨)માં એ જ બે વાક્યો જોડીને એક સંયુક્ત વાક્ય બનાવ્યું છે. તે આખા વાક્યને છેડે પૂર્ણવિરામ છે. (૩)માં એ જ સંયુક્ત વાક્યનાં સહગામી વાક્યો વચ્ચે (સંયોજકની પહેલાં) **અલ્પવિરામ** છે. (૪)માં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ વાક્યના પ્રધાન વાક્ય પછી આવું ચિહ્ન (;) છે. તે **અર્ધ-વિરામ** કહેવાય છે. એની પછી સહગામી વાક્ય છે, પણ સંયોજક નથી.

પૂર્ણવિરામ એટલે પૂરેપૂરો વિરામ — વાક્ય પૂરું થયાની નિશાની. **અલ્પવિરામ** એટલે થોડો વિરામ — વાક્યનો થોડો ભાગ પૂરો થયાની નિશાની. **અર્ધવિરામ** એટલે અલ્પવિરામથી વધારે, ને પૂર્ણ-વિરામથી ઓછો વિરામ. એ નિશાની સૂચવે છે કે વાક્યનો એક વિચાર પૂરો થયો, પણ હજી અર્થ પૂરો થયો નથી.

સંયુક્ત વાક્યમાં બે ટૂંકાં સહગામી વાક્યો હોય તો તેમની વચ્ચે વિરામચિહ્ન મુકાતું નથી. પણ જો સહગામી વાક્યો બેથી વધારે હોય અથવા લાંબાં હોય, તો તેમની વચ્ચે (સંયોજકની પહેલાં) અલ્પવિરામ કે અર્ધવિરામ મુકાય છે. કેટલીક વાર અર્ધવિરામ સંયોજકનું કામ કરે છે.

[૨]

નીચેનાં વાક્યોના પ્રકાર ઓળખો અને તેમાં અલ્પવિરામ કેવી રીતે વાપર્યું છે, તે તપાસો :—

(૧) માણસે સત્ય બોલવું, એ સર્વ ધર્મની આજ્ઞા છે.
(૨) જે ખર્ચ કરો છો, તેનો હિસાબ રાખજો.
(૩) જ્યાં તમે જશો, ત્યાં હું આવીશ.

દરેક વાક્ય **મિશ્ર** છે. તે દરેકમાં ગૌણ વાક્ય અને પ્રધાન વાક્યની વચ્ચે અલ્પવિરામ છે.

આ રીતે મિશ્ર વાક્યનો અર્થ સહેલાઈથી સમજાય તે માટે ગૌણ વાક્ય અને પ્રધાન વાક્ય વચ્ચે અલ્પવિરામ મુકાય છે; પણ સંયુક્ત વાક્યની માફક એ જગાએ અર્ધવિરામ મુકાતું નથી. મિશ્ર વાક્યનાં પેટા વાક્યો વચ્ચે અલ્પવિરામ ન હોય તોપણ ચાલે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

નીચેનાં વાક્યોમાં વપરાયેલાં વિરામચિહ્નો તપાસો :—

બાળાએ પૂછ્યું, "પેલું શું છે ?"	બાળાએ પૂછ્યું : "પેલું શું છે ?"
રજનીએ કહ્યું, "એ હાથી છે."	રજનીએ કહ્યું : "એ હાથી છે."
બાળા બોલી, "હાથી કેવો જાડો છે!"	બાળા બોલી : "હાથી કેવો જાડો છે!"

દરેક વાક્યમાં કોઈના બોલેલા શબ્દો કર્મ તરીકે વપરાયા છે. એ બોલેલા શબ્દોની આગળ-પાછળ **અવતરણચિહ્નો** (" ") મૂકેલાં છે.

પહેલા ખાનામાં પ્રધાન વાક્યની પછી (બોલેલા શબ્દોની પહેલાં) **અલ્પવિરામ** છે. બીજા ખાનામાં અલ્પવિરામની જગાએ આવું (:) ચિહ્ન છે. એને **મહાવિરામ** કહે છે.

પહેલા વાક્યમાં બોલેલા શબ્દોમાં પ્રશ્નનો અર્થ છે. તે બતાવવા **પ્રશ્નચિહ્ન** વાપર્યું છે. બીજામાં બોલેલા શબ્દોમાં ઉપરના પ્રશ્નનો જવાબ છે. તેને છેડે **પૂર્ણવિરામ** છે. ત્રીજામાં બોલેલા શબ્દોમાં નવાઈની લાગણી છે. તે બતાવવા **ઉદ્‌ગારચિહ્ન** વાપર્યું છે.

આ ઉપરથી સમજાય છે કે વાક્યમાં કોઈના બોલેલા શબ્દો કર્મ તરીકે વપરાય, ત્યારે તે શબ્દોની પહેલાંના ક્રિયાપદ આગળ **અલ્પવિરામ** કે **મહાવિરામ** મુકાય છે; અને બોલેલા શબ્દોની શરૂઆતમાં તેમ જ છેડે **અવતરણચિહ્નો** મુકાય છે. એ શબ્દોમાં જે અર્થ કે ભાવ હોય, તે પ્રમાણે તેમને છેડે પૂર્ણવિરામ, પ્રશ્નચિહ્ન કે ઉદ્‌ગારચિહ્ન મુકાય છે.

એ જ વાક્યોમાં અલ્પવિરામની જગાએ 'કે' મૂકીએ અને બોલેલા શબ્દોને લાગેલાં અવતરણચિહ્નો કમી કરીએ તોપણ ચાલે. દા. ત. બાળાએ પૂછ્યું કે પેલું શું છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪]

એ જ વાક્યો સંવાદરૂપે આ રીતે લખાય છે :—

બાળા : પેલું શું છે ?	બાળા — પેલું શું છે ?
રજની : એ હાથી છે.	રજની — એ હાથી છે.
બાળા : હાથી કેવો જાડો છે !	બાળા — હાથી કેવો જાડો છે !

અહીં પણ બોલેલા શબ્દોને અવતરણચિહ્નો લાગેલાં નથી. પરંતુ આમાં નવીનતા એ છે કે બોલનારના નામ પછી ક્રિયાપદ અને અલ્પવિરામને બદલે માત્ર **મહાવિરામ** કે **આડી લીટી** મૂકેલી છે. આ આડી લીટીને **રેખા** કહે છે.

[૫]

નીચેનાં વાક્યોમાં **રેખાનો** ઉપયોગ જુઓ :—

(૧) દિશાઓ ચાર છે — પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ.

(૨) હું પણ આવીશ — અવાશે તો.

(૩) રાત્રે — બાર વાગ્યા પછી — બધું નક્કી થયું.

(૧)માં રેખા પછીના શબ્દો વાક્યના મુખ્ય વિચારની વિગતો ગણાવે છે. અહીં રેખાને બદલે **મહાવિરામ** પણ વાપરી શકાય.

(૨)માં રેખા પછીના શબ્દો વાક્યના મુખ્ય વિચારમાં કંઈક ઉમેરો કરે છે અથવા તેની ચોખવટ કરે છે.

(૩)માં બે રેખાઓ વચ્ચે મૂકેલા શબ્દો 'રાત્રે' શબ્દના અર્થની ચોખવટ કરે છે. અહીં બે રેખાઓને બદલે બે અલ્પાવરામ અથવા **કૌંસ** ( ) પણ મુકાય છે.

આ રીતે, વાક્યમાં વિગતોની ગણતરી કરાવવી હોય, પાછ્થી કંઈ ઉમેરવું હોય, અથવા અર્થની ચોખવટ કરવા વચ્ચે કંઈ ઉમેરવું હોય, ત્યારે **રેખા** વપરાય છે. કેટલેક પ્રસંગે રેખાને બદલે **મહાવિરામ**, **અલ્પવિરામ** કે **કૌંસ** પણ વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૬]

તમારે અગાઉ ચાલેલાં વિરામચિહ્નો ઉપરાંત કેટલાંક નવાં વિરામચિહ્નોના ઉપયોગ આ પાઠમાં સમજાવ્યા છે. એ બધાંનાં નામ :— પૂર્ણવિરામ (.), પ્રશ્નચિહ્ન (?), ઉદ્‌ગારચિહ્ન (!), અવતરણચિહ્નો (“ ”), અલ્પવિરામ (,), અર્ધવિરામ (;), મહાવિરામ (:), રેખા (—), અને કૌંસ (   ).

હજી કેટલાંક વધુ વિરામચિહ્નો તમે આગળ જતાં શીખશો.

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોમાં જરૂર પ્રમાણે અલ્પવિરામ કે અર્ધવિરામ મૂકો :—

(ક) આપણે હતા ગણ્યાગાંઠ્યા દુશ્મનો હતા હજાર.

(ખ) ઘડિયાળમાં દશ વાગ્યા તેથી હું જવા તૈયાર થયો.

(ગ) જાનૈયાઓ ચાલતા જાય છે હુક્કા પીતા જાય છે અને વાતોના તડાકા હાંકતા જાય છે.

૨ નીચેનાં વાક્યોમાં યોગ્ય સ્થળે અલ્પવિરામ મૂકો :—

(ક) આમ નિયમિત કામ કરો તો જ આગળ વધાય.

(ખ) જ્યાં સુધી ઉંદર ઘરમાં હશે ત્યાં સુધી કશું સલામત નથી.

(ગ) ટોળામાં બ્રાહ્મણો હતા રજપૂતો હતા રબારીઓ ને કોળીઓ હતા.

(ઘ) કપડાં અનાજ શાકભાજી કાગળો વગેરે બધું પલળી ગયું !

૩ નીચેનાં વાક્યોમાં યોગ્ય સ્થળે અવતરણચિહ્નો અને બીજાં યોગ્ય વિરામચિહ્નો મૂકો :—

(ક) બ્રાહ્મણે પૂછ્યું મહારાજ આપ ક્યાં સુધી રહેશો

(ખ) તે બોલી ઊઠ્યો કેવી મજાની વસ્તુ તમે એ ક્યાંથી લાવ્યા

(ગ) રાજાએ લુહારને કહ્યું હવે મારાથી વધારે કામ નહિ થાય માટે મને મારી મજૂરી આપો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૪ નીચેનાં વાક્યો સંવાદરૂપે લખો :—

મૂળરાજે રબારીને પૂછ્યું તમે ક્યાં ચાલ્યા રબારીએ જવાબ આપ્યો જઈશું સાબરમતીની પાર મૂળરાજે પૂછ્યું ત્યાં જઈને શું કરશો

૫ નીચેનાં વાક્યોમાં જરૂર પ્રમાણે મહાવિરામ, રેખા, અલ્પવિરામ કે કૌંસ મૂકો:—

(ક) લશ્કરના ત્રણ વિભાગ છે ખુશ્કી તરી અને હવાઈ.

(ખ) દરેકે આટલું તો કરવું જ જોઈએ અભ્યાસ જાતમહેનત અને ઘરડાંની સેવા.

(ગ) હું તો આભો જ બની ગયો દિલગીરીથી નહિ આશ્ચર્યથી.

(ઘ) એણે પોતાનાં બધાં ઘરેણાં લગ્નનું મંગળસૂત્ર સુધ્ધાં વેચી નાખ્યાં.

(ઙ) જમીન ખોદવી બી વાવવાં ક્યારાને પાણી પાવું એ બધામાં મહેનત છે પણ આનંદ પણ છે.

પાઠ સત્તરમો

અન્વય

[૧]

નીચેનાં વાક્યોમાં પદોનો ક્રમ જુઓ :—

(૧) પંખી | ખાય છે.

(૨) પંખી | **ફળ** ખાય છે.

(૩) **પીળું** પંખી | **પાકાં** ફળ ખાય છે.

(૪) પીળું પંખી | **રોજ** પાકાં ફળ ખાય છે.

(૫) **ડાળે બેઠેલું** પીળું પંખી | **રોજ | સવારે | આવી** પાકાં ફળ **શોધી શોધીને** ખાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧)માં પહેલું પદ કર્તા છે; બીજાં બે મળીને ક્રિયાપદ બને છે. કર્તા અને ક્રિયાપદને છૂટાં પાડવા તેમની વચ્ચે ઊભી લીટી મૂકેલી છે.

વાક્યમાં બે પદો જ મુખ્ય હોય છે—કર્તા અને ક્રિયાપદ. **કર્તા પહેલો અને ક્રિયાપદ પછી આવે છે.**

(૨)માં ક્રિયાપદની પહેલાં **ફળ** એ પદ **કર્મ** છે. **ક્રિયાપદનું કર્મ (કે ક્રિયાપૂરક) ક્રિયાપદની પહેલાં આવે છે.**

(૩)માં **પીળું** અને **પાકાં** એ દરેક પદ વિશેષણ છે, અને તે પોતાના વિશેષ્યની પહેલાં આવેલું છે. આ રીતે, **વિશેષણ વિશેષ્યની પહેલાં ગોઠવાય છે.**

(૪)માં **રોજ** એ પદ ક્રિયાનો સમય બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય છે, અને તે કર્મની પહેલાં ગોઠવાયું છે.

(૫)માં પહેલો શબ્દસમૂહ કર્તાના વિશેષણનું કામ કરે છે. તે કર્તાની પહેલાં ગોઠવાયો છે. બીજા બે શબ્દસમૂહો ક્રિયાવિશેષણ અવ્યયનું કામ કરે છે. તેમાંનો એક કર્મની પહેલાં અને બીજો ક્રિયાપદની પહેલાં છે. આ ત્રણે શબ્દસમૂહોમાં કૃદંતો છે. તે કૃદંતો વડે દર્શાવેલી ક્રિયાઓ જે ક્રમે બને છે તે ક્રમે પદો ગોઠવાયાં છે. આ રીતે, **ક્રિયાવિશેષણનું પદ અથવા તેવા અર્થના શબ્દસમૂહો ક્રિયાપદની પહેલાં એવી રીતે ગોઠવાય છે કે તે વડે વાક્યના વિચારો સરળતાથી સમજાય છે.**

આ બધા ઉપરથી સમજાય છે કે વાક્યમાં કર્તા પહેલો અને ક્રિયાપદ છેલ્લું આવે છે. કર્તાના અર્થમાં વધારો કરનારાં પદો કર્તાની પહેલાં આવે છે, અને ક્રિયાપદના અર્થમાં વધારો કરનારાં કે તેના ખૂટતા અર્થને પૂરો કરનારાં પદો ક્રિયાપદની પહેલાં આવે છે. જો વાક્યમાં એક કરતાં વધારે ક્રિયાઓનું વર્ણન હોય, તો ક્રિયાઓના ક્રમ પ્રમાણે પદો ગોઠવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાક્યમાં પદોની ગોઠવણુ માટે આ સામાન્ય નિયમ છે. એને **અન્વય** કે **પદવિન્યાસ**નો નિયમ કહે છે.

[૨]

આ વાક્યોમાં પદોનો ક્રમ જુઓ :—

પ્રશ્ન	ઉત્તર
(૧) માળી **શું** કરે છે ?	માળી **ઝાડને પાણી પાય** છે.
(૨) ઝાડને **કોણ** પાણી પાય છે?	ઝાડને **માળી** પાણી પાય છે.
(૩) ઝાડને પાણી **કોણ પાય** છે?	ઝાડને પાણી **માળી પાય** છે.

માત્ર (૧)માં જ પદોનો સામાન્ય ક્રમ સચવાયો છે; (૨) અને (૩)માં સચવાયો નથી. છતાં દરેક વાક્યનો અર્થ સમજાય છે.

પ્રશ્ન પૂછવામાં જે મુદ્દાનો જવાબ જોઈતો હોય એ મુદ્દાનાં પદો ઉપર ભાર મુકાય છે. એ ઉપરથી પ્રશ્નના જવાબમાં પણ એ મુદ્દાનાં પદો ઉપર ભાર મુકાય છે. એમ કરતાં વાક્યનાં પદોનો ક્રમ બદલાય છે. ઉપરનાં વાક્યોમાં જાડા અક્ષરવાળાં પદો જોવાથી આ હકીકત સમજાય છે.

[૩]

હવે આ વાક્યો જુઓ :—

(૧) એક **હતો** રાજા અને એક **હતી** રાણી.
(૨) છે કોઈ અહીં **હરિનો લાલ** ?
(૩) કોઈ હરિનો લાલ છે **અહીં** ?
(૪) કોણ ખખડાવે છે **બારણું** ?

આવાં વાક્યો રોજ બોલાય છે. એમાં પદોનો સામાન્ય ક્રમ બદલાય છે. એમ થવાથી વાક્યોમાં જુદા જુદા ભાવ દર્શાવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪]

નીચેનાં વાક્યો સમજાય છે ?

(૧) ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે.
(૨) રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો, મુકામ તેણે વનમાં જમાવ્યો.

આ વાક્યો કાવ્યમાં વપરાયેલાં છે. એમાં પદોનો ક્રમ એટલો બધો બદલાયો છે કે અર્થ સમજવા પ્રયત્ન કરવો પડે છે. નિયમ પ્રમાણે એ વાક્યોનાં પદો આમ ગોઠવાય:—

(૧) જગતનો **નાથ** તારે શિરે જે **ગુજારે** તે (**તું**) **સહેજે.**
(૨) (**તમે**) **જુઓ** આ રૂડો **ઋતુરાજ આવ્યો. તેણે** વનમાં મુકામ **જમાવ્યો.**

જાડા અક્ષરવાળાં પદો કર્તા–ક્રિયાપદ સૂચવે છે. તેમનો અર્થ સમજાય તો વાક્યનો અર્થ સમજાય.

કાવ્યમાં છંદ કે ડોલન માટે તેમ જ જુદા જુદા ભાવો ઉપજાવવા માટે વાક્યનાં પદોનો ક્રમ બદલવો પડે છે. આવાં વાક્યો ન સમજાય ત્યારે તેમનાં પદોનો ક્રમ બેસાડવો જોઈએ. આ ક્રિયાને ‘અન્વય કરવો’ એમ કહે છે.

[૫]

આમ અન્વયના સામાન્ય નિયમનો વિવિધ કારણે ભંગ થતો હોવાથી, બોલનારનો હેતુ અને આગળ–પાછળનો સંબંધ જોઈ વાક્યનો અર્થ બેસાડવો જોઈએ.

અન્વયના એક જ નિયમની આ પાઠમાં સમજ આપી છે. બાકીના નિયમો તમે આગળ જતાં શીખશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ નીચેના શબ્દો ને શબ્દસમૂહો ગોઠવીને વાક્યો બનાવો :—

(ક) આંખો છે | મારી | તો | દુઃખવા | આવી

(ખ) વિમુ | પાવાગઢ | ને | તું | આજે | જવાની હતી

(ગ) રથ | સોરઠની | હદ | આમ કરતાં | પાસે | આવી પહોંચ્યો

(ઘ) ખુશી થયા | નદીને કાંઠે | અમે | ગોવિંદનું ખેતર | જોઈ | ડાંગરના પાકથી ભરેલું |

૨ નીચેનાં વાક્યોમાં પદોનો ક્રમ સામાન્ય નિયમ પ્રમાણે ગોઠવો:—

(ક) છે બોલવાની હિંમત એનામાં ?

(ખ) હું ડરતો નથી કંઈ તમારાથી.

(ગ) શું કરશો તમે મને અહીંથી નહિ ઊઠું તો ?

(ઙ) જાઓ ને હવે જતા હો ત્યાં !

(ચ) તસ્કર ખાતર પાડવા, ગયા વણિકને ઘેર.
તહાં ભીંત તૂટી પડી, ચોર દબાયા ચાર.

(છ) ધોમ ધખ્યો મધ્યાહ્ન તણો, ને થંભ્યા રણુવગડાના વા,
થભ્યો શિર પર સૂરજ આવી, લૂ લાગી તન સળગાવા.

૩ નીચેનાં વાક્યોમાં ખૂટતાં પદો ઉમેરો : —

(ક) મદદ કરે તે મિત્ર.

(ખ) રામ રાખે તેને કોણ ચાખે ?

(ઘ) આજે સાંજે આવો તો બાગમાં જઈએ.

(ઙ) સમય પલટાય છે ત્યારે બધું પલટાય છે.

(ચ) એ માગે તો માથું આપું.

(છ) આવ્યા મળવા તો બેસાડ્યા દળવા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ અઢારમો

ક્રિયાપદ — ધાતુ અને ભેદ

[૧]

નીચેનાં વાકયોનાં ક્રિયાપદોના ધાતુ અને તેમનાં ધાતુનામ કહો :—

(૧) ખેડૂત જમીન ખેડે છે.
(૨) જમીનદાર ખેડૂત પાસે જમીન ખેડાવે છે.
(૩) જમીનદાર ખેડૂત મારફતે મજૂર પાસે જમીન ખેડાવડાવે છે.

ક્રિયાપદના મૂળ શબ્દને ધાતુનામ કહે છે. દરેક ધાતુ-નામને છેડે 'વું' હોય છે. દા. ત. 'લખવું' એ લખે છે, લખ્યું, લખશે, વગેરે બધાં ક્રિયાપદોનું ધાતુનામ છે.

ધાતુ એ ક્રિયાપદનું ટૂંકામાં ટૂંકું રૂપ છે. ક્રિયાપદને એટલે ધાતુનામને 'તું' કર્તા લગાડી આજ્ઞા કરવાથી ક્રિયાપદનું જે રૂપ થાય તે ક્રિયાપદનો ધાતુ. **ધાતુ શોધવાની આ ચાવી છે.** દા. ત. 'તું લખ.' એમાં 'લખ' એ 'લખવું' નો ધાતુ છે, તેમ જ તેનું આજ્ઞાર્થનું રૂપ છે.

આ નિયમ પ્રમાણે ઉપરનાં ક્રિયાપદોના ધાતુ અને તેમનાં ધાતુ-નામ નીચે પ્રમાણે થશે :—

ક્રિયાપદ	ધાતુ	ધાતુનામ
ખેડે છે	ખેડ	ખેડવું
ખેડાવે છે	ખેડાવ	ખેડાવવું
ખેડાવડાવે છે	ખેડાવડાવ	ખેડાવડાવવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

ઉપરના ધાતુઓમાં 'ખેડ' એ **મૂળ ધાતુ** છે. 'ખેડાવ' અને 'ખેડાવડાવ' એ મૂળ ધાતુના રૂપમ ફેરફાર થવાથી બનેલા ધાતુઓ છે. એ દરેક **સાધિત ધાતુ** કહેવાય છે.

ખેડાવ, ખેડાવડાવ — આ બંને સાધિત ધાતુઓમાં બીજો પહેલા ઉપરથી બનેલો છે. તેથી તે (ખેડાવડાવ) **પુનઃસાધિત ધાતુ** કહેવાય છે. પુનઃસાધત એટલે ફરીથી બનાવેલો.

આ રીતે ધાતુના ત્રણ મુખ્ય પ્રકાર છે :— મૂળ ધાતુ, સાધિત ધાતુ, પુનઃસાધિત ધાતુ. આ ત્રણે પ્રકારના ધાતુઓને કાળ, અર્થ, જાતિ, વચન, પુરુષ, વગેરેના પ્રત્યયો લાગતાં વિવિધ રૂપો બને છે. એ બધાં રૂપો આપણે વાપરીએ છીએ.

[૩]

એ ત્રણે પ્રકારના ધાતુઓના અર્થ જોઈએ.

ખેડે છે — એમાં **મૂળ ધાતુ** છે. એનો અર્થ એ થાય છે કે ખેડવાની ક્રિયા કરનાર ખેડૂત છે. ખેડૂત પોતાની મેળે જ એ ક્રિયા કરે છે.

ખેડાવે છે — એમાં **સાધિત ધાતુ** છે. એ સૂચવે છે કે ખેડૂત પોતાની મેળે ખેડવાની ક્રિયા કરતો નથી; પણ જમીનદાર તેને એ ક્રિયા કરવાનું કહે છે (ક્રિયા કરવા પ્રેરે છે), માટે તે ક્રિયા કરે છે. એટલે 'ખેડાવ' ધાતુ બે ક્રિયાઓ દર્શાવે છે : એક મૂળ ક્રિયા અને બીજી પ્રેરવાની ક્રિયા. એમાં પ્રેરવાની ક્રિયાનો અર્થ આગળ પડતો છે. આ રીતે સાધિત ધાતુમાં પ્રેરક અર્થ હોવાથી તે **પ્રેરક** અથવા **પ્રયોજક ધાતુ** પણ કહેવાય છે.

ખેડાવડાવે છે — એમાં **પુનઃસાધિત ધાતુ** છે. એનો અર્થ એ છે કે જમીનદાર ખેડૂતને પ્રેરે છે, ખેડૂત મજૂરોને પ્રેરે છે, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજૂરો ખેડવાની ક્રિયા કરે છે. એમાં બે પ્રેરણાની ક્રિયાઓ અને એક ખેડવાની ક્રિયા, એમ ત્રણ ક્રિયાઓનો અર્થ છે. તેમાંની બીજી પ્રેરણાનો અર્થ આગળ પડતો છે. આ રીતે પુનઃસાધિત ધાતુમાં બીજી પ્રેરણાનો અર્થ હોવાથી તે **પુનઃપ્રેરક** અથવા **પુનઃપ્રયોજક ધાતુ** પણ કહેવાય છે.

[૪]

હવે ઉપરનાં [૧] નાં વાક્યોના અર્થને આ વાક્યોના અર્થ સાથે સરખાવો :—

(૧) ખેડૂતથી જમીન **ખેડાય છે.**
(૨) જમીનદારથી ખેડૂત પાસે જમીન **ખેડાવાય છે.**
(૩) જમીનદારથી ખેડૂત મારફતે મજૂર પાસે જમીન **ખેડાવડાવાય છે.**

અર્થ અગાઉના જેવો જ છે. પરંતુ અગાઉનાં વાક્યોમાં ક્રિયાપદનું રૂપ એમ સૂચવે છે કે બોલનાર કર્તા ઉપર ભાર મૂકે છે. આ વાક્યોમાં ક્રિયાપદનું રૂપ એમ સૂચવે છે કે બોલનાર કર્મ ઉપર ભાર મૂકે છે.

આ વાક્યોનાં ક્રિયાપદોના ધાતુ અને તેમનાં ધાતુનામ આ પ્રમાણે થશે :—

ક્રિયાપદ	**ધાતુ**	**ધાતુનામ**
ખેડાય છે	ખેડા	ખેડાવું
ખેડાવાય છે	ખેડાવા	ખેડાવાવું
ખેડાવડાવાય છે	ખેડાવડાવા	ખેડાવડાવાવું

આ ધાતુઓ અગાઉના ધાતુઓ ઉપરથી સાધિત થયેલા છે. એ બતાવે છે કે મૂળ ધાતુ ઉપરથી વિવિધ પ્રકારના અર્થવાળા ધાતુઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધિત થાય છે. અને એ દરેક નવો ધાતુ કાળ, અર્થ વગેરેનાં વિવિધ રૂપો ધારણ કરે છે.

[૫]

મૂળ ક્રિયાપદ ઉપરથી બનેલાં ક્રિયાપદોનાં વિવિધ રૂપોના અર્થનો તફાવત બતાવવા ક્રિયાપદના **ભેદ** પાડવામાં આવે છે.

ખેડે છે — એમાં 'ખેડવું' એ મૂળ ક્રિયાપદ પોતાના મૂળ અર્થમાં વપરાયું છે. **ક્રિયાપદના મૂળ અર્થને ક્રિયાપદનો મૂળ ભેદ કહે છે.** તેથી 'ખેડે છે' એ ક્રિયાપદ મૂળ ભેદમાં છે, એમ બોલાય છે.

ખેડાવે છે — એમાં મૂળ ક્રિયાપદ (ખેડવું) **પ્રેરક અર્થમાં** વપરાયું છે. **ક્રિયાપદના પ્રેરક અર્થને ક્રિયાપદનો પ્રેરક ભેદ કહે છે.** તેથી 'ખેડાવે છે' એ ક્રિયાપદ પ્રેરક ભેદમાં છે, એમ બોલાય છે.

ખેડાવડાવે છે — એ ક્રિયાપદ પણ પ્રેરક ભેદમાં ગણાય છે.

ખેડાય છે — એમાં મૂળ ક્રિયાપદ (ખેડવું)નો જ અર્થ છે. પરંતુ એ રૂપથી કર્મ ઉપર ભાર મુકાય છે; કર્મ ક્રિયા સહન કરે છે, એવું સૂચવાય છે. **જ્યારે ક્રિયાપદના રૂપથી એમ સૂચવાય કે ક્રિયા સહન કરનાર કર્મ છે, ત્યારે તેને ક્રિયાપદનો સહ્ય ભેદ કહે છે.** તેથી 'ખેડાય છે' એ ક્રિયાપદ સહ્યભેદમાં છે, એમ બોલાય છે.

ખેડાવાય છે, ખેડાવડાવાય છે — એ પ્રેરક ધાતુઓનાં સહ્ય ભેદનાં રૂપો છે.

આ રીતે અર્થ ઉપરથી ક્રિયાપદના ત્રણ મુખ્ય ભેદ પડે છે: **મૂળ ભેદ, પ્રેરક ભેદ અને સહ્ય ભેદ.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ ક્રિયાપદ, ધાતુ અને ધાતુનામ — એ શબ્દોનો તફાવત દાખલા આપી સમજાવો.

૨ ધાતુ શોધવાની રીત સમજાવો. ધાતુનામ શી રીતે ઓળખાય? નીચેનાં ક્રિયાપદોના ધાતુ શોધી આપો :—

ગયો, દેખાય છે, હલાવે છે, સમજાવવું હતું.

૩ ધાતુના મુખ્ય પ્રકાર કહો. દરેક પ્રકારનો એક એક દાખલો આપો.

૪ નીચેનાં વાક્યોમાંથી ક્રિયાપદના ભેદ પારખો :—

(ક) આજે અમે ફોટો પડાવ્યો.
(ખ) છોકરાઓ પતંગ બનાવે છે.
(ગ) યુદ્ધમાં હાથી મરાયો.
(ઘ) તે ગોફણથી વાંદરાંને નસાડે છે.
(ઙ) પિતાજી મારી પાસે કાગળ લખાવે છે.
(ચ) મારાથી એ મણ બોજો ઊંચકાશે.

૫ નીચેનાં ક્રિયાપદોને માગ્યા પ્રમાણે વાપરી બતાવો :—

(ક) ઊગવું, છૂટવું, તરવું (પ્રેરક ભેદ)
(ખ) દાટવું, ધોવું, મૂકવું (સહ્ય ભેદ)
(ગ) બેસાડવું, સંતાડવું, ચઢાવવું (મૂળ ભેદ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ઓગણીસમો

ક્રિયાપદ — પ્રકાર

[૧]

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદોના પ્રકાર ઓળખો :—

(૧) છોકરા **રમે** છે.	**અકર્મક**
(૨) તે માંદો રહે છે.	**અપૂર્ણક્રિયાવાચક અકર્મક** (ક્રિયાપૂરક : માંદો)
(૩) છોકરા ખોખો **રમે** છે.	**સકર્મક** અથવા **એકકર્મક** (કર્મ : ખોખો)
(૪) વિનુ ભાનુને **બોલાવે** છે.	**સકર્મક** અથવા **એકકર્મક** (કર્મ : ભાનુને)
(૫) પ્રમુખ વિજયને ચંદ્રક **પહેરાવે** છે.	**દ્વિકર્મક** (પ્રધાન કર્મ : ચંદ્રક; ગૌણ કર્મ : વિજયને)
(૬) અમે જસુને મંત્રી **નીમ્યો હતો.**	**અપૂર્ણક્રિયાવાચક સકર્મક** (કર્મ : જસુ; ક્રિયાપૂરક : મંત્રી)
(૭) તે વાર્તા **વાંચી રહ્યો હશે.**	**સકર્મક સંયુક્ત ક્રિયાપદ**

પહેલા વાક્યમાં 'રમે છે' એ અકર્મક ક્રિયાપદ છે. ત્રીજામાં તે સકર્મક છે. આ બતાવે છે કે સકર્મક ક્રિયાપદ કેટલીક વાર અકર્મક તરીકે વપરાય છે.

સંયુક્ત ક્રિયાપદ બનતાં મૂળ ધાતુ કૃદંત બને છે અને બીજા ધાતુને કાળવાચક પ્રત્યયો લાગી આખા સંયુક્ત ક્રિયાપદનું રૂપ બને છે. આ રીતે બે ધાતુઓનું જોડાણ થતાં મૂળ ધાતુના અર્થમાં સંપૂર્ણતા, ઉતાવળ, વગેરે અર્થો ઉમેરાય છે અને તેની સાથે જોડાયેલા ધાતુનો અર્થ જતો રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંયુક્ત ક્રિયાપદના પણ સામાન્ય ક્રિયાપદના જેવા પ્રકારો હોય છે. રોજના વ્યવહારની ભાષામાં આવાં સંયુક્ત ક્રિયાપદો ઘણાં વપરાય છે.

ઉપરનાં ક્રિયાપદોમાં વપરાયેલાં **છે, હતો, હશે** એ દરેક **સહાયકારી ક્રિયાપદ** કહેવાય છે.

ક્રિયાપદના આ પ્રકારો આપણે શીખી ગયાં છીએ.

[૨]

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદોના અર્થ વિચારો :—

(૧) મારા પેટમાં **દુખે છે.**

(૨) અમારે એને સારું **બને છે.**

શું દુખે છે ? શું બને છે ? દુખનાર કોણ છે ? બનનાર કોણ છે ? આ પ્રશ્નોના ઉત્તર વાક્યમાં દર્શાવેલા નથી. આ ક્રિયાપદો એવાં છે કે તેમના કર્તાનું પદ વાક્યમાં વાપરેલું નથી. છતાં વાક્યનો અર્થ સમજાય છે. ‘દુખે છે’ એટલે દુઃખની લાગણી અનુભવાય છે. ‘બને છે’ એટલે સંપનો ભાવ અનુભવાય છે. એટલે આ ક્રિયાપદોની ક્રિયા નજરે જોઈ શકાતી નથી, પણ હૃદયમાં અનુભવાય છે. એમાં ભાવ કે લાગણીનો અર્થ છે. એ ભાવ કે લાગણી જાતે જ ક્રિયા કરે છે. તેથી કર્તાનો અર્થ ક્રિયાપદમાં જ આવી જાય છે. આવા ક્રિયાપદને **ભાવ-કર્તૃક ક્રિયાપદ** કહે છે. જેમાં ભાવ કર્તા હોય તે ભાવકર્તૃક ક્રિયાપદ. એવા ક્રિયાપદ માટે કર્તાનું પદ વાપરવાની જરૂર પડતી નથી.

[૩]

નીચેનાં ક્રિયાપદોનો અર્થ જુઓ :—

હું છું.	અમે છીએ.	હું છું **નહિ(નથી).**	અમે છીએ **નહિ(નથી).**
તું છે.	તમે છો.	તું છે **નહિ(નથી).**	તમે છો **નહિ (નથી).**
તે છે.	તેઓ છે.	તે છે **નહિ(નથી).**	તેઓ છે **નહિ (નથી).**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પહેલા ખાનામાં ક્રિયાપદો હ-કારવાચક છે. એ દરેક **વિધિવાચક ક્રિયાપદ** કહેવાય છે.

બીજા ખાનામાં તે જ ક્રિયાપદો સાથે **નહિ** જોડાવાથી તે ન-કાર-વાચક બન્યાં છે. એ દરેક **નિષેધવાચક ક્રિયાપદ** કહેવાય છે.

છું, છીએ, છે, છો — એ દરેક ક્રિયાપદ 'છ' ધાતુનું વર્તમાન કાળનું **વિધિવાચક** રૂપ છે.

છું નહિ, છીએ નહિ, છો નહિ, છે નહિ, નથી — એ દરેક 'છ' ધાતુનું વર્તમાનકાળનું **નિષેધવાચક** રૂપ છે. તેમાં **નથી** એ રૂપ બધા પુરુષ, વચન, જાતિમાં સરખું જ રહે છે. તેથી એ શબ્દ સામાન્ય રીતે **નિષેધવાચક ક્રિયાપદ** કહેવાય છે. પરંતુ તેને બદલે વપરાતાં 'છું નહિ,' 'છીએ નહિ,' વગેરે રૂપો પણ નિષેધવાચક ક્રિયાપદો જ છે.

[૪]

નીચેનાં નિષેધવાચક ક્રિયાપદો જુઓ :—

(૧) હું **હતો નહિ** (ન હતો, નહોતો).
(૨) હું **ભણતો નથી** (ભણતો છું નહિ, નથી ભણતો).
(૩) હું **ભણતો નહિ** (ભણતો ન હતો, ભણતો નહોતો, નહોતો ભણતો, ભણતો હતો નહિ).
(૪) હું **ભણીશ નહિ** (ભણતો હોઈશ નહિ).

(૧)માં 'હો' ધાતુનાં ભૂતકાળનાં નિષેધવાચક રૂપો છે. (૨)માં 'ભણ' ધાતુનાં (સાદા તેમ જ ચાલુ) વર્તમાનકાળનાં નિષેધવાચક રૂપો છે. (૩)માં એ જ ધાતુનાં (સાદા તેમ જ ચાલુ) ભૂતકાળનાં અને (૪)માં (સાદા તેમ જ ચાલુ) ભવિષ્યકાળનાં નિષેધવાચક રૂપો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરથી સમજાય છે કે ક્રિયાપદનાં કાળવાચક રૂપ પછી કે પહેલાં ‘નહિ’ અથવા ‘ન’ આવતાં નિષેધવાચક રૂપ બને છે. ‘નથી’ વડે વર્તમાનકાળનું નિષેધવાચક રૂપ ઓળખાય છે.

[૫]

ક્રિયાપદના મુખ્ય બે પ્રકાર છે: અકર્મક અને સકર્મક. અકર્મક ક્રિયાપદના બે પેટા પ્રકાર છે : સંપૂર્ણક્રિયાવાચક અને અપૂર્ણ-ક્રિયાવાચક. સકર્મક ક્રિયાપદના ત્રણ પેટા પ્રકાર છે: એકકર્મક, દ્વિકર્મક અને અપૂર્ણક્રિયાવાચક સકર્મક.

આ મુખ્ય પ્રકારનાં ક્રિયાપદો વિવિધ અર્થમાં વપરાતાં હોવાથી, તેમના ખાસ પ્રકાર પાડવામાં આવે છે. તેમાંના મુખ્ય ત્રણ છે: સંયુક્ત, સહાયકારી અને ભાવકર્તૃક.

ઉપરના તમામ પ્રકારો વિધિવાચક અને નિષેધવાચક રૂપમાં વપરાય છે.

ક્રિયાપદના બાકીના પ્રકારો તમે આગળ જતાં શીખશો.

સ્વાધ્યાય

૧ ક્રિયાપદના મુખ્ય પ્રકાર અને પેટા પ્રકાર દર્શાવતો કોઠો બનાવો.

૨ નીચેનાં ક્રિયાપદોને વાક્યમાં વાપરી બતાવો અને તેમના પ્રકાર ઓળખો :— ખાવું, રુચવું, બોલવું, ગમવું, ભાવવું, શીખવું.

૩ દ્વિકર્મક અને અપૂર્ણક્રિયાવાચક સકર્મક ક્રિયાપદના બે બે દાખલા આપો. તે દરેકને વાક્યમાં વાપરી તેમનાં કર્મ અને ક્રિયાપૂરક ઓળખાવો.

૪ નીચેનાં વાક્યોમાં ક્રિયાપદોને નિષેધવાચક બનાવો :—

(ક) મને તમારી ટેવ બહુ ગમી.

(ખ) અમે રોજ રામાયણ વાંચીએ છીએ.

(ગ) નાનપણમાં અમે બહુ દોડતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ઘ) એ બિલાડીને ગળે ઘંટડી બાંધો.
(ङ) જો આ પ્રમાણે કહેશો તો તે ખુશ થશે.

૫ નીચેનાં વાક્યોમાંથી ક્રિયાપદો અને તેમના પ્રકાર ઓળખો :—

(ક) નાનાં મોટાં સૌ તેને ઓળખે.
(ખ) જ્યારે તે બોલવા માંડે છે, ત્યારે બોલ્યાં જ કરે છે.
(ગ) હજીયે તું આ ધંધો નહિ છોડી દે?
(ઘ) બકરી કાઢતાં ઊંટ પેઠું.
(ङ) તમારે એને બનતું નથી એ જોઈ હું દિલગીર છું.
(ચ) સારું કહેવા ગયો ત્યારે તમને તે ન ગમ્યું.
(છ) હવે મને ફાવી ગયું છે; કશી અડચણ નથી.
(જ) અત્યારે તું આ લઈ લે અને પાછળથી બીજું માગતાં અચકાઈશ નહિ.

પાઠ વીસમો

ક્રિયાપદ — પ્રયોગો

[૧]

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદનો પ્રયોગ ઓળખો :—

(૧) હું વાર્તા કહું છું (કહીશ).
(૨) તમે વાર્તા કહો છો (કહેશો).
(૩) ઉષા વાર્તા કહે છે (કહેશે).
(૪) છોકરાં વાર્તા કહે છે (કહેશે).

ક્રિયાપદ કર્તા પ્રમાણે ફરે છે, એટલે **ક્રિયાનાથ કર્તા** છે. તેથી ક્રિયાપદનો **કર્તરિ પ્રયોગ** છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદનો પ્રયોગ ઓળખો :—

(૧) મેં વાર્તા કહી.	(૩) ઉષાએ વાર્તા કહી.
(૨) તમે વાર્તા કહી.	(૪) છોકરાંએ વાર્તા કહી.

ક્રિયાપદ કર્મ પ્રમાણે ફરે છે, એટલે **ક્રિયાનાથ** કર્મ છે. તેથી ક્રિયાપદનો **કર્મણિ પ્રયોગ** છે.

[૩]

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદનો પ્રયોગ ઓળખો :—

(૧) હું ચાલું છું (ચાલીશ).	(૧) નટુ ચાલ્યો.
(૨) તમે ચાલો છો (ચાલશો).	(૨) ઉષા ચાલી.
(૩) તે ચાલે છે (ચાલશે).	(૩) છોકરાં ચાલ્યાં.

ક્રિયાનાથ કર્તા છે, તેથી ક્રિયાપદનો **કર્તરિ પ્રયોગ** છે.

[૧], [૨]માં 'કહેવું' એ સકર્મક ક્રિયાપદ વપરાયું છે. અહીં 'ચાલવું' એ અકર્મક ક્રિયાપદ છે. સકર્મક ક્રિયાપદના વર્તમાનકાળ અને ભવિષ્યકાળમાં કર્તરિ પ્રયોગ થયો છે; ભૂતકાળમાં કર્મણિ પ્રયોગ થયો છે. કર્મણિ પ્રયોગમાં કર્તા ત્રીજી વિભક્તિમાં છે. તેને 'એ' પ્રત્યય લાગ્યો છે. અકર્મક ક્રિયાપદનો ત્રણે કાળમાં કર્તરિ પ્રયોગ થયો છે.

[૪]

હવે નીચેનાં વાક્યોમાં ક્રિયાપદનો પ્રયોગ ઓળખો :—

(૧) મારાથી વાર્તા કહેવાય છે (કહેવાઈ, કહેવાશે).

(૨) તમારાથી વાર્તા કહેવાય છે (કહેવાઈ, કહેવાશે).

(૩) ઉષાથી વાર્તા કહેવાય છે (કહેવાઈ, કહેવાશે).

(૪) છોકરાંથી વાર્તા કહેવાય છે (કહેવાઈ, કહેવાશે).

ક્રિયાપદનાં ત્રણે કાળનાં રૂપો ઉપરથી કર્મ સૂચવાય છે. એટલે **ક્રિયાનાથ કર્મ** છે. તેથી ક્રિયાપદનો **કર્મણિ પ્રયોગ** છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કર્મણિ પ્રયોગમાં ક્રિયાપદ સહ્ય ભેદમાં છે. તે ત્રણે કાળમાં વાપરી શકાય છે. અને કર્તા ત્રીજી વિભક્તિમાં છે. પણ તેને 'થી' પ્રત્યય લાગ્યો છે.

ઉપર [૨]ના કર્મણિ પ્રયોગમાં ક્રિયાપદ મૂળ ભેદમાં છે. તે માત્ર ભૂતકાળમાં છે. તેનો કર્તા પણ ત્રીજી વિભક્તિમાં છે. પણ તેને 'એ' પ્રત્યય લાગ્યો છે.

[૫]

હવે આ વાક્યો જુઓ :—

(૧) મારાથી ચલાય છે (ચલાશે).	(૧) નટુથી ચલાયું.
(૨) તમારાથી ચલાય છે (ચલાશે).	(૨) ઉષાથી ચલાયું.
(૩) તેનાથી ચલાય છે (ચલાશે).	(૩) છોકરાંથી ચલાયું.

અહીં કર્તાને ઉપરની માફક 'થી' પ્રત્યય લાગ્યો છે. ક્રિયાપદ સહ્ય ભેદનું જણાય છે. પણ તેનું કર્મ દેખાતું નથી. વળી ભૂતકાળમાં કર્તા ત્રણે જાતિમાં હોવા છતાં ક્રિયાપદનું રૂપ **નાન્યતર જાતિ એકવચનમાં** જ છે.

ત્યારે આ વાક્યમાં કર્મ શું ? એમાં કર્મ હોઈ શકે નહિ, કારણ કે ક્રિયાપદ અકર્મક છે. પરંતુ તે ક્રિયાપદ સહ્ય ભેદમાં વપરાયું છે. તેથી તેમાં **ક્રિયા ઉપર ભાર મૂકેલો** છે. ક્રિયા પોતે જ કર્મનું કામ કરે છે. શું ચલાય છે ? ચાલવાનું (ચાલવાની ક્રિયા) ચલાય છે.

વ્યાકરણમાં ક્રિયાને **ભાવ** કહે છે.. તેથી જે ક્રિયાપદમાં ક્રિયા ઉપર ભાર હોય તેને **ભાવે પ્રયોગ** કહેવાય છે. ભાવે એટલે ભાવના (ક્રિયાના) અર્થમાં.

આ ઉપરથી સમજાય છે કે **અકર્મક ક્રિયાપદનો કર્મણિ પ્રયોગ હોઈ શકે નહિ. પરંતુ તે જ્યારે સહ્ય ભેદમાં વપરાય ત્યારે તેનો ભાવે પ્રયોગ થાય છે.** ભાવે પ્રયોગમાં ક્રિયાપદ ત્રણે કાળમાં હોઈ શકે છે, પણ તે હમેશ નાન્યતર જાતિ એકવચનમાં હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૬]

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદનો પ્રકાર અને પ્રયોગ ઓળખો :—

(૧) હું બોલું છું.	અકર્મક, કર્તરિ પ્રયોગ.
(૨) મારાથી બોલાય છે.	અકર્મક, ભાવે પ્રયોગ. (સહ્ય ભેદ)
(૩) હું કવિતા બોલું છું.	સકર્મક, કર્તરિ પ્રયોગ.
(૪) હું કવિતા બોલ્યો.	સકર્મક, કર્તરિ પ્રયોગ.
(૫) મારાથી કવિતા બોલાય છે.	સકર્મક, કર્મણિ પ્રયોગ. (સહ્ય ભેદ)
(૬) મને પગે વાગ્યું છે.	ભાવકર્તૃક, ભાવે પ્રયોગ.
(૭) મને અહીં ગોઠતું નથી.	ભાવકર્તૃક, ભાવે પ્રયોગ.

આ બતાવે છે કે જો સકર્મક ક્રિયાપદ અકર્મક તરીકે વપરાય, તો સહ્ય ભેદમાં તેનો ભાવે પ્રયોગ થાય. વળી કેટલાંક સકર્મક ક્રિયાપદો એવાં હોય છે કે તેમનો ભૂતકાળમાં પણ કર્તરિ પ્રયોગ થાય છે. માત્ર સહ્ય ભેદમાં જ તે કર્મણિ પ્રયોગમાં આવે છે.

ક્રિયાપદ જો ભાવકર્તૃક હોય તો તેનો હમેશ ભાવે પ્રયોગ થાય. તેનો કર્તરિ કે કર્મણિ પ્રયોગ હોઈ શકે નહિ, કારણ કે તેને કર્તા કે કર્મ હોતું નથી. **ભાવકર્તૃક ક્રિયાપદનું રૂપ હમેશ નાન્યતર જાતિ એકવચનમાં જ હોય છે.**

[૭]

આ રીતે ક્રિયાપદના પ્રયોગોના ત્રણ પ્રકાર છે : કર્તરિ, કર્મણિ અને ભાવે.

સકર્મક ક્રિયાપદના કર્તરિ અને કર્મણિ પ્રયોગ થાય છે. તેમાં કર્મણિ પ્રયોગ બે રીતે થાય છે : એક — મૂળ ભેદના ભૂતકાળમાં; અને બીજો — સહ્ય ભેદના ત્રણે કાળમાં.

અકર્મક ક્રિયાપદના કર્તરિ અને ભાવે પ્રયોગ થાય છે. ભાવે પ્રયોગમાં તે ક્રિયાપદ સહ્ય ભેદમાં હોય છે.

ભાવકર્તૃક ક્રિયાપદનો હંમેશાં ભાવે પ્રયોગ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ નીચેનાં ક્રિયાપદો વાક્યમાં વાપરી તેમના પ્રકાર અને પ્રયોગ ઓળખાવો : જવું, બનવું, શીખવું, ફરવું, સહેવું.

૨ નીચેનાં વાક્યોમાં ક્રિયાપદોનો પ્રયોગ ફેરવો અને તેને ઓળખો :—

(ક) અમે મકાન બાંધીએ છીએ.

(ખ) પછી હું રમકડાંની દુકાન માંડીશ.

(ગ) લોભિયો નાળિયેરી ઉપર ચઢ્યો.

(ઘ) મજૂરથી પેટી ઊંચકાતી નથી.

(ઙ) કનુથી સાઇકલ ઉપર બેસાશે નહિ.

(ચ) હવે મારાથી વહેલું ઉઠાય છે.

૩ નીચેનાં વાક્યોમાં ક્રિયાપદોના પ્રકાર અને પ્રયોગ ઓળખો :—

(ક) મારાથી અવાશે તો આવીશ.

(ખ) કેરી પાકી હતી, તેથી મેં તે તોડી.

(ગ) ફાવશે ત્યાં સુધી ભેગા રહીશું.

(ઘ) દુઃખે પેટ ને કૂટે માથું !

(ઙ) ખેતીથી જ દેશ આબાદ થશે.

(ચ) તેનાથી મોટર ચાલી નહિ, એટલે અમે તે ધકેલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ એકવીસમો

ક્રિયાપદ — કાળ અને અર્થ

[૧]

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદના કાળ અને અર્થ ઓળખો:

(૧) હવે હું બીજી વાત **કહું (છું).**	**સાદો વર્તમાનકાળ**
(૨) તમે શું કરો છો? હું **કાંતું છું.**	**ચાલુ વર્તમાનકાળ**
(૩) દાળમાં મીઠું **નાખ્યું છે?**	**પૂર્ણ વર્તમાનકાળ**
(૪) હા, દાળમાં મીઠું **નાખેલું છે.**	

આ વાક્યોમાં દરેક ક્રિયાપદ એના મૂળ અર્થમાં વપરાયું છે. એને **સ્વાર્થ** અથવા **નિશ્ચયાર્થ** કહે છે.

[૨]

(૧) પછી મેં બીજી વાત **કહી.**	**સાદો ભૂતકાળ**
(૨) તે પહેલાં મેં એક વાત **કહેલી.**	
(૩) તમે નાનપણમાં શું શું **રમતા?**	
(૪) સવારમાં તે પૂજા **કરતા હતા.**	**ચાલુ ભૂતકાળ**
(૫) આજે દાળમાં મીઠું વધારે **પડ્યું હતું.**	**પૂર્ણ ભૂતકાળ**
(૬) મેં તેને વચન **આપેલું હતું.**	

આ વાક્યોમાં પણ દરેક ક્રિયાપદ **સ્વાર્થ** કે **નિશ્ચયાર્થમાં** વપરાયું છે.

[૩]

(૧) બા, તું કાલે નવી વાત **કહીશ?**	**સાદો ભવિષ્યકાળ**
(૨) સાંજે તો અહીં વાજાં **વાગતાં હશે.**	**ચાલુ ભવિષ્યકાળ**
(૩) તે વખતે મહેમાનો **આવ્યા હશે.**	**પૂર્ણ ભવિષ્યકાળ**
(૪) મંડપમાં ખુરસીઓ **ગોઠવેલી હશે.**	

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલા વાક્યમાં ક્રિયાપદ **સ્વાર્થમાં** છે. બાકીનાં વાક્યોમાં **શંકા કે સંશયનો** અર્થ છે. એને **સંશયાર્થ** કહે છે.

આ રીતે ક્રિયાપદના મુખ્ય ત્રણ કાળ છે : વર્તમાન, ભૂત અને અને ભવિષ્ય. તે દરેકના ત્રણ પેટા પ્રકાર છે: સાદો, ચાલુ અને પૂર્ણ.

વર્તમાનકાળ અને ભૂતકાળના ત્રણે પેટા પ્રકારો વડે **સ્વાર્થ** કે **નિશ્ચયાર્થ** દર્શાવાય છે. એ જ અર્થ સાદા ભવિષ્યકાળથી પણ દર્શાવાય છે. પરંતુ ચાલુ અને પૂર્ણ ભવિષ્યકાળનાં રૂપો **સંશયાર્થ** દર્શાવે છે.

[૪]

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદનો અર્થ ઓળખો :—

(૧) તું હમણાં અહીં **બેસ**; પછી ત્યાં **બેસજે**.

(૨) તમે પહેલાં ઘેર **જાઓ**; પછી નિશાળે જજો.

દરેક વાક્યમાં આજ્ઞાનો અર્થ છે. તેને **આજ્ઞાર્થ** કહે છે.

આજ્ઞા બીજા પુરુષને અપાય છે. તેથી આજ્ઞાર્થના વાક્યમાં સામાન્ય રીતે 'તું' કે 'તમે' કર્તા હોય છે. આવા વાક્યમાં ક્રિયાપદ **આજ્ઞાર્થનું ખાસ રૂપ** ધારણ કરે છે. એ રૂપ બે પ્રકારનું હોય છે. તે બંને પ્રકારનાં રૂપો ઉપરનાં વાક્યોમાં વાપર્યાં છે.

'બેસ' એ રૂપ સાદો વર્તમાનકાળ બતાવે છે. 'બેસજે,' 'જજો' એ રૂપોમાં આજ્ઞા વર્તમાનકાળમાં કરેલી છે, પણ તેનો અમલ ભવિષ્યમાં કરવો એવો અર્થ છે. 'જાઓ' એ રૂપ સાદા વર્તમાનકાળનું બીજા પુરુષ બહુવચનનું છે. અહીં તે આજ્ઞાર્થમાં વપરાયું છે.

આ રીતે **બેસ, બેસજે, જજો,** એ ત્રણ **આજ્ઞાર્થનાં ખાસ રૂપો** છે. એ નમૂના ઉપરથી કોઈ પણ ક્રિયાપદનાં આજ્ઞાર્થનાં રૂપો ઓળખી શકાશે અને બનાવી શકાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫]

હવે આ વાક્યોમાં ક્રિયાપદના અર્થ જુઓ :—

(૧) હું બેસું કે જાઉં ?	રજા માગે છે.
(૨) એક જણ **બેસે** ને બીજા **જાય.**	આજ્ઞા કરે છે.
(૩) ઈશ્વર સૌને સદ્બુદ્ધિ **આપે.**	શુભેચ્છા દર્શાવે છે.
(૪) મને જરા મદદ **કરશો** ?	વિનંતી કરે છે.

દરેક વાક્યમાં આજ્ઞાર્થ છે. પણ તેના ભાવ જુદા જુદા છે. એ બતાવે છે કે આજ્ઞાર્થ ક્રિયાપદ વડે વિવિધ ભાવ દર્શાવી શકાય છે.

પહેલાં ત્રણ વાક્યોમાં ક્રિયાપદનું રૂપ સાદા (શુદ્ધ) વર્તમાન-કાળનું છે; ચોથામાં સાદા ભવિષ્યકાળનું છે.

આ ઉપરથી સમજાય છે કે પહેલા અને ત્રીજા પુરુષના કર્તાવાળાં ક્રિયાપદો પણ આજ્ઞાર્થમાં વપરાય છે. એવાં ક્રિયાપદોનાં રૂપ મોટે ભાગે સાદા (શુદ્ધ) વર્તમાનકાળનાં હોય છે. જ્યારે આજ્ઞાર્થમાં વિનંતીનો ભાવ હોય છે, ત્યારે ક્રિયાપદનું રૂપ સાદા ભવિષ્યકાળનું હોય છે.

ભૂતકાળનું રૂપ આજ્ઞાર્થમાં આવી શકે નહિ. તે જ રીતે ચાલુ કે પૂર્ણ વર્તમાન અને ભૂતકાળનાં રૂપો પણ આજ્ઞાર્થમાં આવી શકે નહિ.

[૬]

આ વાક્યોમાં જાડા અક્ષરવાળાં ક્રિયાપદોનો અર્થ ઓળખો :

(૧) વિદ્યાર્થીએ હમેશ વહેલા **ઊઠવું.**
(૨) તમારે આ દવા ચાલુ **રાખવી.**
(૩) જરૂર પડે તો તાર **કરવો.**
(૪) મારે અહીં જ **રહેવું** ?

આ વાક્યોમાં પણ આજ્ઞાનો અર્થ છે. પણ તેમાં ક્રિયા હમેશ કરવાની આજ્ઞા છે. આવા આજ્ઞાર્થને **વિધ્યર્થ** કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊઠવું, રાખવી, કરવો, રહેવું — એ સામાન્યકૃદંતનાં રૂપો છે. સામાન્યકૃદંત નામ તરીકે વપરાય છે. પણ અહીં તે ક્રિયાપદ તરીકે વપરાયું છે. આ રીતે જ્યારે સામાન્યકૃદંત ક્રિયાપદ તરીકે વપરાય, ત્યારે વિધ્યર્થ બતાવે છે. વિધ્યર્થનો કર્તા ત્રણે પુરુષમાં હોઈ શકે છે.

આ ઉપરથી સમજાય છે કે આજ્ઞાર્થની માફક વિધ્યર્થમાં પણ ક્રિયાપદ **ખાસ રૂપ** ધારણ કરે છે. આ રૂપ પણ આજ્ઞાર્થના રૂપની માફક સાદો વર્તમાન કાળ સૂચવે છે; અને ક્રિયાનો અમલ ભવિષ્યમાં પણ ચાલુ રાખવાનો છે, એમ પણ એમાં સૂચવાય છે.

[૭]

નીચેનાં વાક્યોનો અર્થ તપાસો :—

(૧) જો ઉપવાસ **કરશો** તો તબિયત **બગડશે.**

(૨) જો ઘાસ **વાવીએ** તો ડાંગર ક્યાંથી પાકે ?

(૩) જો **લપસ્યા** તો મૂઆ **સમજજો.**

(૪) જો તે **ઊંઘતા હશે** તો હું પાછો **આવીશ.**

આ વાક્યોમાં શરતનો અર્થ છે. એને **સંકેતાર્થ** કહે છે.

સંકેતાર્થનું વાક્ય 'જો – તો' સંયોજકોથી જોડાયેલું મિશ્ર વાક્ય હોય છે. તેથી તેમાં ઓછામાં ઓછાં બે ક્રિયાપદો હોય. તે ક્રિયાપદોનું રૂપ ગમે તે કાળ કે અર્થમાં હોઈ શકે. પણ 'જો – તો' ને લીધે આખા વાક્યમાં સંકેતાર્થ આવે છે, તેથી તે ક્રિયાપદોનો પણ સંકેતાર્થ ગણાય છે.

[૮]

હવે નીચેનાં વાક્યોના અર્થ જુઓ :—

વાક્ય	અર્થ
(૧) હવે હું **કાંતતો નથી.**	નિશ્ચયાર્થ
(૨) આજે તમે પાઠ **કર્યા નથી ?**	નિશ્ચયાર્થ
(૩) હજી તે ઘેર **ગયો નહિ હોય.**	સંશયાર્થ
(૪) તમે તેને કહ્યું હશે તો પણ તેણે **ગણકાર્યું હશે નહિ.**	સંશયાર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫) તોફાન **ન કરો.**	આજ્ઞાર્થ
(૬) અહીં ગંદકી **કરવી નહિ.**	વિધ્યર્થ
(૭) જો તમે મને **બોલાવશો નહિ,** તો હું આવીશ નહિ.	સંકેતાર્થ

દરેક પ્રકારના અર્થનાં વાક્યો ઉપર આપ્યાં છે. તે દરેકમાં ન-કારનો અર્થ પણ છે. તેને **નિષેધાર્થ** કહે છે.

આ ઉપરાંત દરેક પ્રકારના અર્થના નમૂનાનાં વાક્યોમાં **પ્રશ્નાર્થ** વાક્યો પણ છે.

આ ઉપરથી સમજાય છે કે કોઈ પણ પ્રકારના અર્થવાળા વાક્યમાં નિષેધાર્થ કે પ્રશ્નાર્થ પણ આવી શકે છે. વળી નિષેધાર્થ સાથે પણ પ્રશ્નાર્થ આવી શકે છે. આવાં ક્રિયાપદોનો મુખ્ય અર્થ ઓળખાવી, તેને નિષેધવાચક કે પ્રશ્નવાચક કહીએ તો ચાલે. દા. ત. વાક્ય (૨) માં 'કર્યાં નથી ?' નો અર્થ આમ ઓળખાવાય — **નિશ્ચયાર્થ, નિષેધવાચક અને પ્રશ્નવાચક.**

[૯]

આ રીતે ક્રિયાપદના કાળની માફક તેના અર્થના પણ પ્રકાર પડે છે: સ્વાર્થ કે નિશ્ચયાર્થ, સંશયાર્થ, આજ્ઞાર્થ, વિધ્યર્થ, સંકેતાર્થ. આ દરેક અર્થ નિષેધવાચક કે પ્રશ્નવાચક પણ હોઈ શકે.

ક્રિયાપદના કાળ અને અર્થના મુખ્ય પ્રકારનાં નામ આપણે અગાઉ શીખ્યાં હતાં. તેમની થોડી વિશેષ સમજ આ પાઠમાં આપી છે. કાળ અને અર્થના સૂક્ષ્મ પ્રકાર તમે આગળ જતાં શીખશો.

સ્વાધ્યાય

૧ કાળના મુખ્ય પ્રકાર અને પેટા પ્રકાર ગણાવો.

૨ નીચેનાં ક્રિયાપદોને માગ્યા પ્રમાણે વાપરી બતાવો અને તેમના કાળ ઓળખાવો :—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ક) જોવું, મોકલવું, આપવું (આજ્ઞાર્થ કે વિધ્યર્થ)
(ખ) ખેંચવું, મૂકવું, રોકવું (સંકેતાર્થ કે સંશયાર્થ)
(ગ) વાંચવું, નાસવું, ઊંઘવું (નિશ્ચયાર્થ)

૩ નીચેનાં વાક્યોમાં ક્રિયાપદોના કાળ અને અર્થ ઓળખો. કોઠાના રૂપમાં વિગતો ભરવી.

(ક) મેં તપાસ કરી, પણ તે મુંબઈ ગયા હતા.
(ખ) પિતાજીનો સંદેશો આવ્યો છે કે તમારે તેમને મળવું.
(ગ) આવે છે મૃગ દોડતો, છલંગે ગઢ કૂદતો.
(ઘ) અરે તારું ભલું થાય !
(ઙ) અત્યારે ઘંટ વાગી ગયો હશે ?
(ચ) તે કેમ બોલતો નથી ?
(છ) જો રસીદ આવી હશે તો આજે માલ મળશે.

પાઠ બાવીસમો

વિભક્તિ — મુખ્ય અર્થ (૧)

[૧]

નીચેનાં વાક્યોમાં પદોનો અર્થસંબંધ ઓળખો :—

(૧) મધુભાઈ ગીત ગાય છે.
(૨) મીના રૂમાલ ભરે છે.
(૩) હું ભાઈને રમાડું છું.

દરેક વાક્યમાં પહેલું પદ કર્તા છે, બીજું પદ કર્મ છે અને ત્રીજું પદ ક્રિયાપદ છે. એટલે પહેલાં બંને પદોને ક્રિયાપદ સાથે સંબંધ છે. એ પદોને એકબીજા સાથે કંઈ સંબંધ નથી.

એ વાક્યોમાં ક્રિયાપદના રૂપ ઉપરથી કર્મનાં જાતિવચન કે પુરુષ સૂચવાતો નથી; પણ કર્તાનો પુરુષ સૂચવાય છે. ત્રીજા વાક્યમાં કર્તાનો પુરુષ તેમ જ વચન સૂચવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્તાના પદને પ્રત્યય લાગેલો નથી. પહેલાં બે વાક્યોમાં કર્મના પદને પણ પ્રત્યય લાગેલો નથી. પણ ત્રીજા વાક્યમાં કર્મના પદને 'ને' પ્રત્યય લાગેલો છે.

નામ કે સર્વનામના ક્રિયાપદ સાથેના કર્તા તરીકેના સંબંધને **પહેલી વિભક્તિ** કહે છે, એ આપણે જાણીએ છીએ. ઉપરનાં વાક્યોમાં નામ અને સર્વનામનો કર્તા તરીકેનો સંબંધ ક્રિયાપદના રૂપ ઉપરથી ઓળખાય છે. એટલે કર્તા ક્રિયાપદમાં **અભિહિત** (કહેવાયેલો) છે. તેથી વ્યાકરણમાં એમ મનાય છે કે પહેલી વિભક્તિ કોઈ અર્થ-સંબંધ બતાવતી નથી, પણ નામ કે સર્વનામને પોતાને જ ઓળખાવે છે. એટલે તે કર્તાર્થે નહિ, પણ **નામાર્થે પહેલી વિભક્તિ** કહેવાય છે.

કર્તરિ પ્રયોગવાળા ક્રિયાપદના કર્તાને ઘણું કરીને વિભક્તિનો પ્રત્યય લાગતો નથી. તેથી તેની **નામાર્થે પહેલી વિભક્તિ** ગણાય છે. ઉપરનાં ત્રણે વાક્યોમાં કર્તરિ પ્રયોગ છે.

[૨]

કર્મનાં પદોની બીજી વિભક્તિ ગણાય, તે પણ આપણે જાણીએ છીએ. તે **કર્માર્થે બીજી વિભક્તિ** કહેવાય છે. કર્મના પદને કોઈ વાર પ્રત્યય લાગતો નથી, અને કોઈ વાર 'ને' પ્રત્યય લાગે છે. ઉપરનાં વાક્યોમાં આ બતાવ્યું છે.

[૩]

આ વાક્યોમાં જાડા અક્ષરવાળાં પદોનો અર્થસંબંધ ઓળખો :—

(૧) હું **સાબુએ** કપડાં ધોઉં છું.
(૨) સરલા **હાથે** કપડાં ધુએ છે.
(૩) તે **માટીથી** હાથ ધુએ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાડા અક્ષરવાળા દરેક નામને ક્રિયાપદ સાથે સાધન તરીકેનો સંબંધ છે. નામને **એ** અને **થી** પ્રત્યયો લગાડી આ સંબંધ બતાવ્યો છે. **વડે** અને **થકી** લગાડીને પણ આ સંબંધ બતાવી શકાય છે. — (માટી વડે, માટી થકી). આને **ત્રીજી વિભક્તિ** કહે છે. તે **કરણાર્થે ત્રીજી વિભક્તિ** કહેવાય છે. કરણ એટલે સાધન.

હવે આ વાક્યોમાં જાડા અક્ષરવાળાં પદો જુઓ :—

(૧) **મેં** સાબુએ કપડાં ધોયાં.
(૨) **સરલાએ** હાથે કપડાં ધોયાં.
(૩) **તેણે** માટીથી હાથ ધોયા.
(૪) **સરલાથી** હાથે કપડાં ધોવાયાં.

અહીં કર્તાના પદને **એ** અને **થી** પ્રત્યયો લાગ્યા છે. તેને **વડે** અને **થકી** પણ લગાડી શકાય છે — (મારા વડે, મારા થકી). આ પણ **ત્રીજી વિભક્તિ** ગણાય છે. તે **કર્તાર્થે ત્રીજી વિભક્તિ** કહેવાય છે.

આ રીતે ત્રીજી વિભક્તિ સાધન (કરણ) અને કર્તા એમ બે અર્થ બતાવે છે.

પ્રથમનાં વાક્યોમાં કર્તરિ પ્રયોગ છે. આ વાક્યોમાં કર્મણિ પ્રયોગ છે. ચોથા વાક્યમાં **સહભેદ સાથે કર્મણિ પ્રયોગ** છે. આ બતાવે છે કે **કર્તરિ પ્રયોગમાં કર્તા નામાર્થે પહેલી વિભક્તિમાં હોય છે, અને કર્મણિ પ્રયોગમાં કર્તા કર્તાર્થે ત્રીજી વિભક્તિમાં હોય છે.**

[૪]

હવે ઉપરનાં કર્મણિ પ્રયોગવાળાં વાક્યોમાં કર્મનાં પદો જુઓ. એકેયને કર્મનો પ્રત્યય લાગ્યો નથી. પણ ક્રિયાપદના રૂપ ઉપરથી કર્મનાં જાતિ, વચન, પુરુષ સૂચવાયાં છે. એટલે જેમ કર્તરિ પ્રયોગમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્તા ક્રિયાપદના રૂપમાં અભિહિત હોય છે, તેમ **કર્મણિ પ્રયોગમાં કર્મ ક્રિયાપદના રૂપમાં અભિહિત હોય છે.** તેથી કર્તરિ પ્રયોગના કર્તાને જેમ વિભક્તિનો પ્રત્યય લાગતો નથી. તેમ કર્મણિ પ્રયોગના કર્મને વિભક્તિનો પ્રત્યય લાગતો નથી. કર્મણિ પ્રયોગના આવા (પ્રત્યય વિનાના) કર્મની પણ **નામાર્થે પહેલી વિભક્તિ** ગણાય છે.

કોઈક વખત કર્મણિ પ્રયોગના કર્મને 'ને' પ્રત્યય લાગે છે. દા. ત. **મેં ભાઈને રમાડ્યો.** આવે પ્રસંગે કર્મને પ્રત્યય લાગેલો હોવાથી, તેની **કર્માર્થે બીજી વિભક્તિ** ગણાય છે.

[૫]

આ વાક્યોમાં ક્રિયાપદનો પ્રકાર ઓળખો :—

(૧) દાદા **દીકરાને દાડમ** આપે છે.

(૨) દાદાથી **દીકરાને દાડમ** અપાયું.

પહેલા વાક્યમાં ક્રિયાપદ **દ્વિકર્મક** છે. કર્તા કોઈકને કશુંક આપે છે. આપવાની વસ્તુ (દાડમ) એ **પ્રધાન કર્મ** છે. તેની **કર્માર્થે બીજી વિભક્તિ** ગણાય છે. પ્રધાન કર્મના પદને પ્રત્યય લાગતો નથી. જેને વસ્તુ (દાડમ) અપાય છે તે (દીકરાને) ગૌણ કર્મ છે. તેની **સંપ્રદાનાર્થે ચોથી વિભક્તિ** ગણાય છે. સંપ્રદાન એટલે આપવાની ક્રિયા. જેના તરફ સંપ્રદાન થાય છે તે ગૌણ કર્મના પદને 'ને' પ્રત્યય લાગે છે.

બીજા વાક્યમાં એ જ ક્રિયાપદનો **કર્મણિ પ્રયોગ** છે. તેમાં **પ્રધાન કર્મની નામાર્થે પહેલી** અને **ગૌણ કર્મની સંપ્રદાનાર્થે ચોથી** વિભક્તિ ગણાય છે.

બધાં દ્વિકર્મક ક્રિયાપદોમાં આપવાની ક્રિયાનો અર્થ હોતો નથી. છતાં તે દરેકમાં ક્રિયાની અસર ભોગવનાર બે પદો હોય છે. એટલે દરેક દ્વિકર્મક ક્રિયાપદનાં કર્મોની વિભક્તિ ઉપર પ્રમાણે ગણાય છે.

પુસ્તકાલય
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ પહેલી વિભક્તિ 'નામાર્થે' શાથી કહેવાય છે? કયા કયા પ્રકારનાં પદોની નામાર્થે પહેલી વિભક્તિ ગણાય છે? દાખલા આપી સમજાવો.

૨ કઈ વિભક્તિ કર્માર્થે વપરાય છે? તે શા રીતે ઓળખાય?

૩ દ્વિકર્મક ક્રિયાપદનાં કર્મોની વિભક્તિઓ કઈ? તે વિભક્તિઓના અર્થ કહો.

૪ ત્રીજી વિભક્તિના પ્રત્યયો અને મુખ્ય અર્થો ગણાવો. તેમના દાખલા આપો.

૫ કર્મણિ પ્રયોગવાળા ક્રિયાપદના કર્તાને કયા કયા પ્રત્યયો લાગે છે? તેની વિભક્તિ કઈ ગણાય?

૬ નીચેનાં વાક્યોમાં નામ અને સર્વનામની વિભક્તિ તથા તેના અર્થ ઓળખાવો :—

(ક) તે ઠંડે પાણીએ નહાય છે.
(ખ) લુહાર પૈડાને વાટ ચડાવે છે.
(ગ) તેણે મને ઘણો સતાવ્યો.
(ઘ) તેને આપણે સંદેશો મોકલીશું?
(ઙ) છોકરાઓથી દોરડું ખેંચાતું નથી.
(ચ) આપણે સારું કામ કરીએ તો સારાં પરિણામ આવે.
(છ) હું તો લડતાં મરીશ, પણ આપ જીવ બચાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ તેવીસમો

વિભક્તિ — મુખ્ય અર્થ (૨)

[૧]

આ વાક્યોમાં જાડા અક્ષરવાળાં પદોની વિભક્તિનો પ્રત્યય અને અર્થ જુઓ :—

(૧) **મુંબઈથી દિલ્હી** ઘણું દૂર છે.
(૨) વિમાન **લંડનથી** ઊપડ્યું છે.
(૩) હું બે **કલાકથી** તમારી રાહ જોઉં છું.

દરેક જાડા અક્ષરવાળા પદને 'થી' પ્રત્યય લાગ્યો છે. તે 'છૂટું પડવું' એવો અર્થ સૂચવે છે. એને **અપાદાનાર્થે પાંચમી વિભક્તિ** કહે છે. અપાદાન એટલે છૂટું પડવું—સંપ્રદાનથી ઊલટું.

ત્રીજી વિભક્તિમાં પણ 'થી' પ્રત્યય લાગે છે. પણ તેના અર્થમાં અને પાંચમી વિભક્તિના અર્થમાં ઘણો ફેર છે, તે સહેલાઈથી સમજાય છે.

[૨]

નીચેનાં વાક્યોમાં વિભક્તિનો પ્રત્યય ઓળખો અને તે શું કામ કરે છે, તે તપાસો :

(૧) **સવિતાનો** ભાઈ નિશાળે જાય છે.
(૨) **સવિતાની** બહેન **મોતીનો** હાર પહેરે છે.
(૩) **કજિયાનું** મોં કાળું.
(૪) **તેના** પગ પાતળા છે.
(૫) **તેમનાં** કામ સૌ વખાણે છે.

આ વાક્યોમાં નામ અને સર્વનામને **નો, ની, નું, ના, નાં** પ્રત્યયો લાગેલા છે. આ પ્રત્યયવાળા દરેક પદને તેની નજીકના પદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે સંબંધ છે, ક્રિયાપદ સાથે સંબંધ નથી. આ પ્રત્યયવાળા પદની **છઠ્ઠી વિભક્તિ** ગણાય છે. તે **સંબંધાર્થે છઠ્ઠી વિભક્તિ** કહેવાય છે. એ પદો વચ્ચેનો સંબંધ બતાવે, માટે સંબંધનો અર્થ કહેવાય છે.

છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય **નો** છે. પરંતુ તે પોતાની નજીકના પદનાં જાતિ-વચન પ્રમાણે બદલાતો હોવાથી, **નો-ની-નું-ના-નાં-ને** એવાં રૂપો ધારણ કરે છે. આ બતાવે છે કે છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય **વિશેષણનું કામ કરે છે.**

[૩]

નીચેનાં વાકયોમાં જાડા અક્ષરવાળાં પદોની વિભક્તિનો પ્રત્યય અને અર્થ ઓળખો :—

(૧) **ઘરમાં** કોઈ એઠું છે.
(૨) **શેરીએ શેરીએ** તપાસ કરો.
(૩) મારે **હાથે** વાગ્યું છે.

જાડા અક્ષરવાળાં પદોને **માં** અને **એ** પ્રત્યયો લાગેલા છે. તે ક્રિયાનું સ્થળ બતાવે છે. એને **અધિકરણાર્થે સાતમી વિભક્તિ** કહે છે. અધિકરણ એટલે સ્થળ.

ત્રીજી વિભક્તિનો 'એ' પ્રત્યય કર્તા અથવા કરણ બતાવે છે. સાતમીનો 'એ' પ્રત્યય અધિકરણ (સ્થળ) બતાવે છે.

[૪]

નીચેનાં વાકયોમાં જાડા અક્ષરવાળાં પદોનો અર્થ ઓળખો :—

(૧) **છોકરા,** તને શું થયું ?
(૨) **છોકરા(ઓ),** તમે ક્યાંથી આવ્યા ?

જાડા અક્ષરવાળું દરેક પદ કોઈને નામ દઈને બોલાવવા વપરાયું છે. એવાં પદોની **આઠમી વિભક્તિ** ગણાય છે. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબોધનાર્થે આઠમી વિભક્તિ કહેવાય છે. સંબોધન એટલે નામ દઈને બોલાવવાની ક્રિયા.

આઠમી વિભક્તિના નામ પછી હમેશ અલ્પવિરામ મુકાય છે. તે બતાવે છે કે એ પદ વાક્યથી છૂટું છે. તે ન હોય તો ચાલે. આ વિભક્તિમાં મોટે ભાગે પહેલી વિભક્તિનાં રૂપો વપરાય છે. પરંતુ ઉપરના દાખલા બતાવે છે કે આઠમી વિભક્તિમાં એ રૂપો સહેજ બદલાય છે. 'છોકરા' એ 'છોકરો' શબ્દનું પહેલી વિભક્તિ બહુવચનનું રૂપ છે. તે અહીં આઠમી વિભક્તિ એકવચનમાં વપરાયું છે. એ જ રૂપ બીજા વાક્યમાં બહુવચનમાં વપરાયું છે.

[૫]

આ પ્રમાણે નામ અને સર્વનામની કુલ **આઠ** વિભક્તિઓ છે.

પહેલી પાંચ અને સાતમી—એ છ વિભક્તિઓ નામ અને સર્વનામનો ક્રિયાપદ સાથેનો અર્થ સંબંધ બતાવે છે. ક્રિયાપદ વિશે કોણ(પહેલી), શું–કોને (બીજી), કોણ–શેણે–કોનાથી (ત્રીજી), કોને (ચોથી), ક્યાંથી (પાંચમી), ક્યાં (સાતમી) — એ પ્રશ્નોના જવાબ એ વિભક્તિઓથી મળે છે. એટલે એ વિભક્તિઓ અનુક્રમે કર્તા (કે નામ), કર્મ, કર્તા–કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણનો અર્થસંબંધ બતાવે છે. તેથી **તે દરેક કારક વિભક્તિ કહેવાય છે.**

છઠ્ઠી વિભક્તિ એ પદોનો સંબંધ જોડી વિશેષણનું કામ કરે છે. તેથી તે **વિશેષણ વિભક્તિ** કહેવાય છે.

આઠમી વિભક્તિ સંબોધન વિભક્તિ કહેવાય છે.

વિભક્તિઓના પ્રત્યયો અને તેમના મુખ્ય અર્થોની સમજ આ પાઠમાં આપી છે. દરેક વિભક્તિ બીજા ઘણા અર્થમાં વપરાય છે. તે વિશે તમે આગળ જતાં શીખશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ ને, એ, થી — આ પ્રત્યયો વડે કઈ કઈ વિભક્તિ ઓળખાય? માં, નો — આ કઈ કઈ વિભક્તિના પ્રત્યયો છે?

૨ વિભક્તિઓનાં નામ, તેમના પ્રત્યયો અને મુખ્ય અર્થો દર્શાવતો કોઠો બનાવો.

૩ કારક વિભક્તિઓ ગણાવો. તેમનામાં અને બીજી વિભક્તિઓમાં શો ફેર છે?

૪ નીચેનાં વાક્યોમાંથી પાંચમી, છઠ્ઠી, સાતમી અને આઠમી વિભક્તિવાળાં પદો ઓળખો :—

(ક) મારી માતાની છબી જોઈ મારાથી રડાઈ ગયું.
(ખ) આપણો દેશ હજી પણ ગરીબ છે.
(ગ) આપણામાં વિવેક ક્યારે આવશે?
(ઘ) હવે એ રસ્તેથી થોડે દૂર અશોકસ્તંભ બંધાયો છે.
(ઙ) બેટા, કંઈક તો બોલ.
(ચ) રજની નયન સાથે રમે છે.
(છ) તેની બુદ્ધિ તેની પાસે રહી!
(જ) આજકાલ લોકો બે હાથે વીંટીઓ પહેરે છે.
(ઝ) મહાભારતના યુદ્ધમાં કૃષ્ણે અર્જુનનો રથ હાંક્યો હતો.
(ઞ) જા, જા, મૂર્ખ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ચોવીસમો

પદચ્છેદ — (૧)

[૧]

પદોનાં નામ, તેમના પ્રકાર અને તેમનો એકબીજા સાથેનો સંબંધ — એ વિગતો આપણે અગાઉનાં બે પુસ્તકોમાં શીખ્યાં હતાં. આ પુસ્તકમાં ક્રિયાપદ અને વિભક્તિ વિશે થોડી વધારે વિગતો આપણે શીખ્યાં. તે બધી વિગતો પદચ્છેદ કરીને સમજાવતાં આપણને આવડવું જોઈએ. તે માટે ચાર વાક્યોના વિગતવાર પદચ્છેદના નમૂના આ પાઠમાં તથા તેના પછીના પાઠમાં આપ્યા છે. તેમનો કાળજીપૂર્વક અભ્યાસ કરવાથી પદચ્છેદ કરવાની રીત સમજાશે.

[૨]

પદચ્છેદના નમૂના

વાક્ય (૧) — ઘણા વેપારીઓ કાશ્મીરથી આવી ગુજરાતમાં ઊનનાં કપડાંનો વેપાર કરે છે.

પદચ્છેદ

ઘણા — સંખ્યાવાચક, વિકારી વિશેષણ. વિશેષ્ય : વેપારીઓ. તેથી નર જાતિ, પહેલી વિભક્તિ, બહુવચન.

સમજૂતી : વિશેષણની વિભક્તિ તેના વિશેષ્ય પ્રમાણે ગણાય છે. એ વિભક્તિનો અર્થ વિશેષ્યના પદચ્છેદમાં સમજાવવાનો હોવાથી, તેને વિશેષણના પદચ્છેદમાં સમજાવવાની જરૂર નથી.

વેપારીઓ — સામાન્ય નામ, નર જાતિ, ' કરે છે 'નો કર્તા. વિભક્તિનો પ્રત્યય લાગેલો નથી. તેથી નામાર્થે પહેલી વિભક્તિ, બહુવચન.. ' ઓ ' પ્રત્યય બહુવચનનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાશ્મીરથી — વિશેષ નામ, નાન્યતર જાતિ. 'થી' પ્રત્યય છૂટા પડવાનો અર્થ બતાવે છે. તેથી અપાદાનાર્થે પાંચમી વિભક્તિ, એકવચન.

આવી — (આવીને) સંબંધક ભૂતકૃદંત. અવ્યય તરીકે વપરાયું છે. ધાતુનામ: આવવું. ધાતુ: આવ. કર્તા: વેપારીઓ. કર્તાનો સંબંધ 'કરે છે' સાથે જોડે છે.

ગુજરાતમાં — વિશેષ નામ, નર જાતિ. 'માં' પ્રત્યય 'કરે છે'નું સ્થળ બતાવે છે. તેથી અધિકરણાર્થે સાતમી વિભક્તિ, એકવચન.

સમજૂતી: નામ, સર્વનામ અને વિશેષણના પદચ્છેદમાં વિગતોનો ક્રમ ધ્યાનમાં લો. પ્રથમ પદનો પ્રકાર, તેની જાતિ, વિભક્તિનો પ્રત્યય અને અર્થ, અને છેલ્લું વચન એવો ક્રમ છે.

ઊનનાં — દ્રવ્યવાચક નામ, નાન્યતર જાતિ. 'નાં' પ્રત્યય 'કપડાં' સાથે સંબંધ બતાવે છે. તેથી સંબંધાર્થે છઠ્ઠી વિભક્તિનું બહુવચન.

કપડાંનો — સામાન્ય નામ, નાન્યતર જાતિ. 'નો' પ્રત્યય 'વેપાર' સાથે સંબંધ બતાવે છે. તેથી સંબંધાર્થે છઠ્ઠી વિભક્તિનું એકવચન.

સમજૂતી: 'ઊનનાં' એમાં મૂળ શબ્દ 'ઊન' એકવચનમાં છે. પણ તેની છઠ્ઠી વિભક્તિના પ્રત્યયનું રૂપ બહુવચનનું છે. એથી ઊલટું, 'કપડાંનો' એમાં મૂળ શબ્દ 'કપડાં' ('કપડું' ઉપરથી) બહુવચનમાં છે. પણ તેની છઠ્ઠી વિભક્તિના પ્રત્યયનું રૂપ એકવચનમાં છે. આનું કારણ એ છે કે છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય તેના વિશેષ્ય પ્રમાણે ફરે છે. એ પ્રત્યયમાં તેના વિશેષ્યનાં જાતિ અને વચન બંને દર્શાવેલાં હોય છે. પણ આ પદચ્છેદમાં તેનું વચન એકલું જ ઓળખવાની પદ્ધતિ રાખી છે.

વેપાર — સામાન્ય નામ, નર જાતિ. 'કરે છે'નું કર્મ. પ્રત્યય લાગેલો નથી. કર્માર્થે બીજી વિભક્તિ, એકવચન.

કરે છે — સકર્મક ક્રિયાપદ. ધાતુનામ: કરવું. ધાતુ: કર. કાળ: સાદો વર્તમાન. અર્થ: નિશ્ચયાર્થ. કર્મ: વેપાર. કર્તા અને ક્રિયાનાથ: વેપારીઓ. તેથી કર્તરિ પ્રયોગ, ત્રીજો પુરુષ, નર જાતિ, બહુવચન.

સમજૂતી: ક્રિયાપદના ભેદ ઓળખાવવાની જરૂર નથી. માત્ર સહ્ય ભેદ જ ઓળખાવવો. પદચ્છેદની વિગતોનો ક્રમ ધ્યાનમાં લો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

વાક્ય (૨) — સુધીરભાઈએ સિસોટી વગાડી, એટલે બંને ટુકડીના ખેલાડીઓ મેદાન પર દોડતા આવ્યા.

પદચ્છેદ

સુધીરભાઈએ — વિશેષ નામ, નર જાતિ. 'એ' પ્રત્યય 'વગાડી'નો કર્તા સૂચવે છે. તેથી કર્તાર્થે ત્રીજી વિભક્તિ, એકવચન.

સિસોટી — સામાન્ય નામ, નારી જાતિ. પ્રત્યય લાગેલો નથી. 'વગાડી' ક્રિયાપદનું અભિહિત કર્મ છે. તેથી નામાર્થે પહેલી વિભક્તિ, એકવચન.

વગાડી — સકર્મક ક્રિયાપદ. મૂળ ધાતુનામ 'વાગવું' ઉપરથી પ્રેરક ધાતુનામ : 'વગાડવું'. તેથી પ્રેરક ધાતુ : 'વગાડ'. કાળ : સાદો ભૂત. અર્થ : નિશ્ચયાર્થ. કર્તા : સુધીરભાઈએ. કર્મ અને ક્રિયાનાથ : સિસોટી. તેથી કર્મણિ પ્રયોગ, ત્રીજો પુરુષ, નારી જાતિ એકવચન.

એટલે — ઉભયાન્વયી અવ્યય. કારણ બતાવે છે. પોતાની આગળ-પાછળનાં બે વાક્યોને જોડે છે.

બંને — સંખ્યાવાચક, અવિકારી વિશેષણ. વિશેષ્ય : ટુકડીના. તેથી નારી જાતિ, છઠ્ઠી વિભક્તિ, બહુવચન.

ટુકડીના — સમૂહવાચક નામ, નારી જાતિ. 'ના' પ્રત્યય 'ખેલાડીઓ' સાથે સંબંધ બતાવે છે. તેથી છઠ્ઠી વિભક્તિનું બહુવચન. ('ટુકડી' = ટુકડીઓ — બહુવચન)

ખેલાડીઓ — સામાન્ય નામ, નર જાતિ. વિભક્તિનો પ્રત્યય લાગેલો નથી. 'દોડતા' અને 'આવ્યા'નો કર્તા છે. તેથી નામાર્થે પહેલી વિભક્તિ, બહુવચન. 'ઓ' પ્રત્યય બહુવચનનો છે.

મેદાન — સામાન્ય નામ, નાન્યતર જાતિ. નજીકના 'પર' નામયોગી અવ્યય સાથે સંબંધ હોવાથી 'ની' પ્રત્યય અધ્યાહાર છે. તેથી સંબંધાર્થે છઠ્ઠી વિભક્તિનું એકવચન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર — નામયોગી અવ્યય. 'મેદાન' સાથે સંબંધ છે. સ્થળ બતાવે છે.

દોડતા — વર્તમાનકૃદંત. ધાતુનામ: દોડવું. ધાતુ: દોડ. 'ખેલાડીઓ' (નામ) અને 'આવ્યા' (ક્રિયાપદ) — બંનેનું વિશેષણ હોવાથી, ક્રિયાવિશેષણ વિશેષણ, વિકારી. વિશેષ્ય: ખેલાડીઓ. તેથી નર જાતિ, પહેલી વિભક્તિ, બહુવચન.

આવ્યા — અકર્મક ક્રિયાપદ. ધાતુનામ: આવવું. ધાતુ: આવ. કાળ: સાદો ભૂત. અર્થ: સ્વાર્થ. કર્મ નથી. કર્તા અને ક્રિયાનાથ: ખેલાડીઓ. તેથી કર્તરિ પ્રયોગ, ત્રીજો પુરુષ, નર જાતિ, બહુવચન.

સ્વાધ્યાય

૧ મુખ્ય પદો અને તેમના પ્રકાર દર્શાવતો કોઠો બનાવો.

૨ નીચેના ફકરાનાં પદોનું તેમના મુખ્ય પ્રકાર પ્રમાણે કોઠાના રૂપમાં વર્ગીકરણ કરો:—

ઘણા થોડા વખતમાં આજુનાં બાર ગામોમાંથી ચાર **તેમણે વટાવ્યાં. તે** ગામોમાં **ઘર** સુઘડ તથા **ગોળાકાર** હતાં. **ભીંતો** મટોડીની હતી, પણ તે **ગેરુથી** રંગેલી હતી. દરેક **વહેતા નાળાને** કાંઠે ખેતરમાં **પાણી સીંચવાનું** ચક્કર હતું. ખેતરની વાડ **થોરની** હતી. તે **ઉપર** ધોળાં **ફૂલ** હતાં. એક કાળા પથ્થરની **ટેકરી** ઉપર **પુષ્કળ** દાડમડી હતી. અંજીરીઓની **પણ** કાંઈ **ખોટ** ન હતી. દરાખના વેલા કોઈ કોઈ ઠેકાણે **દેખાતા હતા.** અને એક ઊંડી ખીણમાં મીઠાં **લીંબુનાં** ઝાડ ઊગેલાં હતાં. આંબાનાં **તો** ત્યાં મોટાં વન હતાં. તેનાં લટકતાં **આસમાની તથા** સફેદ ફૂલ ઘણાં જ મોહક **લાગતાં હતાં.**

૩ પ્રશ્ન **૨**માં જાડે અક્ષરે છાપેલાં પદોનો સાદો પદચ્છેદ કરો. (નામ અને સર્વનામની વિભક્તિઓ ઓળખાવવી.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ પચીસમો

પદચ્છેદ—(ચાલુ)

[૧]

વાક્ય (૩)—**પૈસાની થેલી બીજા કોઈને સોંપશો તો પસ્તાશો.**

પદચ્છેદ

પૈસાની—સામાન્ય (અથવા સમૂહવાચક) નામ, નર જાતિ. 'ની' પ્રત્યય 'થેલી' સાથે સંબંધ બતાવે છે. તેથી છઠ્ઠી વિભક્તિનું એકવચન.

થેલી—સામાન્ય નામ, નારી જાતિ. પ્રત્યય લાગેલો નથી. 'સોંપશો'નું પ્રધાન કર્મ. તેથી કર્માર્થે બીજી વિભક્તિ, એકવચન.

બીજા—સંખ્યાવાચક, વિકારી વિશેષણ. વિશેષ્ય: કોઈને. તેથી ગમે તે જાતિ, ચોથી વિભક્તિ, એકવચન.

કોઈને—અનિશ્ચિત સર્વનામ, ગમે તે જાતિ. 'ને' પ્રત્યય 'સોંપશો'નું ગૌણ કર્મ બતાવે છે. તેથી સંપ્રદાનાર્થે ચોથી વિભક્તિ, એકવચન.

સોંપશો—દ્વિકર્મક ક્રિયાપદ. ધાતુનામ: સોંપવું. ધાતુ: સોંપ. પ્રધાન કર્મ: થેલી. ગૌણ કર્મ: કોઈને. કાળ: સાદો ભવિષ્ય. અર્થ: રૂપ સ્વાર્થનું; ઉપયોગ સંકેતાર્થે. કર્તા અને ક્રિયાનાથ: તમે (અભિહિત). તેથી કર્તરિ પ્રયોગ, બીજો પુરુષ, ગમે તે જાતિ, બહુવચન.

તો—ઉભયાનાયી અવ્યય. તેની સાથેનું 'જો' અધ્યાહાર છે. પોતાની આગળ-પાછળનાં બે વાક્યોને જોડે છે. શરત બતાવે છે.

પસ્તાશો—અકર્મક ક્રિયાપદ. ધાતુનામ: પસ્તાવું. ધાતુ: પસ્તા. (મૂળ ધાતુ છે.) અર્થ: રૂપ સ્વાર્થનું; ઉપયોગ સંકેતાર્થે. કાળ: સાદો ભવિષ્ય. કર્મ નથી. કર્તા અને ક્રિયાનાથ: તમે (અભિહિત). તેથી કર્તરિ પ્રયોગ, બીજો પુરુષ, ગમે તે જાતિ, બહુવચન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

વાક્ય (૪) — પોતાના કુમળા બાળકની શી હાલત હશે એ વિચારે અંબાનું હૃદય ફફડી રહ્યું હતું.

પદચ્છેદ

પોતાના — સ્વવાચક સર્વનામ. ‘અંબા’ને માટે વપરાયું હોવાથી, નારી જાતિ. ‘ના’ પ્રત્યય ‘બાળકની’ સાથે સંબંધ બતાવે છે. તેથી સંબંધાર્થે છઠ્ઠી વિભક્તિ, એકવચન.

સમજૂતી: સર્વનામ કયા નામને બદલે વપરાયું છે, તે બને તો બતાવવું.

કુમળા — ગુણવાચક, વિકારી વિશેષણ. વિશેષ્ય: બાળકની. તેથી નાન્યતર જાતિ, છઠ્ઠી વિભક્તિ, એકવચન.

બાળકની — સામાન્ય નામ, નાન્યતર જાતિ. ‘ની’ પ્રત્યય ‘હાલત’ સાથે સંબંધ બતાવે છે. તેથી છઠ્ઠી વિભક્તિનું એકવચન.

શી — પ્રશ્નવાચક સર્વનામ. વિકારી વિશેષણ તરીકે વપરાયું છે. વિશેષ્ય: હાલત. તેથી નારી જાતિ, પહેલી વિભક્તિ એકવચન,

હાલત — ભાવવાચક નામ, નારી જાતિ. વિભક્તિનો પ્રત્યય લાગેલો નથી. ‘હશે’નો કર્તા છે. તેથી નામાર્થે પહેલી વિભક્તિ, એકવચન.

હશે — અકર્મક ક્રિયાપદ. ધાતુનામ: હોવું. ધાતુ: હો. કાળ: સાદો ભવિષ્ય. અર્થ: સંશયાર્થ. કર્મ નથી. કર્તા અને ક્રિયાનાથ: હાલત. તેથી કર્તરિ પ્રયોગ, ત્રીજો પુરુષ, નારી જાતિ, એકવચન.

એ — દર્શક સર્વનામ. વિશેષણ તરીકે વપરાયું છે. વિશેષ્ય: વિચારે. તેથી નર જાતિ, ત્રીજી વિભક્તિ, એકવચન. પોતાની પહેલાં આવેલા નામવાક્યને ઓળખાવે છે.

વિચારે — ભાવવાચક નામ, નર જાતિ. ‘એ’ પ્રત્યય ‘ફફડી રહ્યું હતું’ એ સંયુક્ત ક્રિયાપદની ક્રિયાનું સાધન બતાવે છે. તેથી કરણાર્થે ત્રીજી વિભક્તિ, એકવચન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંબાનું — વિશેષ નામ, નારી જાતિ. 'નું' પ્રત્યય 'હૃદય' સાથે સંબંધ બતાવે છે. તેથી સંબંધાર્થે છઠ્ઠી વિભક્તિનું એકવચન.

હૃદય — સામાન્ય નામ, નાન્યતર જાતિ. 'ફફડી રહ્યું હતું'નો કર્તા છે. વિભક્તિનો પ્રત્યય લાગેલો નથી. તેથી નામાર્થે પહેલી વિભક્તિ, એકવચન.

ફફડી રહ્યું હતું — અકર્મક સંયુક્ત ક્રિયાપદ. 'ફફડવું + રહેવું' ઉપરથી સંયુક્ત ધાતુનામ: ફફડી રહેવું. સંયુક્ત ધાતુ: ફફડી રહે: કાળ: પૂર્ણ ભૂત. અર્થ: સ્વાર્થ. કર્મ નથી. કર્તા અને ક્રિયાનાથ: હૃદય. તેથી કર્તરિ પ્રયોગ, ત્રીજો પુરુષ, નાન્યતર જાતિ, એકવચન.

સ્વાધ્યાય

નીચેનાં વાક્યોનો વિગતવાર પદચ્છેદ કરો:—

(ક) પાકી કોઠીએ કાના ન ચડે.
(ખ) વાહ! સરસ ફટકો માર્યો!
(ગ) 'મહાભારત' આપણા દેશનો અમર ખજાનો છે.
(ઘ) ભલા માણસ, આ ચંપલ તને શોભતાં નથી.
(ઙ) ગોબીના વિશાળ રણમાં એક જુવાન સાધુ ચાલ્યો જતો હતો.

પાઠ છવ્વીસમો

વાક્યપૃથક્કરણ

[૧]

નીચેનાં વાક્યોના પ્રકાર ઓળખો:—

(૧) એક દિવસ સાધુ વ્યાખ્યાન કરતા હતા.
(૨) મીની બાળકી મટી મોટી યુવતી બની.
(૩) બાળપણનો તેનો વાચાળ સ્વભાવ તેની બાલ્યાવસ્થા સાથે ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) એવામાં વનુએ ઓચિંતા આવી વાણિયાના મોંમાં દેડકાનું નાનું બચ્ચું મૂકી દીધું.

(૫) મૃગજળ જોતાં મુસાફરની આંખે અંધારાં આવ્યાં.

દરેક વાક્ય **સાદું** છે. સાદા વાક્યનું પૃથક્કરણ કરવાની રીત આપણે શીખી ગયાં છીએ. તે પ્રમાણે આ વાક્યોનું પૃથક્કરણ કરો અને નીચે આપેલા નમૂના સાથે તેને સરખાવો.

[૨]

સાદા વાક્યના પૃથક્કરણના નમૂના

વાક્યનો નંબર	ઉદ્દેશ્ય વિભાગ		વિધેય વિભાગ				
	ઉદ્દેશ્ય	ઉદ્દેશ્યવર્ધક	ક્રિયાપદ	કર્મ	કર્મ-વર્ધક	ક્રિયા-પૂરક	ક્રિયાવર્ધક
૧	સાધુ	—	કરતા હતા	વ્યાખ્યાન	—	—	એક દિવસ (સમય બતાવે છે.)
૨	મીની	—	બની	—	—	મોટી યુવતી	બાળકી મટી (રીત બતાવે છે.)
૩	સ્વભાવ	બાળપણનો, તેનો વાચાળ	ગયો	—	—	—	તેની બાલ્યાવસ્થા સાથે (સ્થળ બતાવે છે.)
૪	વનુએ	—	મૂકી દીધું	—	—	—	એવામાં (સમય), ઓચિંતા આવી (રીત), વાણિયાના મોંમાં (સ્થળ)
૫	અંધારાં	—	આવ્યાં	—	—	—	મૃગજળ જોતાં (રીત), મુસાફરની આંખે (સ્થળ)

દરેક વાક્યમાં કોઈકને વિશે કંઈક કહેલું હોય છે. જેને વિશે કહેલું હોય છે તે **ઉદ્દેશ્ય** કહેવાય છે. ઉદ્દેશ્ય વિશે જે કહેલું હોય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે **વિધેય** કહેવાય છે. આ રીતે વાક્યના બે મુખ્ય વિભાગ પડે છે : **ઉદ્દેશ્ય વિભાગ અને વિધેય વિભાગ.**

વાક્યમાં ગમે તેટલાં પદો હોય, તોપણ તેમાંથી બે પદો જ મુખ્ય હોય છે — કર્તા અને ક્રિયાપદ. મોટે ભાગે કર્તા વિશે જ ક્રિયાપદ કશુંક કહે છે. કર્તરિ પ્રયોગમાં આ સ્પષ્ટ દેખાય છે. કર્મણિ પ્રયોગમાં કર્તાને બદલે કર્મ ઉપર ભાર આવે છે. છતાં ક્રિયાપદ કર્તા વિશે જ હકીકત કહે છે. એટલે પૃથક્કરણમાં **કર્તા અને તેને લગતાં પદો ઉદ્દેશ્ય વિભાગમાં જાય છે; અને ક્રિયાપદ તથા તેને લગતાં પદો વિધેય વિભાગમાં જાય છે.**

આ રીતે મુખ્ય વિભાગ પાડ્યા પછી, દરેક વિભાગના પેટા વિભાગ પાડવામાં આવે છે. તે દરેક પેટા વિભાગનું નામ ઉપરના કોઠામાં બતાવ્યું છે. તેમાં 'વર્ધક' એટલે વધારો કરનાર — વિશેષણનું કામ કરનાર — પદ કે શબ્દસમૂહ, એટલું સમજીએ તો દરેક પેટા વિભાગનો અર્થ સહેલાઈથી સમજાય છે.

આ રીતે **વાક્યના વિભાગ અને પેટા વિભાગ કરવાની ક્રિયાને વાક્યપૃથક્કરણ કહે છે.**

પદચ્છેદમાં વાક્યના દરેક પદને છૂટું પાડી તેનું સ્વરૂપ અને બીજાં પદો સાથેનો અર્થસંબંધ ઓળખવાનો હોય છે. પૃથક્કરણમાં વાક્યનાં મુખ્ય પદો અને તે પદોને લગતાં 'વર્ધકો'નો એકબીજા સાથેનો સંબંધ વાક્યરચનાની દૃષ્ટિએ ઓળખવાનો હોય છે. પદચ્છેદ શબ્દનો અર્થ સમજવામાં મદદ કરે છે. પૃથક્કરણ વાક્યનો અર્થ સમજવામાં મદદ કરે છે.

'વર્ધકો'નાં ખાનામાં કેવાં કેવાં પદો છે, તે જુઓ. કોઈમાં એક જ પદ છે, તો કોઈમાં શબ્દસમૂહો છે. ક્રિયાપૂરકના ખાનામાં નામ સાથે તેનું 'વર્ધક' પણ મૂકેલું છે; વર્ધકને માટે જુદું ખાનું રાખ્યું નથી. વળી ક્રિયાવર્ધકના ખાનામાં મોટે ભાગે ક્રિયાવિશેષણનું કામ કરનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદો ને શબ્દસમૂહો છે. એ દરેક શું બતાવે છે તેની નોંધ કૌંસમાં લખી છે.

[૩]

નીચેનાં વાક્યોનો પ્રકાર ઓળખો :—

(૧) રણશિંગું વાગ્યું અને જીત જાહેર થઈ, એટલે સૌએ હથિયાર હેઠે મૂક્યાં.

(૨) એ ધતિંગ તું છોડી દે, નહિ તો હું તને પોલીસને સોંપી દઈશ.

(૩) સરકારે એમને છોડી મૂક્યા, કેમ કે એમની સામેનો આરોપ ખોટો ઠર્યો.

(૪) હરસૂરે તલવાર તો તોળી રાખી છે, પણ તેની આંખમાંથી દડ દડ દડ આંસુ ટપકે છે.

દરેક વાક્ય **સંયુક્ત** છે. તેનું પૃથક્કરણ આ પાઠને છેડે આપ્યું છે. તેનો અભ્યાસ કરો.

[૪]

હવે નીચેનાં વાક્યોના પ્રકાર ઓળખો :—

(૧) હું પ્રતિજ્ઞા લઉં છું કે હવે હું ચા નહિ પીઉં.

(૨) આ કામ તમે ઉપાડ્યું એ બહુ સારું થયું.

(૩) એ વાત જે સાંભળે છે તે રાજી થાય છે.

(૪) ફરજ છોડી નાસી જઈએ તો આપણું નાક જાય.

દરેક વાક્ય **મિશ્ર** છે. તેનું પૃથક્કરણ આ પાઠને છેડે આપ્યું છે. તેનો અભ્યાસ કરો.

[૫]

સાદું, સંયુક્ત અને મિશ્ર — એ ત્રણે પ્રકારનાં વાક્યોનું કોઠાના રૂપમાં વિગતવાર પૃથક્કરણ કરવાની રીત આ પાઠમાં બતાવી છે. જ્યારે કોઈ વાક્યનું પૃથક્કરણ કરવાનું હોય, ત્યારે પ્રથમ તેનો મુખ્ય પ્રકાર ઓળખવો અને પછી તેનું કોઠાના રૂપમાં પૃથક્કરણ કરવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ વાક્યના (રચનાની દૃષ્ટિએ) મુખ્ય પ્રકાર અને પેટા પ્રકાર ગણાવો.

૨ નીચેનાં વાક્યોનું મુખ્ય પ્રકારો પ્રમાણે વર્ગીકરણ કરો :—

(ક) હોય તે આપો.

(ખ) એ જાય છે તો જવા દો.

(ગ) છું તો આપનો નોકર, પણ એક બાતમી લાવ્યો છું.

(ઘ) બેસી ગયેલા ગાલવાળી એક યુવાન સ્ત્રી બોલી રહી હતી.

(ઙ) એનો અવાજ માંડ પૂરો થયો હશે, એવામાં બાજુની દુકાનમાંથી એક ડોસો નીચે ઊતર્યો.

(ચ) આંખ મિચાઈ અને તેના પગ લથડવા લાગ્યા.

(છ) એ દિવસની યાદે પુરાતનના વૃદ્ધત્વમાં યૌવનનું જોર સીંચ્યું.

(જ) તેણે જાણ્યું કે આ અલૌકિક બાળક મને જરૂર હાનિ પહોંચાડશે.

(ઝ) એક વખત સિદ્ધાર્થ પોતાના મહેલ આગળ થઈને જતો હતો, ત્યારે તેણે દૂરથી આવતો મોટો પગરવ સાંભળ્યો.

(ઞ) ભણીને બીજાની નોકરી કરવી એ તમને શોભતું નથી.

(ટ) ડામરની કાળી જડ સડક ઉપર નિરાશાથી લાકડી પછાડતો તે આગળ ધપ્યો.

૩ પ્રશ્ન ૨નાં સાદાં વાક્યોનું કોઠાના રૂપમાં વિગતવાર પૃથક્કરણ કરો.

૪ સંયુક્ત અને મિશ્ર વાક્યોનું પૃથક્કરણ કરવા માટે કોઠાનું ખોખું તૈયાર કરો. દરેક ખાનાને ક્રમાંક આપો.

૫ પ્રશ્ન ૨નાં બાકી રહેલાં વાક્યોનું કોઠાના રૂપમાં વિગતવાર પૃથક્કરણ કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંયુક્ત વાક્યના પૃથક્કરણના નમૂના (જુઓ પાનું ૧૦૦)

મુખ્ય વાક્યનો ક્રમાંક	પેટા વાક્યો	પેટા વાક્યોના પ્રકાર	સંયોજકો	ઉદ્દેશ્ય વિભાગ: ઉદ્દેશ્ય	ઉદ્દેશ્ય વિભાગ: ઉદ્દેશ્યવર્ધક	વિધેય વિભાગ: ક્રિયાપદ	કર્મ	કર્મ-વર્ધક	ક્રિયા-પૂરક	ક્રિયાવર્ધક
૧	(૧) રણશિંગું વાગ્યું.	પ્રધાન વાક્ય	અને	રણશિંગું	—	વાગ્યું	—	—	—	—
	(૨) જીત જાહેર થઈ.	(૧)નું સહગામી		જીત	—	થઈ	—	—	જાહેર	—
	(૩) સૌએ હથિયાર હેઠે મૂક્યાં.	(૨)નું સહગામી	એટલે	સૌએ	—	મૂક્યાં	હથિયાર	—	—	હેઠે [સ્થળ]
૨	(૧) એ ધતિંગ તું છોડી દે.	પ્રધાન વાક્ય	નહિ તો	તું	—	છોડી દે	ધતિંગ	એ	—	—
	(૨) હું તને પોલીસને સોંપી દઈશ.	(૧)નું સહગામી		હું	—	સોંપી દઈશ	તને [પ્રધાન] પોલીસને [ગૌણ]	—	—	—
૩	(૧) સરકારે એમને છોડી મૂક્યા.	પ્રધાન વાક્ય	કેમ કે	સરકારે	—	છોડી મૂક્યા	એમને	—	—	—
	(૨) એમની સામેનો આક્ષેપ ખોટો ઠર્યો.	(૧)નું સહગામી		આરોપ	એમની સામેનો	ઠર્યો	—	—	ખોટો	—
૪	(૧) હરસૂરે તલવાર તો તોળી રાખી છે.	પ્રધાન વાક્ય	પણ	હરસૂરે	—	તોળી રાખી છે	તલવાર	—	—	તો [ભાર બતાવે છે]
	(૨) તેની આંખમાંથી દડ દડ-દડ આંસુ ટપકે છે.	(૧)નું સહગામી		આંસુ	—	ટપકે છે	—	—	—	તેની આંખમાંથી [સ્થળ] દડ દડ દડ [રીત]

સમજૂતી: સંયુક્ત વાક્યનું પૃથક્કરણ કરવા માટે પ્રથમ પ્રધાન વાક્યો, સહગામી વાક્યો અને સંયોજકો છૂટાં પાડવાં જોઈએ. એવાં છૂટાં પાડેલાં વાક્યોને આપણે પેટા વાક્યો કહીશું. આ પેટા વાક્યો ને સંયોજકોને કોઠામાં કેવી રીતે ગોઠવ્યાં છે તે ધ્યાનમાં લો. પહેલા ખાનામાં મુખ્ય વાક્યનો ક્રમાંક છે. તે પછી પેટા વાક્યો આપ્યાં છે. દરેક પેટા વાક્યનો પ્રકાર અને તેમનો એકબીજા સાથેનો સંબંધ ત્રીજા ખાનામાં બતાવ્યો છે. સંયોજક કયાં પેટા વાક્યોને જોડે છે તે મોટા કૌંસ વડે બતાવ્યું છે. આ પ્રમાણે મુખ્ય વાક્યનાં **પેટા વાક્યો છૂટાં પડતાં દરેક પેટા વાક્ય એક એક સ્વતંત્ર સાદું વાક્ય બની જાય** છે. તે દરેકનું અગાઉના (પાન ૯૮ ઉપરના) નમૂના પ્રમાણે **વિગતવાર પૃથક્કરણ** બાકીનાં ખાનાંમાં કરી બતાવ્યું છે. એ રીતે સંયુક્ત વાક્યનું સંપૂર્ણ પૃથક્કરણ કરી બતાવ્યું છે.

મિશ્ર વાક્યના પૃથક્કરણના નમૂના (જુઓ પાનું ૧૦૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

છે. તે દરેકનું અગાઉના (પાન ૯૮ ઉપરના) નમૂના પ્રમાણે વિગતવાર પૃથક્કરણ ...
રીતે સંયુક્ત વાક્યનું સંપૂર્ણ પૃથક્કરણ કરી બતાવ્યું છે.

મિશ્ર વાક્યના પૃથક્કરણના નમૂના (જુઓ પાનું ૧૦૦)

મુખ્ય વાક્યનો ક્રમાંક	પેટા વાક્યો	પેટા વાક્યોના પ્રકાર	સંયોજકો	ઉદ્દેશ્ય વિભાગ: ઉદ્દેશ્ય	ઉદ્દેશ્ય વિભાગ: ઉદ્દેશ્યવર્ધક	વિધેય વિભાગ: ક્રિયાપદ	વિધેય વિભાગ: કર્મ	વિધેય વિભાગ: કર્મવર્ધક	વિધેય વિભાગ: ક્રિયાપૂરક	વિધેય વિભાગ: ક્રિયાવર્ધક
૧	(૧) હું પ્રતિજ્ઞા લઉં છું.	પ્રધાન વાક્ય	કે	હું	—	લઉં છું	પ્રતિજ્ઞા, (૨) નું નામવાક્ય	—	—	—
	(૨) હવે હું ચા નહિ પીઉં.	નામવાક્ય — (૧)માં પ્રતિજ્ઞા સાથે સમાનાધિકરણમાં છે.		હું	—	નહિ પીઉં	ચા	—	—	હવે [સમય બતાવે છે]
૨	(૧) આ કામ તમે ઉપાડ્યું.	નામવાક્ય — (૨)માં 'એ' સાથે સમાનાધિકરણમાં છે.	એ	તમે	—	ઉપાડ્યું	કામ	આ	—	—
	(૨) (એ) બહુ સારું થયું.	પ્રધાન વાક્ય		(એ), (૧) નું નામવા.		થયું	—	—	બહુ સારું	—
૩	(૧) જે એ વાત સાંભળે છે.	વિશેષણવાક્ય –(૨)માં 'તે'નું વિશેષણ છે.	જે-તે	જે	—	સાંભળે છે	વાત	એ	—	—
	(૨) તે રાજી થાય છે.	પ્રધાન વાક્ય		તે	—	થાય છે	—	—	રાજી	—
૪	(૧) ફરજ છોડી નાસી જઈએ.	ક્રિયાવિશેષણ-વાક્ય. શરત બતાવે છે.	(જો)-તો	(આપણે)	—	નાસી જઈએ	—	—	—	ફરજ છોડી [રીત]
	(૨) આપણું નાક જાય.	પ્રધાન વાક્ય		નાક	આપણું	જાય	—	—	—	—

સમજૂતી: સંયુક્ત વાક્યની માફક મિશ્ર વાક્યમાં પણ પેટા વાક્યો અને સંયોજકો છૂટાં પાડીને યોગ્ય ખાનાંમાં મૂક્યાં છે. ખાનાંનાં નામ અને તેમાં વિગતો ભરવાની રીત અગાઉના જેવી જ છે. પણ મિશ્ર વાક્યનાં પેટા વાક્યો એકબીજા ઉપર આધાર રાખે છે, તેથી તેમને લાગેલા સંયોજકો કેટલીક વાર ઉદ્દેશ્યના ખાનામાં આવે છે. કેટલીક વાર ખૂટતાં પદો ઉમેરી લેવાં પડે છે.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ સત્તાવીસમો

અલંકાર—(૧)

[૧]

નીચેની કડીમાં શી ખૂબી છે તે તપાસો :—

ડુંગર કેરી ખીણમાં, ગાંભૂ નામે ગામ,
ખેતી કરતો ખંતથી, પટેલ પાંચો નામ.

આ કડીમાં પંક્તિઓને છેડે 'ગામ' અને 'નામ' એ બે શબ્દોનો ઉચ્ચાર સરખો હોવાથી કાનને પ્રિય લાગે છે. એ જ રીતે પહેલી પંક્તિમાં **ગ** અને **મ**, અને બીજીમાં **ખ** અને **પ** એ અક્ષરો થોડે થોડે અંતરે બબ્બે વાર બોલાય છે. તે કાનને મધુર લાગે છે.

આ રીતે સરખા ઉચ્ચારવાળા વર્ણો (અક્ષરો) એક જ પંક્તિ કે કડીમાં વારે વારે બોલાતાં મધુર અને સુંદર લાગે, ત્યારે તે અક્ષરોનો **પ્રાસ કે અનુપ્રાસ** થયો, એમ કહેવાય છે.

કાવ્યની પંક્તિઓને છેડે આવતા વર્ણોના અનુપ્રાસને **અંત્યાનુપ્રાસ** કહે છે. (અંત્ય એટલે છેડાનો.) ઉપરની પંક્તિઓમાં **ગામ - નામ** એ **અંત્યાનુપ્રાસ** છે.

વાક્યમાં એક જ પ્રકારના વર્ણો ફરી ફરીને આવવાથી જે અનુપ્રાસ થાય તેને **વર્ણાનુપ્રાસ** કહે છે. એ રીતે ઉપરની પંક્તિઓમાં **ગ, મ, ખ, પ** ના **વર્ણાનુપ્રાસ** બને છે.

[૨]

આ પંક્તિઓના અનુપ્રાસ ઓળખો :—

(૧) કાળી કાળી વાદળીમાં વીજળી ઝબૂકે.

(૨) તે બોલે છે થોડું; પણ બોલે છે ત્યારે તાતાં તીર ફેંકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧)માં ક અને **વ** નો, અને (૨)માં **ત** નો **વર્ણાનુપ્રાસ** છે. આમાં પહેલી પંક્તિ કાવ્યની છે, અને બીજી ગદ્યની છે. એ બતાવે છે કે પ્રાસ કે અનુપ્રાસવાળી ભાષા કાવ્યમાં તેમ જ ગદ્યમાં પણ વપરાય છે.

[૩]

નીચેની પંક્તિઓની ખૂબી તપાસો :—

કર જોડી **કરે** અબળા વિનતી,
જયમ **શંકર** આગળ પારવતી.

આ પંક્તિઓમાં કર શબ્દ ત્રણ વાર આવવાથી આખી કડી મધુર લાગે છે. 'કર' શબ્દનો અર્થ ત્રણે સ્થળે જુદો જુદો છે. શરૂઆતમાં 'કર' એટલે હાથ. બીજી વાર 'કરે' એ ક્રિયાપદ છે. ત્રીજી વાર 'કર' એ 'શંકર' શબ્દનો ભાગ છે. શબ્દોની ગોઠવણ એવી છે કે 'કર' શબ્દનો ઉચ્ચાર આપણું ધ્યાન ખેંચે, પણ તેનો અર્થ ઝટ સમજાય નહિ. આ બતાવે છે કે કવિએ એ શબ્દો મધુરતા ઉપજાવવા જ અમુક રીતે ગોઠવ્યા છે.

આ રીતે સરખા અવાજના શબ્દો ફરી ફરી આવવાથી જે અનુપ્રાસ થાય તેને **શબ્દાનુપ્રાસ** કે **યમક** કહે છે. સરખા ઉચ્ચારવાળા વર્ણો(અક્ષરો)થી વર્ણાનુપ્રાસ બને. સરખા ઉચ્ચારવાળા શબ્દોથી શબ્દાનુપ્રાસ બને.

ઉપરની કડીમાં 'કર' શબ્દનો શબ્દાનુપ્રાસ છે. તે સાથે 'તી' વર્ણનો અંત્યાનુપ્રાસ પણ છે. તે જુઓ.

[૪]

ઉપરનાં દૃષ્ટાન્તોથી સમજાય છે કે વિવિધ પ્રકારના પ્રાસ કે અનુપ્રાસથી વાક્યો કર્ણપ્રિય બને છે. તે માટે શબ્દો કાળજીથી પસંદ કરી યુક્તિપૂર્વક ગોઠવવા પડે છે. એમ કરવાથી ભાષા સુંદર બને ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સુંદરતાને **અલંકાર** કહે છે. પ્રાસ કે અનુપ્રાસમાં માત્ર શબ્દોના ઉચ્ચારને લીધે સુંદરતા સધાય છે, તેથી તેને **શબ્દાલંકાર** કહે છે. **પ્રાસ કે અનુપ્રાસ એ મુખ્ય શબ્દાલંકાર છે. અન્ત્યાનુપ્રાસ, વર્ણાનુપ્રાસ** અને **શબ્દાનુપ્રાસ** (કે યમક) એ તેના મુખ્ય પ્રકારો છે. બીજા શબ્દાલંકારો તમે આગળ જતાં શીખશો.

અલંકારથી ભાષા સુંદર તેમ જ અસરકારક બને છે.

સ્વાધ્યાય

૧ શબ્દાલંકાર શી રીતે ઓળખાય ? તેના મુખ્ય પ્રકારનું નામ કહો.

૨ અનુપ્રાસના પ્રકારો ગણાવો.

૩ નીચેની પંક્તિઓમાંથી શબ્દાલંકારો ઓળખો :—

(ક) વર્ષાના વારિના વીંઝાતા સૂરમાં
ગોર્યોનાં ગીતડાં ગવાય . . . .

(ખ) પાંખ-પીળી ને પગ પાંડુરા, કોટે કાંઠલો કાળો;
નરસૈંયાના સ્વામીને ભજ્જે, રાગ તાણી રૂપાળો.

(ગ) વાગે બહુ જ સુકુમાર પગમાં શૂળ કાંટા કાંકરા,
અતિ થાક લાગ્યો આકરો ચડતાં ઊતરતાં ટેકરા.

(ઘ) કળાની કદર કરનારે ઉદાર મન રાખવું જોઈએ.

(ઙ) કરજ કરી કર દિયે ન્યાત ને વરઘોડાનો;
એમાં શી તુજ શાખ, જોસ વધે છે ધાનો.

(ચ) એ વાંચતાં વાણી વિરમે છે.

૪ તમારે ચાલેલા પાઠોમાંથી અંત્યાનુપ્રાસ અને વર્ણાનુપ્રાસનાં બબ્બે દૃષ્ટાન્તો શોધી કાઢો.

૫ વર્ણાનુપ્રાસ વાપરીને પાંચ વાક્યો બનાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ અઠ્ઠાવીસમો

અલંકાર—(૨)

[૧]

નીચેના વાક્યમાં અર્થની ખૂબી પારખો :—

એ છે તો ખાદી, પણ રેશમ જેવી સુંવાળી છે.

ખાદી ખડબચડી હોય છે. એ તેનો દોષ ગણાય. એ દોષને બદલે અમુક ખાદીમાં સુંવાળાપણાનો ગુણ છે એમ કહી, તેની પ્રશંસા કરવા તેને રેશમ સાથે સરખાવી છે.

આ રીતે, કોઈ વસ્તુના ગુણનાં વખાણ કરવાં હોય, ત્યારે એ ગુણ જેનામાં વધારે હોય તેની સાથે એ વસ્તુને આપણે સરખાવીએ છીએ. એમ કરવાથી એ વસ્તુ માટે આપણને ભાવ થાય છે. અર્થની આવી ખૂબીથી **ઉપમા** નામનો **અલંકાર** થાય છે. **ઉપમા** એટલે **સરખામણી**.

ઉપરના વાક્યમાં :—

(૧) **ખાદી** એ વર્ણનનો વિષય છે. તે **ઉપમેય** કહેવાય છે. ઉપમેય એટલે જેને ઉપમા લાગુ પડે તે; ઉપમા વડે જેની પ્રશંસા થાય તે.

(૨) **રેશમ** એ ઉપમાનું સાધન છે. તે **ઉપમાન** કહેવાય છે. ઉપમાન એટલે જેના ગુણ વડે ઉપમેયના ગુણની સરખામણી થાય તે.

(૩) **સુંવાળાપણું** એ (જેની વાત થઈ તે) ખાદી તેમ જ રેશમ બંનેમાં રહેલો ગુણ છે. એ ગુણ ઉપમેય અને ઉપમાન બંનેમાં રહેલો હોવાથી **સાધારણ ધર્મ** કહેવાય છે. ઉપમેય અને ઉપમાન બંનેમાં રહેલા જે ગુણની સરખામણી થાય તે **સાધારણ ધર્મ**.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) 'જેવી' એ ઉપમાવાચક શબ્દ છે. જેવો–જેવા–જેવું, પેઠે, માફક, સરખો–ખી–ખું, શો–શી–શું, એવા શબ્દો વડે ઉપમા ઓળખાય છે.

(૫) ઉપમા વડે સામાન્ય રીતે ઉપમેયની પ્રશંસા થાય છે. કોઈ વાર નિંદા પણ થાય છે. દા. ત. કાળું મેશ જેવું.

[૨]

નીચેનાં વાક્યોના અર્થ સરખાવો :—

(૧) સંસાર મોટા સાગર જેવો છે.

(૨) સંસાર મોટો સાગર છે.

(૩) સંસારસાગર મહાજળ ભરિયો.

(૧)માં 'જેવો' શબ્દથી ઉપમા ઓળખાય છે.

(૨)માં ઉપમાવાચક શબ્દ નથી. એ વાક્યનો અર્થ એ છે કે સંસાર અને સાગર સરખા છે. આ પણ એક જાતની સરખામણી જ છે. એને **રૂપક અલંકાર** કહે છે.

ઉપમામાં ઉપમાવાચક શબ્દ (દા. ત. જેવો) વાપરેલો હોય છે. રૂપકમાં એવો શબ્દ વાપરેલો હોતો નથી. ઉપમામાં ઉપમેય અને ઉપમાનના કોઈ એક કે તેથી વધારે સાધારણ ધર્મની સરખામણી હોય છે. રૂપકમાં ઉપમેય અને ઉપમાન સર્વ રીતે સરખા છે—બંને એકરૂપ જ છે, એમ બતાવેલું હોય છે. ઉપમેયને ઉપમાન તરીકે ઓળખાવેલું હોય છે.

(૩)માં એ જ રૂપકને સમાસ વડે સૂચવેલું છે. સંસારસાગર **એટલે સંસારરૂપી સાગર** (કર્મધારય સમાસ). આવી રીતે જે સમાસનો વિગ્રહ કરતાં 'રૂપ' શબ્દ વાપરવો પડે તે સમાસમાં સામાન્ય રીતે **રૂપક અલંકાર** હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

નીચેનાં વાક્યોમાં અર્થની ખૂબીઓ પારખો :—

(૧) એનું મોં **ચંદ્ર જેવું** શોભે છે.
(૨) એના **મુખચંદ્ર** ઉપર ટીલડી ચળકે છે.
(૩) મુખ **જાણે** પૂનમનો શશી.

ત્રણે વાક્યોમાં મોંને ચંદ્ર સાથે સરખાવ્યું છે. (૧)માં ઉપમેય અને ઉપમાન બતાવ્યાં છે. ઉપમાવાચક 'જેવું' શબ્દથી **ઉપમા** ઓળખાય છે. (૨)માં ઉપમેય અને ઉપમાન એકરૂપ બતાવ્યાં છે. એ **રૂપક** છે.

(૩)માં ઉપમેય અને ઉપમાન **એકરૂપ હશે,** એવો અર્થ છે. એમાં સંશયાર્થ છે, નિશ્ચયાર્થ નથી. આવા સંશયાર્થ રૂપકને **ઉત્પ્રેક્ષા અલંકાર** કહે છે. 'જાણે' 'શકે,' 'શું' એવા શબ્દોથી તે ઓળખાય છે. ત્રીજા વાક્યમાં ઉત્પ્રેક્ષા છે.

[૪]

આ વાક્યોનો અર્થ વિચારો :—

(૧) મોરનાં ઈંડાં કંઈ ચીતરવાં પડે ?
(૨) કાલે તો તમે હથેળીમાં ચાંદ માગશો. તે ક્યાંથી મળશે ?
(૩) પાસે સુધાસરિત ને મુજ કંઠ શુષ્ક !

આ વાક્યોમાં **આડકતરી સરખામણી** છે. જે વિષયનું વર્ણન ચાલતું હોય તેની સીધી પ્રશંસા (કે નિંદા) કરવાને બદલે, તેને લાગુ પડે તેવું બીજા વિષયનું વર્ણન આવાં વાક્યોમાં હોય છે. દા. ત. (૧)માં એમ કહે છે કે જેમ મોરની સુંદરતા બતાવવા તેનાં ઈંડાં ચીતરવાની જરૂર નથી, તેમ દેખીતી સુંદર વસ્તુને સુંદર કહીને ઓળખાવવાની જરૂર જ ન હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી આડકતરી સરખામણીને **અન્યોક્તિ** અથવા **અપ્રસ્તુત-પ્રશંસા અલંકાર** કહે છે. અન્યની ઉક્તિ (વર્ણન) તે અન્યોક્તિ. પ્રસ્તુત(ચાલુ વિષય)ની પ્રશંસા માટે અપ્રસ્તુત(બહારના વિષય)ની પ્રશંસા તે અપ્રસ્તુત પ્રશંસા.

[૫]

ઉપરનાં દૃષ્ટાન્તોમાં અર્થની ખૂબી(શોભા, ચમત્કૃતિ)થી વિવિધ પ્રકારના અલંકારો બને છે. તે બધા **અર્થાલંકાર** કહેવાય છે. **ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા, અન્યોક્તિ (કે અપ્રસ્તુતપ્રશંસા) એ દરેક અર્થાલંકાર છે.**

અર્થાલંકારના બીજા ઘણા પ્રકાર છે. તે તમે આગળ જતાં શીખશો.

કવિતામાં શબ્દાલંકાર તેમ જ અર્થાલંકારના વિવિધ પ્રકારોનું મિશ્રણ હોય છે. તેથી કવિતાના અભ્યાસમાં અલંકારો ઓળખતાં શીખવાની ખાસ જરૂર છે.

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોમાંથી ઉપમા અને રૂપક અલંકારો ઓળખો :—

(ક) પેલું બકરી કેરું બાળ......ઊજળું બરફ સમ સોહાય.
(ખ) કાગળ વાંચી તે શોકસાગરમાં ડૂબી ગયો.
(ગ) ઊગતાં અમ મનનાં ફૂલડાંને રસથી સભર બનાવો.
(ઘ) રૂપાનાં પતરાં જેવું ચાંદરણું ખીલી રહ્યું હતું.
(ઙ) ઉજ્જડમાં વેતાલ સમો ત્યાં ચકર ચકર વંટોળ ચડ્યો.
(ચ) અમારા એ દાદા વિપુલ વડના ઝુંડ સરખા.

૨ નીચેની પંક્તિઓમાંથી ઉપમા, રૂપક અને ઉત્પ્રેક્ષા અલંકારો ઓળખો :—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ક) ત્યાં ઊભા કાજી ભાભા, મૂછો જાણે રૂના ગાભા!
(ખ) છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમ;
દેવોના ધામના જેવું, હૈયું જાણે હિમાલય.
(ગ) આજે મારું હૃદય કેમ પાણી પાણી થઈ ને વહી જાય છે?
(ઘ) મા! તું જાણે શાને નિત્યે સાગર ગરજે આવો?
જટા ઉછાળી શંખ બજાવે, જાણે ઘેઘૂર બાવો!
(ઙ) પ્રયાગ પછી ગંગા નદી કુલવધૂની પેઠે ગંભીર દેખાય છે.

૩ નીચેની પંક્તિઓમાંથી અલંકારો ઓળખો :—

(ક) ઢેડનું છોકરું ઢેબરે રીઝ્યું!
(ખ) હતું એનું હૈયું ગહનરસ ગંભીર દરિયો.
(ગ) ચંદ્ર છૂપે નહિ વાદળાછાયો!
(ઘ) જગતના કાચના યંત્રે ખરી વસ્તુ નહિ ભાસે.

૪ નીચેની પંક્તિઓમાંથી શબ્દાલંકારો અને અર્થાલંકારો ઓળખો :—

(ક) ગોળ વિના મોળો કંસાર, માત વિના સૂનો સંસાર.
(ખ) પણ એમ પિછોડીમાં પથ્થર મારો છો, તે વાગે છે!
(ગ) વહી જાય છે વેગમાં ફાની ભરતી ફાળ,
ગણે ન કાંટા કાંકરા, દોડે જ્યમ મૃગબાળ.
(ઘ) આંખે જુઓ મોર અપાર આવ્યો,
જાણે ખજાનો ભરી મહોર લાવ્યો.
(ઙ) આંબા આંબલી લીમડા વડ વડા,
ઝૂડે ઝૂક્યાં ઝાડ છે;
છત્રોની છબી છાઈ હોય છતમાં,
તેવા ઊંચા તાડ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
લેખન

ભા-૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ પહેલો

ચિત્રવર્ણન

નીચેના ચિત્રનું વિગતવાર વર્ણન કરો, અને તેને યોગ્ય મથાળું આપો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ બીજો

આજ્ઞાનું પાલન

(અધૂરી વાર્તા પૂરી કરવી)

એક મોટા શહેરમાં ધનપાલ નામે એક શેઠ રહેતો હતો. તેની પાસે અઢળક ધન હતું. તેનો ધંધો પણ ધમધોકાર ચાલતો હતો. શરૂઆતમાં શેઠ ખૂબ વહેલા ઊઠતા અને પોતાનું કામકાજ નિયમિત સંભાળતા. પણ જેમ જેમ પૈસા વધતા ગયા તેમ તેમ શેઠ સાહેબ આળસુ બનવા લાગ્યા. તેમણે મોડા ઊઠવા માંડ્યું. તેને પરિણામે તેમનું કામ નિયમિત પૂરું થતું નહિ. કામ ચઢતું ગયું ને દેશપરદેશથી આડતિયાઓની ફરિયાદો વધવા લાગી.

એક દિવસ એક મોટા આડતિયાનો પત્ર આવ્યો. તેમાં લખ્યું હતું, "લખતાં ખૂબ દિલગીરી થાય છે કે હાલમાં તમારી પેઢી તરફથી અમારા પત્રોના જવાબ પણ નિયમિત મળતા નથી. જે પેઢીએ પોતાના પ્રમાણિક ને નિયમિત વહેવારથી દેશભરમાં નામના મેળવી છે, તે પેઢીનું સંચાલન કેમ શિથિલ બનતું જાય છે તેની અમને સમજ પડતી નથી. આપ આ બાબતમાં તપાસ કરી યોગ્ય કરશો તો આભારી થઈશું."

આ વાંચીને ધનપાલ શેઠને ખૂબ દુઃખ થયું. તેમણે વિચાર કર્યો અને તેમને પોતાની ભૂલ સમજાઈ. પોતે જ મોડા ઊઠતા હતા, અને રોજના કામ પ્રત્યે પૂરતું ધ્યાન આપતા નહોતા; એટલે પેઢીના કામકાજમાં શિથિલતા જ આવે ને?

શેઠે આળસ ત્યજવાનો નિર્ણય કર્યો. છાપામાં એક જાહેરખબર આપી. "**આજ્ઞાનું ચુસ્ત રીતે પાલન કરી શકે એવો પ્રામાણિક અને સાચાબોલો નોકર જોઈએ છે. લાયકાત પ્રમાણે પગાર આપવામાં આવશે.**" જાહેરખબર વાંચીને ઘણા માણસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યા. શેઠે એક માણસને રાખ્યો અને તેને કહ્યું, "ભાઈ, જુઓ, તમારે શું કામ કરવાનું છે તે તમને કહું છું. તમારે મને રોજ સવારે પાંચ વાગ્યે ઊંઘમાંથી જગાડવો. આ મારી તમને આજ્ઞા છે."

નોકર બીજે દિવસે સવારે પાંચ વાગ્યે શેઠને ઉઠાડવા ગયો. શેઠ ઊઠ્યા નહિ. નોકરે ફરીથી પ્રયત્ન કર્યો. શેઠે મોટેથી કહ્યું, "ચાલ્યા જાઓ. મારી ઊંઘ હજુ પૂરી થઈ નથી. મારે હજુ ઊંઘવું છે." નોકર બિચારો ગભરાઈને જતો રહ્યો. શેઠે તેને મહિનાનો પૂરો પગાર આપી નોકરીમાંથી રજા આપી.

આ પ્રમાણે શેઠે ત્રીસ નોકર બદલ્યા. કોઈ નોકર તેમને વખતસર ઉઠાડી શક્યો નહિ. છેવટે પૃથ્વીરાજ નામનો એક જુવાન રજપૂત નોકર આવ્યો. તેણે શેઠને પાંચ વાગ્યે ઉઠાડવા માંડ્યા. શેઠે ઊઠવાની ના પાડી. તે ગુસ્સે પણ થયા. પરંતુ પેલો માણસ તો શેઠના પલંગ પાસેથી ખસ્યો જ નહિ. શેઠ ઊઠ્યા નહિ, એટલે નોકરે તેમના પગ પકડીને ઘસડવા માંડ્યા. શેઠે ખૂબ ખિજાઈને કહ્યું, "તને નોકરીમાંથી બરતરફ કરીશ. પગ મૂકી દે. શેઠ જોડે કેમ વર્તવું તેની પણ ખબર નથી?"

નોકર તદ્દન શાંત રહ્યો. તેણે શાંતિથી કહ્યું, "શેઠ સાહેબ, હું તો તમારી આજ્ઞાનું પાલન કરું છું. તમે પહેલાં પથારીમાંથી ઊઠો ને પછી મને નોકરીમાંથી કાઢી મૂકજો."

* * *

ઉપર આપેલી વાર્તા અધૂરી છે. એ વાર્તા પૂરી કરીને નીચે આપી છે. તે હવે વાંચો :—

શેઠ પૃથ્વીરાજ પર ખૂબ ખુશ થયા. તે તરત જ બેઠા થયા અને બોલ્યા, "શાબાશ! શાબાશ! મારે તારા જેવો જ નોકર જોઈતો હતો. જે મારી આજ્ઞાનું પાલન કરે તે જ મારો વફાદાર નોકર! તેં તારા કર્તવ્યનું બરાબર પાલન કર્યું છે, તેથી હું તારા પર ખૂબ રાજી થયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું. આજથી તને પગારમાં માસિક રૂપિયા પચાસનો વધારો કરી આપું છું ને મારી યાદગીરીમાં આ વીંટી તને ભેટ આપું છું.”

પૃથ્વીરાજને તેની સાચી સેવાનો જે બદલો મળ્યો તેનાથી તે ખૂબ રાજી થયો. ત્યાર પછી ઘણાં વર્ષો સુધી તેણે શેઠની વફાદારીથી નોકરી કરી. પૃથ્વીરાજ નોકરીમાં રહ્યો તે દિવસથી શેઠ વહેલા ઊઠતા થયા ને પોતાનું કામકાજ અગાઉની માફક નિયમિત કરતા થઈ ગયા. ત્યાર પછી દેશપરદેશના આડતિયાઓને ફરિયાદ કરવાની એકે તક સાંપડી નહિ.

સ્વાધ્યાય

૧ નીચેની અધૂરી વાર્તા પૂરી કરો ને તેને યોગ્ય મથાળું આપો :—

એક ધર્મશાળામાં બે સાધુ રહેતા હતા. તે રોજ ગામમાં સીધું માગવા જતા અને સાંજે મુકામ પર આવી પોતપોતાનું રાંધી લેતા. આમ સાથે રહેવાથી એમની વચ્ચે ભાઈબંધી થઈ. એક દિવસ એક સાધુને વિચાર આવ્યો કે, “આમ બંને જણ રોજ જુદું જુદું રાંધીએ તે કરતાં સહિયારું રાંધીએ તો શું ખોટું?” તેણે એ વિચાર બીજા સાધુને કહ્યો અને બંનેએ સહિયારી રસોઈ કરવાનું ઠરાવ્યું. સીધું માગવા બંનેએ સાથે નીકળવું, પણ સાંજે મુકામે આવ્યા પછી એક જણ રસોઈ કરે ને બીજો દૂરના કૂવામાંથી પાણી ભરી લાવે, એવી વ્યવસ્થા તેમણે ગોઠવી.

એક દિવસ તેમણે લાડુ બનાવ્યા. જમી રહ્યા પછી ત્રણ લાડુ વધ્યા. તે કોણ ખાય એ વિશે મતભેદ પડ્યો. એક સાધુ કહે, “હું આજે વધારે સીધું લાવ્યો છું, માટે વધેલા લાડુ હું ખાઈશ.” બીજો કહે, “એ લાડુ મેં રાંધ્યા છે, માટે હું ખાઈશ.” છેવટે એમ ઠર્યું કે, “વધેલા લાડુ ચૂલા ઉપર ઢાંકી બંનેએ સૂઈ જવું. સવારે દરેકે પોતાને આવેલાં સ્વપ્નો કહી સંભળાવવાં. તેમાંથી જેનું સ્વપ્નું વધારે સારું હોય તેને એ લાડુ ઇનામમાં આપવા.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ નીચેના મુદ્દાઓ ઉપરથી વાર્તા લખો. વાર્તાને મથાળું આપજો.

એક મજૂર — રાતે ખેતરમાંથી જતો હોય છે — સાપ ઉપર પગ પડે છે — પગ સાપના મોં પર હશે એમ ધારે છે — ત્યાં જ ઊભો રહે છે. — સાપ પગે વીંટાય છે — જોરથી બૂમ પાડે છે — લોકો ફાનસ લઈને આવે છે — મજૂરને બચાવે છે.

૩ નીચેના શબ્દો વાક્યમાં વાપરી બતાવો : – અટણક; શિથિલ; યાદગીરી; કર્તવ્ય; સહિયારું; આડતિયો; મતભેદ.

પાઠ ત્રીજો

લુહારને ત્યાં

(કથનાત્મક નિબંધ)

એક દિવસ અમે ગામના લુહાર ધનજીકાકાને ત્યાં ગયાં. તેમની કોઢ અને તેમનું કામ અમારે જોવું હતું. અમને જોઈને ધનજીકાકા રાજી થયા. તેમણે અમને બધાંને તેમની કોઢની આજુબાજુ ઊભાં રહેવા કહ્યું.

ધનજીકાકાની કોઢ બહુ મોટી નહોતી. તેમાં એક મોટી ભઠ્ઠી હતી. ભઠ્ઠીમાં ધગધગતો અગ્નિ હતો. અગ્નિમાં લોખંડનો ટુકડો મૂકેલો હતો. એક બાજુએ ભઠ્ઠીને મોટી ધમણ લગાડેલી હતી. બીજે છેડે ધનજીકાકાનો નોકર એ ધમણ ચલાવતો હતો; ને ભઠ્ઠી ભડભડ બળી રહી હતી. થોડી વાર પછી ધનજીકાકાએ એક મોટો સાણસો લીધો. તે પકડીને તેમણે ભઠ્ઠીમાંથી લાલ રંગનો ધગધગતો લોખંડનો ટુકડો કાઢ્યો. તેને એરણ પર મૂકીને હથોડા વડે ટીપવા માંડ્યો.

લોખંડનો ટુકડો ખૂબ ગરમ થવાથી નરમ થયો હતો. તેને ટીપી ટીપીને ધનજીકાકાએ લાંબો પાટો બનાવ્યો. પછી એમાંથી ગાડાના પૈડાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



વાટનો આકાર બનાવી દીધો. પછી એના બે છેડા ભેગા કરીને ફરીથી તેમને ભઠ્ઠીમાં ખૂબ તપાવ્યા. અને ગરમ થયેલા બંને છેડાઓને એરણ પર મૂકી, હથોડા વડે ટીપી ટીપીને જોડી દીધા.

ભઠ્ઠીથી થોડે દૂર ધનજીકાકાના માણસે ગોળાકારમાં છાણાં સળગાવ્યાં હતાં. તેની અંદર એ વાટને મૂકવામાં આવી. છાણાંના તાપથી તપીને વાટ લાલચોળ બની થઈ. પછી ધનજીકાકાએ તથા તેમના નોકરે તેને બહાર કાઢી, ને ગાડાના પૈડાને ફરતી ચઢાવી દીધી. વાટ સરખી બેઠી એટલે પૈડાનું લાકડું બળવા લાગ્યું. તરત જ ધનજીકાકાએ તેના પર ઠંડું પાણી રેડવા માંડ્યું. પાણી રેડતાંની સાથે જ છનનન.........છનનન એવો અવાજ સંભળાયો. લાકડું બળતું બંધ થયું ને વાટ ઠંડી પડી. પછી અમે પૈડાની નજીક જઈને જોયું તો વાટ બરાબર સજ્જડ ચોંટી ગઈ હતી.

અમારા શિક્ષકે કહ્યું, "બાળકો, વાટને તપાવવાથી તે મોટી થઈ અને પૈડાની આજુબાજુ સરખી બેસી ગઈ. પણ જ્યારે ધનજી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાકાએ તેના પર પાણી રેડ્યું ત્યારે તે સંકોચાઈ ગઈ અને પૈડાને ફરતી સજ્જડ બેસી ગઈ. આ વિશે બીજી માહિતી તમને કાલે વર્ગમાં આપીશ."

ધનજીકાકાની કોઢ તથા તેમનું કામ જોઈ અમે બધાં ઘેર ગયાં.

સ્વાધ્યાય

૧ પાઠમાં આપેલા ચિત્રનું વિગતથી વર્ણન કરો.

૨ લોખંડને ગરમ કરવાથી તેના ઉપર શી શી અસરો થાય, તે વિશે જે જાણતાં હો તે લખો.

૩ લુહારને હાથે બનતી થોડી ચીજોનાં નામ કહો. તેમાંની કોઈ એક ચીજ બનાવવાની ક્રિયા વર્ણવો.

૪ લાકડાના ટુકડામાંથી ખુરસી બને ત્યાં સુધીની ક્રિયાઓનું બયાન આપો.

૫ નીચેની પૈકી કોઈ એક વસ્તુ બનાવવાની રીત લખો :—પતંગ; રાષ્ટ્રધ્વજ; કઢી; આઇસક્રીમ.

૬ લુહાર અને સુથારનાં હથિયારોની યાદીઓ તૈયાર કરો.

૭ તમારા ગામમાં જોવામાં આવતા વિવિધ કારીગરો ગણાવો.

૮ તમે જોયેલા કોઈ એક યંત્રનું બને તેટલી વિગતથી વર્ણન કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ચોથો

ખાડો ખોદે તે પડે

(કહેવત ઉપરથી વાર્તા)

ઘણાં વર્ષો પૂર્વે હિંદી મહાસાગરના કિનારા પર આવેલા એક ગામમાં એક ચાંચિયો રહેતો હતો. તેનું નામ કપટસિંહ હતું. નામ પ્રમાણે તે કપટ અને દગાથી ભરેલો હતો. મહાસાગરમાં ફરતાં વહાણોને તે લૂંટી લેતો અને ઘણી વાર ખલાસીઓને તેમ જ વેપારીઓને દરિયામાં ફેંકી દેતો. તેના પચાસ સાથીદારો પણ તેના જેવા જ ક્રૂર અને ઘાતકી હતા.

એ ગામના કિનારાથી થોડે દૂર મહાસાગરમાં એક મોટો ખડક આવેલો હતો. દરિયામાં ભરતી આવતી, ત્યારે એ ખડક દેખાતો નહોતો. તેથી ઘણાં વહાણો એની સામે અથડાઈ ભાંગી જતાં. આને પરિણામે ઘણા માછીમારો અને ખલાસીઓ વહાણ વિનાના થઈ ગયા હતા અને ઘણાઓએ જાન ગુમાવ્યા હતા.

એ જ ગામમાં રામનું નાનું મંદિર હતું. એ મંદિરમાં એક મોટા મહંત પોતાના વીસ ચેલાઓ સાથે રહેતા હતા. જ્યારે કોઈ વહાણ ખડક પર ભાંગી જતું ત્યારે તેમાંના માણસોને બચાવવા મહંતના ચેલાઓ દરિયાકિનારે દોડી જતા. ગરીબ માછીમારોનાં દુઃખ જોઈને મહંતને ખૂબ લાગી આવતું. એક દિવસ તેમણે બધા ચેલાઓને ભેગા કર્યા અને કહ્યું, "આપણે માછીમારોને મદદ કરવા કંઈક કરવું જોઈએ. આપણા મંદિરનો ઘંટ આપણે ખડક પર બાંધીએ. ભરતી આવશે એટલે ઘંટ વાગશે. ખલાસીઓને તે ઉપરથી ખડકની ખબર પડશે અને તેઓ ખડકથી બચી શકશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહંતની સૂચના પ્રમાણે ચેલાઓએ ખડક પર મંદિરનો ઘંટ બાંધ્યો. તે દિવસથી ખડક પર વહાણો અથડાતાં બંધ થયાં. માછી-મારો ને ખલાસીઓએ મહંતનો ઉપકાર માન્યો.

કપટસિંહને આ વાતની ખબર પડી. મહંતનાં વખાણ સાંભળીને તે બળી ગયો. એક દિવસ જ્યારે તે વહાણો લૂંટવા નીકળ્યો ત્યારે તેણે એ ઘંટને ખડક પરથી ઉતારીને દરિયામાં ફેંકી દીધો. “હવે મહંતને કોણ યાદ કરે છે તે જોઉં છું.” એમ બબડી, હસતો હસતો, તે પોતાના વહાણમાં દૂર નીકળી ગયો.

થોડા દિવસ પછી ત્રણ વહાણોને લૂંટી કપટસિંહ ઘેર પાછો ફરતો હતો. તેના વહાણમાં લાખેક રૂપિયાનો લૂંટનો માલ હતો. એટલામાં એકાએક આકાશ વાદળથી છવાઈ ગયું. પવનના સુસવાટા સાથે વરસાદ સખત તૂટી પડ્યો. દરિયો પણ ખૂબ તોફાની બન્યો અને વહાણ દરિયાનાં મોજાંથી ઊછળવા લાગ્યું. કપટસિંહનો એક સોબતી બોલ્યો, “સરદાર સાહેબ, આપણે પેલા ખડકની બાજુમાં હોઈએ એમ મને લાગે છે. આપણે ....” તે બોલતો હતો તેવામાં વહાણ ખડક પર અથડાયું ને તેના ભૂકેભૂકા થઈ ગયા. વહાણની સાથે કપટસિંહ અને તેના સાથીઓ પણ પાણીમાં ડૂબવા લાગ્યા. મરતાં મરતાં કપટસિંહ બોલ્યો, “મેં ઘંટ દરિયામાં ફેંક્યો ન હોત તો આજે મારી આ દશા થાત નહિ. કહેવત છે ને કે ખાડો ખોદે તે પડે!”

સ્વાધ્યાય

૧ ઉપરની વાર્તા ટૂંકાવીને બાર–પંદર લીટીમાં લખો. તમારા લખાણને મથાળું આપો.

૨ નીચેની કહેવતોમાંથી ગમે તે એકને બંધબેસતી વાર્તા લખો :—
(ક) અતિ લોભ તે પાપનું મૂળ. (ખ) આગ લાગે ત્યારે કૂવો ન ખોદાય. (ગ) સોબત તેવી અસર. (ઘ) પેટનો બળ્યો ગામ બાળે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ નીચેના મુદ્દાઓની મદદથી એક વાર્તા લખો અને તેને મથાળું આપો :—

ગ્રીસનો મહાન સિકંદર છાવણીમાં ફરવા નીકળ્યો — એક તંબૂમાં સૈનિકને સૂતેલો દીઠો — પાસે ચામડાનું પાકીટ — સિકંદરે તે ઉઘાડ્યું — સૈનિકની માતાનો પત્ર નીકળ્યો — તેમાં વંચાયું, "બેટા, શહેનશાહની નોકરી વફાદારીથી કરજે. વફાદારી રાખતાં પ્રાણ જાય તો પણ પાછી પાની કરીશ નહિ." — સિકંદર પાકીટમાં ૧૦૦ સોનામહોરો મૂકી ચાલતો થયો — સૈનિક જાગ્યો — સોનામહોરો જોઈ ગભરાયો — સીધો શહેનશાહ પાસે ગયો — હકીકત કહી — જવાબ મળ્યો, "વફાદાર સૈનિકને બાદશાહની નમ્ર ભેટ !"

પાઠ પાંચમો

માતાનો પ્રેમ
(વાર્તાનું સારલેખન)

[૧]

માતાનો પ્રેમ

ઘણાં વર્ષો પહેલાં પ્રતાપ નામે એક રજપૂત સરદાર અજમેરમાં રહેતો હતો. તેની વફાદારી અને શૌર્યનાં બધા લોકો વખાણ કરતા. દેશના રાજાની પણ તેના પર ખૂબ મહેરબાની હતી.

એક વખત અજમેર પર દુશ્મનો ચડી આવ્યા. પ્રતાપ સૈનિકોને લઈને રણમેદાનમાં પહોંચી ગયો. લડાઈમાં તે ઘણી જ બહાદુરીથી લડ્યો અને કેટલાયે દુશ્મનોનાં માથાં તેણે ધડથી જુદાં કર્યાં. કમનસીબે તેને દુશ્મનના એક સૈનિકે પાછળથી ઘા કર્યો અને તે લડતાં લડતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરાયો. સૈનિકોએ પોતાના સરદારનું શબ ઊંચકી લીધું અને તેઓ તેને ઘેર લઈ ગયા.

પ્રતાપની પત્ની લક્ષ્મીએ જ્યારે પોતાના શૂરવીર ધણીનું શબ જોયું ત્યારે તેના હૃદયમાં કારી ઘા લાગ્યો. તેનું અંતઃકરણ દુઃખથી એટલું ભરાઈ ગયું કે તે રડી શકી નહિ. લક્ષ્મીની બહેનપણીઓએ શબના ઉપર સફેદ વસ્ત્ર ઢાંકી દીધું. લક્ષ્મી શબની પાસે બેસી જ રહી. તે એક શબ્દ પણ બોલી શકી નહિ. લક્ષ્મીની બહેનપણીઓને લાગ્યું કે જો તે રડશે નહિ કે બોલશે નહિ તો કદાચ તેનું મરણ થશે. એથી તેમણે લક્ષ્મીને રડાવવાના પ્રયત્નો શરૂ કર્યા.

પ્રથમ તો તેમણે પ્રતાપનાં ખૂબ વખાણ કર્યાં. તેમણે કહ્યું કે, "પ્રતાપ જેવો યોદ્ધો રાજ્યમાં પાક્યો નથી અને પાકશે પણ નહિ. એની શૂરવીરતાએ કેટલીયે લડાઈઓ જિતાડી છે. પ્રતાપ તો એક સાચો મિત્ર હતો. એણે કેટલાંય માણસોને દુઃખમાંથી બચાવ્યાં હતાં." આ બધાં વખાણ સાંભળીને પણ લક્ષ્મી તો રડી નહિ, તેમ બોલી પણ નહિ.

એક બહેનપણીએ બીજો ઉપાય અજમાવ્યો. તેણે પ્રતાપના મોં પરથી સફેદ વસ્ત્ર લઈ લીધું. તેણે ધારેલું કે મરેલા પતિનું મોં જોઈને લક્ષ્મી ચોક્કસ રડશે. પણ લક્ષ્મી તો એ મોં તરફ એકીટસે જોઈ જ રહી. તે રડી પણ નહિ, અને બોલી પણ નહિ.

હવે શું થાય? બધી બહેનપણીઓ વિચારમાં પડી ગઈ. છેવટે એક ઘરડી દાસી ઊઠીને બાજુના ઓરડામાં ગઈ. ત્યાંથી તે લક્ષ્મીના નાના બે વર્ષના પુત્રને લઈ આવી. તેણે એ બાળકને લક્ષ્મીના ખોળામાં બેસાડ્યો. બાળકને જોઈને લક્ષ્મીની આંખમાં આંસુ આવી ગયાં. તે મોટેથી રડી પડી અને બોલી, "મારા વહાલા દીકરા! તારે ખાતર તો મારે જીવવું જ પડશે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

ઉપરની વાર્તા ટૂંકાવીને નીચે આપી છે. તે હવે વાંચો :—

માતાનો પ્રેમ

પ્રતાપ કરીને એક બહાદુર સરદાર હતો. એક વખત તે લડાઈમાં મરાયો. તેનું શબ ઘેર લાવવામાં આવ્યું. તે જોતાં તેની પત્ની લક્ષ્મીનું હૈયું એવું હેબતાઈ ગયું કે તે ન રડી શકી, ન બોલી શકી. તેની સખીઓને થયું કે લક્ષ્મી રડશે નહિ કે બોલશે નહિ તો મરી જશે. એટલે તેને રડાવવા તેમણે પ્રતાપનાં ખૂબ વખાણ કર્યાં. તો પણ લક્ષ્મી રડી નહિ કે બોલી નહિ. એક બહેનપણીએ શબના મોં પરથી વસ્ત્ર ખસેડ્યું. મરેલા પતિનું મોં જોઈને પણ લક્ષ્મીનું હૈયું ઓગળ્યું નહિ. છેવટે એક ઘરડી દાસીએ લક્ષ્મીના બે વર્ષના બાળકને લાવી તેના ખોળામાં બેસાડ્યો. તે જોઈને માતા રડી પડી અને બોલી, "મારા વહાલા દીકરા! તારે ખાતર તો મારે જીવવું જ પડશે!"

સ્વાધ્યાય

૧ માતાનો પ્રેમ — આ વિશે દશેક લીટીઓ લખો.

૨ નીચેના પૈકી કોઈ એક વિષયનું ઉદાહરણ આપતી વાર્તા લખો:—
(ક) પિતૃભક્તિ; (ખ) બેની લડાઈમાં ત્રીજો ખાઈ જાય.

૩ પ્રશ્ન ૨ની વાર્તા દસબાર લીટીમાં લખો.

૪ નીચેની વાર્તા ધ્યાનથી વાંચી સમજી લો. પછી વિરામચિહ્નો મૂકી તેને લેખનપોથીમાં ઉતારો ને યોગ્ય મથાળું આપો :—

એક વખત અકબર બાદશાહે દરબારમાં સવાલ કર્યો કે આપણા શહેરમાં કાગડા કેટલા હશે એ સાંભળી દરબારીઓ એકબીજાના સામું જોવા લાગ્યા બાદશાહે એક પછી એક દરબારીઓ તરફ આંખ ફેરવવા માંડી તો દરેક જણ શરમાઈને નીચું જોતો હતો છેવટે બાદશાહની નજર બીરબલ તરફ ગઈ જેનું નામ બીરબલ તે કોઈ દિવસ ગાંજ્યો જાય તેણે ઝટ જાહેર કર્યું કે નામવર આપણા નગરમાં સાઠ હજાર પાંચસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને બાવન કાગડા છે આ જવાબથી બધા દરબારીઓ ચમકી ગયા ને શું થાય છે તે જોવા બાદશાહ તરફ તાકી રહ્યા બાદશાહે કહ્યું કદાચ એથી ઓછા કે વધારે હોય તો બીરબલે સુણાવ્યું સરકાર મારી ગણતરીથી ઓછા થાય તો સમજવું કે એટલા કાગડા પરગામ ગયા છે અને વધારે થાય તો જાણવું કે એટલા બહાર ગામથી આપણા નગરમાં કોઈ કામે આવ્યા હશે

૫ તમારે ચાલેલા કોઈ પણ એક કથાકાવ્યની વાર્તા ટૂંકમાં લખો.

પાઠ છઠ્ઠો

રૂઢ પ્રયોગો

નીચેનાં વાક્યોમાં રૂઢ પ્રયોગો અને તેમના અર્થ જુઓઃ—

(૧) હવે મને સમજાયું કે અત્યાર સુધી તું મને **ઉડાવતો હતો.**
(મશ્કરી કરતો હતો.)

(૨) મારી પાસે હતું એટલું મેં ખર્ચી નાખ્યું. હવે મારા **હાથ પહોંચતા નથી.**
(વધારે ખર્ચ કરવાની શક્તિ નથી.)

(૩) આ દાણા તો જુઓ : **ઊડીને આંખે વળગે એવા છે.**
(જોતાં જ ગમી જાય એવા સુંદર)

(૪) જરા વિચાર કરીને બોલીએ તો **થૂંકીને ગળવું** ન પડે.
(બોલેલું પાછું ખેંચવું)

(૫) આટલું ચાલતાં **નાકે દમ આવી** ગયો.
(ઘણી મુસીબત પડી.)

(૬) એમનું **ગાડું પરાણે ગબડે** છે.
(જીવન ઘણી મુશ્કેલીથી નભે છે.)

(૭) દિવાળીમાં **ઊંધું ઘાલીને** ખર્ચ કર્યું ને હવે પસ્તાઉં છું.
(પોતાની શક્તિનો વિચાર કર્યા વિના)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૮) તમે ઊંડા પાણીમાં ઊતર્યા ત્યારે મુશ્કેલી આવી ને?
(જાણી જોઈને પોતાની જાતને જોખમમાં મૂકી.)
(૯) એ ભાઈ તો ધોળે દહાડે તારા દેખાડે એવા છે!
(મોટી મોટી વાતો કહી છેતરે)
(૧૦) તમારા સ્વાર્થ માટે બીજાને જતિ કરતાં શરમાતા નથી?
(ત્યાગ કરવાનો ઉપદેશ આપતાં)

સ્વાધ્યાય

૧ ઉપરનો દરેક રૂઢ પ્રયોગ તમે વાપરી બતાવો.

૨ નીચેના રૂઢ પ્રયોગો વડે વાક્યો બનાવી, તે દરેકનો અર્થ કૌંસમાં લખો :— ટેકો લાગવી; ઘર ભાંગવું; પગ કાઢવો; વાસણ ખખડે; હાંલ્લાં કુસ્તી કરે; આભ તૂટી પડે; નેવનાં પાણી મોભે ચડે.

૩ નીચેના દરેક શબ્દ વડે બબ્બે એટલા રૂઢ પ્રયોગો બનાવો અને દરેક રૂઢ પ્રયોગનો અર્થ કૌંસમાં લખો :— હાથ, કાન, પાણી, કામ, કપાળ.

પાઠ સાતમો

મારી રોજનીશીનું એક પાનું

શનિવાર: ૫મી માર્ચ, ૧૯૫૧

શાળામાં 'વિદ્યાર્થીમંડળ'ની ચૂંટણીનો દિવસ. શાળાએ સાડાસાત વાગ્યે પહોંચ્યો. ઘણા વિદ્યાર્થીઓ વહેલા આવ્યા હતા. ચૂંટણી માટે થોડીઘણી રસાકસી દેખાતી હતી. મેં પણ મારા વર્ગના વિદ્યાર્થીઓને મને મત આપવા વિનંતી કરી.

૮ વાગ્યે ઘંટ વાગ્યો. શિક્ષક વર્ગમાં આવ્યા ને ચૂંટણીની શરૂઆત થઈ. ચૂંટણીનું કામકાજ ૯ વાગ્યા સુધી ચાલ્યું. મતગણતરીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂઆત. હું સૌથી વધુ મતે ચૂંટાયો. વિદ્યાર્થીમંડળના જૂના સભ્યો— શરદ, રમેશભાઈ, નવીન, પ્રભાકરભાઈ, સરલાબહેન, મંજુલાબહેન, જ્યોતિબહેન — એ બધાં પણ ફરીથી ચૂંટાયાં. ચૂંટાયેલા સભ્યોને વિદ્યાર્થીઓ અને શિક્ષકો તરફથી અભિનંદનો મળ્યાં.

૧૦ વાગ્યે ચૂંટાયેલા સભ્યોની સભા મળી. બધાએ મળી દસમા ધોરણના પ્રભાકરભાઈને વિદ્યાર્થીમંડળના પ્રમુખ બનાવ્યા. સરલાબહેન અને રમેશભાઈ મંત્રી તરીકે ચૂંટાયાં.

વર્ષ દરમિયાન કામ કરવા સફાઈ સમિતિમાં મને નીમવામાં આવ્યો. ગામના અભણ લોકોને અક્ષરજ્ઞાન આપવાનું કામ ઝડપભેર શરૂ કરવાનું નક્કી થયું. સભાને અંતે આચાર્યશ્રીએ વિદ્યાર્થીસભાના બધા સભ્યોને પોતાની વધેલી જવાબદારીનો ખ્યાલ આપ્યો અને સફળતાપૂર્વક નવી સભા કામ કરશે એવી આશા દર્શાવી. નવી યોજનાઓ ને નવી જવાબદારીનો વિચાર કરતા વિદ્યાર્થીસભાના બધા સભ્યો ૧૧ વાગ્યે વીખરાયા.

* * *

બધા સાથે સલાહસંપ જાળવીને મીઠા સંબંધ રાખી કામ કરવું સહેલું નથી. મારે પણ મારા કર્તવ્ય ને જવાબદારીનો વિચાર કરીને હવેથી વર્તવું રહ્યું. મારા જેવો નાનો, બિનઅનુભવી વિદ્યાર્થી બીજા માટે ઝાઝું તો ન કરી શકે; પણ મારી બુદ્ધિ અને શક્તિ પ્રમાણે શાળાને ને ગામને માટે મારાથી જ કાંઈ થઈ શકે તે મારે કરવું એવો નિશ્ચય મેં આજે પહેલી વાર કર્યો. મને આશા છે કે હું એનો અમલ કરી શકીશ.

સ્વાધ્યાય

૧ ઉપરના વિદ્યાર્થીમંડળની કોઈ એક સભામાં ચાલેલા કામની તમારી નોંધ લખો.

૨ તમે રજાને દિવસે કોઈ મિત્રને ઘેર જમવા ગયા. એ દિવસની તમારી રોજનીશી તૈયાર કરો.

૩ વિદ્યાર્થીઓ પોતાના ગામની કેવી કેવી રીતે સેવા કરી શકે, તે વિશે વીસેક લીટીમાં તમારા વિચારો દર્શાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ આઠમો

પોસ્ટ ઑફિસ ખોલવા માટે અરજી

મહેરબાન પોસ્ટ માસ્તર જનરલ,
જનરલ પોસ્ટ ઑફિસ,
મુંબઈ – ૧

ગામ હરિયા,
પો. ઓ. પારડી,
(જિલ્લો સુરત)
૨૦મી મે, ૧૯૫૧

મહેરબાન સાહેબ,

અમારું ગામ હરિયા સુરત જિલ્લાના પારડી તાલુકામાં આવેલું છે. તેની વસ્તી ૩૦૦૦ માણસોની છે. એમાંના ઘણા લોકો ખેતી કરે છે. કેટલાકે ફળની પણ મોટી મોટી વાડીઓ ખીલવેલી છે. તેમાં પાકતાં ચીકુ, જમરૂખ, લીંબુ અને કેરી મોટા પ્રમાણમાં મુંબઈ અને બીજાં શહેરોમાં મોકલવામાં આવે છે. ગામમાં લગભગ ૩૦ વેપારીઓ છે અને તેમનો ધંધો સારી રીતે ચાલે છે.

અમારા ગામમાં રોજ લગભગ ૮૦ કાગળો આવે છે. મનીઑર્ડર તથા રજિસ્ટર્ડ પત્રો પણ સારા પ્રમાણમાં આવે છે. આમ હોવા છતાં હજુ સુધી અહીં પોસ્ટ ઑફિસ ખોલવામાં આવી નથી. તેથી ટપાલ મોકલવામાં અને મેળવવામાં ઘણી જ મુસીબત પડે છે. આવેલી ટપાલ નિયમિત મળતી નથી. અને તે અંગે કંઈ અગત્યનું કામ પડે તો અમારે છેક પારડી સુધી ચાલતાં જવું પડે છે. માટે અમારી આ અગવડ દૂર કરવા અમારા ગામમાં એક પોસ્ટ ઑફિસ ઉઘાડવા અમે આપને વિનંતી કરીએ છીએ. આ બાબતમાં આપને બીજી કાંઈ માહિતીની જરૂર હશે તો અમે તે આપને પૂરી પાડીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ અરજીની હકીકતો ધ્યાનમાં લઈને અમારા ગામમાં વહેલી તકે પોસ્ટ ઑફિસ ઉઘાડવાની વ્યવસ્થા કરશો, તો ગામલોકો પર મોટો ઉપકાર થશે.

લિ०

ગામના લોકો વતી

નાથાલાલ છોટાલાલ પટેલ,

મગનલાલ નારણજી દેસાઈ

સ્વાધ્યાય

૧ તમારા ગામના વાચનાલય માટે તમારે 'રમકડું' માસિક મંગાવવું છે. એ મંગાવવા માટે તેના વ્યવસ્થાપકને પત્ર લખો.

૨ મનીઑર્ડરનું ફૉર્મ મેળવી 'રમકડું'નું લવાજમ મોકલવા માટેની વિગત તેમાં ભરો.

૩ નીચે જણાવેલી બાબતો માટે તમે કોને કોને અરજી કરશો ?

(ક) ગામના રસ્તા સુધરાવવા માટે

(ખ) ગામમાં દવાખાનું શરૂ કરવા માટે

(ગ) તમારા મહોલ્લાના નાકા પર પડેલો કચરો સાફ કરાવવા માટે

(ઘ) નળની પાઈપ તૂટી જવાથી પાણી વહી જતું બંધ કરવા માટે

(ચ) ગામમાં મલેરિયા કે શીતળા ફેલાતા અટકાવવા માટે

૪ પ્રશ્ન ૩માં આપેલા વિષયોમાંથી ગમે તે એક વિશે યોગ્ય અધિકારીને અરજી લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ નવમો

આબુનો પ્રવાસ

(કથનાત્મક નિબંધ)

દિવાળીની રજાઓમાં અમે આબુ જવાનું નક્કી કર્યું. મારા વર્ગના વિદ્યાર્થીઓ ભેગા મળીને જવાના હતા. સાથે અમારા ગુરુજી પણ આવવાના હતા. અમે મુસાફરી માટે જરૂરી તૈયારી કરી લીધી. દરેકે એક નાનું બિછાનું, વધારાનાં બે જોડ કપડાં, એક હાથથેલી અને એક પ્યાલો લેવાનો હતો. તે ઉપરાંત કોઈકે ફાનસ, દોરી, ચપ્પુ અને લાકડી જેવાં ઉપયોગી સાધનો પણ લીધાં હતાં.

શનિવારે રાતે અમે સુરતથી અમદાવાદ જવા ગાડીમાં બેઠા. ગાડીમાં ગિરદી ઘણી હતી, એટલે અમે બેઠા બેઠા જ વહેલી સવારે અમદાવાદ પહોંચ્યા. અમદાવાદથી આબુરોડ પહોંચવા માટે નાની ગાડીમાં બેસવું પડ્યું. ચોમાસું હમણાં જ પૂરું થયું હતું, એટલે ગાડીમાંથી લીલાં ખેતરો દેખાતાં હતાં. આ પ્રદેશમાં ઝાડ બહુ ઓછાં છે, એમ લાગ્યું. થોડી વારે મહેસાણા જંકશને આવ્યું. ત્યાંથી પાટણ, વીસનગર વગેરે સ્થળોએ જવા ગાડી બદલવી પડે છે. અમારે ગાડી બદલવાની નહોતી. એટલે અમે આગળ ચાલ્યા.

રસ્તામાં સિદ્ધપુર અને પાલણપુરનાં સ્ટેશનો આવ્યાં. જેમ આગળ ગયા તેમ ઝાડપાન વિનાની જમીન ઝડપથી પસાર થતી હતી. દૂર દૂર ઝાંખા પહાડો દેખાય, પણ લીલોતરી વિના આંખને ચેન પડે નહિ! સ્ટેશનો આવે ને જાય. પણ બેસારુઓ ઝાઝાં હોય નહિ. સ્ટેશનોનાં મકાનો ઉપર ઘુમ્મટો જોઈ અમને નવાઈ લાગી. પછી ખ્યાલ આવ્યો કે આ તો ઉત્તર ગુજરાત છે. ત્યાં ગરમી ઘણી પડે, એટલે ઠંડક માટે ઘુમ્મટ બાંધતા હશે. એમ ચર્ચા કરતા હતા, તેવામાં આબુરોડ આવી પહોંચ્યું ને અમારી આગગાડીની મુસાફરી પૂરી થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આબુરોડથી પર્વત ઉપર જવા માટે મોટરો દોડે છે. અમે આગવી મોટરબસ ભાડે કરી. વાંકેચૂકે રસ્તે ચઢઊતર કરતા, કુદરતનું અવનવું સૌંદર્ય જોતા જોતા, અમે દોઢેક કલાકે આબુ મથકે પહોંચ્યા. રસ્તો અઢારેક માઈલ હશે. શિયાળો હજી દૂર હતો, છતાં ઠંડી ઠીક ઠીક લાગતી હતી. એટલે મારે મોટરબસમાં જ ગરમ બંડી પહેરવી પડેલી. અમે એક ધર્મશાળામાં ઉતારો કર્યો. લાંબી મુસાફરીથી થાકી ગયા હતા, એટલે અમે જેમ તેમ ખાઈને વહેલા ઊંઘી ગયા.

બીજે દિવસે સવારે નાસ્તો કરી અમે સાત વાગ્યે મોટરબસમાં અચળગઢ ગયા. અચળગઢ અમારા ઉતારાથી ઘણે ઊંચે હતું. પણ બસમાં હોવાથી અમને એના ચઢાણનો ખ્યાલ ન આવ્યો. બસમાંથી ઊતરી ટેકરે ચઢવા માંડ્યું ત્યારે જ ચઢાણનો અનુભવ થયો. અચળગઢમાં જૈન મંદિરો છે. જૈન મુસાફરોને રહેવા–જમવાની ત્યાં સગવડો મળે છે. મંદિરને ફરતો કિલ્લો છે. અંદર પંચધાતુની મૂર્તિઓ ખાસ જોવા જેવી છે. તે બધું જોઈ અમે નીચે ઊતરીને છાશ પીધી ને તરત બસ અમને લઈ દેલવાડા તરફ દોડી.

દેલવાડા અચળગઢને રસ્તે જ આવે છે. એટલે અમે પાછા ફરતાં ત્યાં જવાનું રાખેલું. બસમાંથી ઊતરી અમે નાસ્તાને ન્યાય આપ્યો અને દેલવાડાનાં જગપ્રસિદ્ધ દેરાં જોવા માંડ્યાં. એ દેરાં પણ જૈન ધર્મનાં છે. એમની બાંધણી અને કારીગરી અદ્‌ભુત છે. સફેદ આરસપહાણમાંથી કોતરી કાઢેલી મૂર્તિઓ, જાળીઓ અને નકસીવાળા થાંભલા જોઈ અમે છક થઈ ગયા. સેંકડો વર્ષો પહેલાં પણ આવી અદ્‌ભુત કળા આપણા લોકો જાણતા હતા, એનું ભાન થતાં અમને આપણા દેશ માટે અભિમાન થયું. આ કળા નીરખતાં વખત ક્યાં ગયો તે જણાયું નહિ. મનમાં અનેક પ્રશ્નો ઊઠ્યા. પણ રાત પહેલાં અમારે મુકામે પહોંચવાનું હતું. એટલે સમીસાંજ થતાં અમે પાછા ફર્યા.

ત્રીજે દિવસે સવારે અમે નખી તળાવ પર ગયા. ચારે બાજુ પથરાયેલાં ગિરિશિખરો વચ્ચે, વીંટીમાં મઢેલા નીલમ જેવું શોભતું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાંત અને શીતળ નખી તળાવ બહુ રમણીય લાગ્યું. કિનારે ઊભા રહી, અમારા ગુરુજીએ અમને 'દીઠો આજ આબુ ગિરિરાજ એવો' એ જાણીતું કાવ્ય ગાઈ સંભળાવ્યું. તળાવની પ્રદક્ષિણા કરી અમે પાછા ફર્યા. અઘોરી ગાળી, પાછા અમે સૂર્યાસ્ત જોવા નીકળ્યા. પશ્ચિમ તરફના એક નાના ડુંગર પરથી ક્ષિતિજમાં સરી જતા સૂર્યની અને આકાશની શોભા અંધારું થતા સુધી અમે નિહાળી. છેવટે સૂરજ-દેવ ડુંગર પાછળ છુપાઈ ગયા, ત્યારે અમે પણ એમની સામે પીઠ ફેરવી ઉતારા તરફ પગલાં માંડયાં!

ચોથો દિવસ અમારે માટે આરામનો હતો. મોટા વિદ્યાર્થીઓ ગુરુજી સાથે વસિષ્ઠાશ્રમ જોવા ખીણ તરફ ગયા, અને અમે નાના વિદ્યાર્થીઓ બજારમાં લટાર મારવા નીકળ્યા. કાર્યક્રમ પ્રમાણે પાંચમે દિવસે આબુથી ઊપડી, છઠ્ઠે દિવસે અમે સુરત આવી રહ્યા. સ્ટેશને ઊતર્યા ત્યારે લાગ્યું કે પ્રવાસ બહુ ટૂંકો હતો. હજી એ તરફ ઘણાં સ્થળો જોવાનાં બાકી રહ્યાં હતાં. રસ્તામાં અમે તે વિશે એવી વાતો કરેલી કે ઘેર ગયા પછી એ વાતો કેમે કરી ભુલાતી નહોતી. અને પ્રવાસના પાંચ દિવસોમાં મિત્રો સાથે કરેલી મોજો અને નજરે જોયેલાં અદ્ભુત દૃશ્યો તો હજી યાદ આવે છે!

સ્વાધ્યાય

૧ આબુના પ્રદેશમાં આવેલાં જોવા જેવાં સ્થળોની યાદી બનાવો.
૨ આજ સુધીમાં તમે કરેલા પ્રવાસો ગણાવો. તેમાંના કોઈ એક પ્રવાસનું વર્ણન લખો.
૩ ગિરનારના પ્રવાસે જવા માટે વિગતવાર કાર્યક્રમ તૈયાર કરો.
૪ તમારા જિલ્લામાં આવેલું કોઈ પ્રખ્યાત સ્થળ જોવા આવવા તમારા મિત્રને આમંત્રણ આપતો એક પત્ર લખો.
૫ મુસાફરીના અનુભવો — આ મથાળું લઈ બે ફકરા લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ દસમો

આપ સમાન બળ નહિ

(વિચાર-વિસ્તાર)

આપ સમાન બળ નહિ—આ કહેવતનો મુખ્ય વિચાર (અર્થ) વિસ્તારીને નીચે આપ્યો છે. તે વાંચો.

આપ સમાન બળ નહિ

આ કહેવતનો અર્થ એ છે કે કોઈ પણ કામ પાર પાડવા માટે આપણે આપણી જાત ઉપર જ આધાર રાખતાં શીખવું જોઈએ. બીજા આપણું કામ કરી આપશે, એમ માનીને બેસી રહીએ, તો કદાચ તેઓ આવે નહિ ને કામ થાય નહિ. ઘરમાં નોકરને બરાબર સૂચના આપી હોય, છતાં કામ થતાં નથી. ઘણી વાર પડોશીને કે મિત્રને સોંપેલું કામ બગડે છે કે વહેલુંમોડું થાય છે. બીજાને સોંપેલું કામ બરાબર થતું હોય તો પણ આપણે તેના ઉપર દેખરેખ તો રાખવી જ પડે છે. નાનાંમોટાં, ગરીબતવંગર, સૌને આવા અનુભવ થતા હોય છે. ત્યારે લાગે છે કે અમુક કામ જાતે કર્યું હોત તો સારું થાત. એટલે બીજાની પાસે કામ કરાવવાની ટેવથી આળસુ બનેલા લોકોએ આ કહેવત યાદ રાખવા જેવી છે!

સ્વાધ્યાય

૧ ઉપરની કહેવત જેવી બીજી કહેવતો ભેગી કરો.

૨ નીચેની કહેવતોનો વિચાર વિસ્તારીને લખો :—

(ક) હિંમતે મર્દા તો મદદે ખુદા.
(ખ) પહેલું સુખ તે જાતે નર્યા.
(ગ) ઝાઝા હાથ રળિયામણા.

૩ નીચેના શબ્દસમૂહો વાક્યમાં વાપરી બતાવો :—

(ક) જાતે મહેનત કરવાની ટેવ.........
(ખ) દમડી દમડી કરતાં.........
(ગ) રાત્રે મોડા સૂવાથી.........
(ઘ) જો બીજાની રાહ જોઈ.........
(ઙ) પોતાનું કામ પોતાની જાતે કરવું.........

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ અગિયારમો

નીચેનાં ચિત્રો કાળજીપૂર્વક જુઓ. પછી એ ચિત્રો પરથી એક સુંદર વાર્તા લખો. તમારી વાર્તાને યોગ્ય મથાળું આપજો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ બારમો

રોજનીશી રાખવા વિશે

(સંવાદ)

સરોજ : સરલા, હું જ્યારે આવું છું ત્યારે તને કંઈક લખતી જોઉં છું. તે તું રોજ શું લખે છે ?

સરલા : બહેન, તારું કહેવું ખરું છે. હમણાં મેં રોજનીશી લખવા માંડી છે.

સરોજ : મેં પણ અખતરો કરેલો. હું તો એક મહિનામાં જ કંટાળેલી.

સરલા : રોજ લખવું પડે એટલે વસમું તો લાગે. પણ થોડા દહાડા પછી એ વાંચતાં આનંદ થાય છે.

સરોજ : મને તો એની સામે જોવાનું પણ મન થતું નથી. આપણી જ બિના આપણે જ લખીએ ને વાંચીએ, એથી શો ફાયદો ?

સરલા : તે તમે કઈ કઈ વિગતો રોજનીશીમાં લખતાં ?

સરોજ : સવારથી સાંજ સુધી જે જે બને તે બધું. એમાં વખત ઘણો જાય, અને ન લખાય ત્યારે ચેન પડે નહિ. એટલે મેં તો લખવાનું જ છોડી દીધું.

સરલા : એમ બધી વિગતો લખીએ તો તો પાર જ ન આવે. પરંતુ લખતાં કંટાળો આવે, તેથી રોજનીશીથી કંઈ ફાયદો જ નથી એમ કેમ કહેવાય ?

સરોજ : તો તું જ કહે ને કે એમાં શો ફાયદો છે ?

સરલા : રોજ કંઈક લખાય એ જ ફાયદો પહેલો ! મારી જ રોજનીશી જો ને. લખાણ કેવું સુધરતું જાય છે ! અને એ વાંચું છું ત્યારે તો એમ જ થાય છે કે જો હું થોડાં વરસ રોજનીશી લખવાનો નિયમ પાળી શકું તો બહુ લાભ થાય.

સરોજ : શો લાભ થાય તે તો તું કહેતી નથી ! અને એ બધું લાંબું લાંબું લખવાનો વખત ક્યાંથી કાઢવો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરલા : લાંબું જ લખવું એવું કંઈ બંધન નથી. જેને જેવી જરૂર હોય અને જેટલો સમય હોય એટલું જ લખે, તો પણ લાભ થાય. કોઈ અંતરના છુપા વિચારો નોંધે, કોઈ પોતાના કામનો ટૂંકો હિસાબ રાખે.

સરોજ : મને તો આમાં કંઈ સમજ પડતી નથી.

સરલા : ખરો લાભ તો લખવાની ક્રિયામાં જ છે. ઘણી વિગતોમાંથી પસંદગી કરવાનું શરૂઆતમાં અઘરું લાગે છે. પણ દિવસો જતાં એ સહેલું બની જાય છે. એમ કરતાં લખવાની કળા ખીલે છે. નિયમને વળગી રહેવાથી આળસને જીતી શકાય છે. લાભ તો એટલા બધા છે કે 'મહાદેવભાઈની ડાયરી' જેવાં પુસ્તક જોઈએ તો તરત ખાતરી થાય !

સરોજ : આળસને જીતવી એ જ મોટી મુશ્કેલી છે ને ?

સરલા : મુશ્કેલીને જીતવાને બદલે તમે એને વશ થઈ ગયાં, એ ભૂલ નથી લાગતી ?

સરોજ : ભૂલ તો કહેવાય. કંઈ નહિ. જાગ્યાં ત્યારથી સવાર ! હવે તો આપણે એકથી બે ભલાં !

સરલા : હા, હા. ભૂલ્યાં ત્યાંથી ફરી ગણો. આજથી જ શરૂ કરો. કંટાળો આવે ત્યારે આજનો આ વાર્તાલાપ યાદ કરજો. અરે, ઘેર જઈને એ જ નોંધી લો ! તમારી રોજનીશીની શરૂઆત આજના વાર્તાલાપની નોંધથી જ કરો ને !

સ્વાધ્યાય

૧ રોજનીશી લખવા વિશે તમારા વિચારો દશબાર લીટીમાં લખો.

૨ નીચેના પૈકી કોઈ એક વિશે બે મિત્રો વચ્ચે સંવાદ રચોઃ—

(ક) ઉત્તરાયણ કેવી રીતે ઊજવીશું ?

(ખ) પડોશીના રેડિયોનો ઘોંઘાટ કેવી રીતે અટકાવાય ?

(ગ) પક્ષીઓ પાળવાં કે નહિ ?

(ઘ) સરકસ જોવા જવું કે સિનેમા જોવા જવું ?

(ઙ) ભણી રહ્યા પછી નોકરી કરવી કે સ્વતંત્ર ધંધો કરવો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ દુનિયાના ક્યા ક્યા મહાપુરુષો રોજનીશી રાખતા, તે વિશે માહિતી મેળવો.

૪ યોગ્ય વિરામચિહ્નો મૂકીને નીચેનો સંવાદ પદ્ધતિસર લખોઃ—.

રાજા બોલ્યા મુનિરાજ મારા પિતાજી દુઃખમાંથી છૂટે એવો ઉપાય કહો મુનિ કહે એક જ ઉપાય છે પણ તમારાથી તે નહિ થાય રાજા કહે જે કરવાનું હશે તે કરીશ પણ મારા પિતાજીને દુઃખમાંથી છોડાવીશ મુનિ કહે તમારા પિતાએ જેમ દાન કર્યું હતું તેમ તમે પણ દાન કરો રાજા કહે એમાં શું આજથી જ ભંડાર ઉઘાડો મૂકી દઉં મુનિ કહે એ ધન તો પ્રજાનું છે પ્રજા પાસેથી તમે લીધું છે એનું દાન કરવાથી પુણ્ય નહિ થાય રાજા કહે ત્યારે મુનિ બોલ્યા જાતે કમાઈને ધન લાવો એ ધનનું દાન કરો ને એનું પુણ્ય તમારા પિતાજીને આપો તો એ દુઃખમાંથી છૂટે.

પાઠ તેરમો

રેલ

(વર્ણનાત્મક નિબંધ)

ચોમાસામાં ચોતરફ પડતું વરસાદનું પાણી નદી વાટે પોતાનો માર્ગ કરી લે છે. એટલે નદી પાણીથી ઊભરાય છે. એવે વખતે નદીકિનારે વસેલાં ગામો ભયમાં આવી પડે છે. નદીમાંથી ઊભરાતાં પાણી ગામોમાં ફરી વળે, ત્યારે રેલ આવી કે પૂર આવ્યું એમ કહેવાય છે.

રેલથી પુષ્કળ નુકસાન થાય છે. લોકોનાં ઘરોમાં પાણી પાણી થઈ રહે છે અને જાનમાલ જોખમમાં મુકાય છે. મનુષ્યો તો પોતાનો જીવ બચાવવા છાપરાં કે ઝાડ પર ચડી જાય છે. પણ ઢોરોની મુસીબતોનો પાર રહેતો નથી. તેમને બચાવવાનું સાધન નહિ હોવાથી, તે બિચારાં તણાઈ જાય છે. આથી નદીની રેલમાં મકાનોનો કાટમાળ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાયો, બળદો, ભેંસો, ઘેટાં, બકરાં વગેરે તણાતાં દેખાય છે. ઘણી વાર ખાટલામાં ઊંઘતાં માનવીઓ પણ એ રીતે તણાતાં હોય છે !

આ દશ્યો કેવાં ભયાનક હોય છે ! પાણીમાં તણાતાં મૂગાં પ્રાણીઓની ચીસો સાંભળી કંપારી છૂટે છે. બચવા માટે તરફડતાં ને બૂમો પાડતાં બાળકો, સ્ત્રીઓ અને અપંગ બુઢ્ઢાંને જોઈ આપણું અંતર રડી ઊઠે છે. ગરીબોનાં ઝૂંપડાં અને કાચાં મકાનો તૂટી પડતાં, તેમાંનું અનાજ અને રાચરચીલું બગડી જાય છે કે ખેંચાઈ જાય છે. ટાઢ-તડકો વેઠી ખેડૂતે નવા પાક માટે કરેલી બધી તૈયારી ફોકટ જાય છે. વાડીઓમાંથી શાકભાજી તણાઈ જાય છે. દૂર દૂર સુધી વિનાશ અને લાચારીનું કરુણ વાતાવરણ વ્યાપી રહે છે.

રેલ આવે ત્યારે હોડી વડે જ લોકોને મદદ કરી શકાય. ગામનાં માછીઓ આ વખતે ઘણા કામ લાગે છે. તેઓ હોડીઓ લઈ ઊભરાતા પૂરમાં ઝંપલાવે છે અને માણસોને તથા ઢોરોને બચાવે છે. જેમને સારું તરતાં આવડતું હોય તેઓ પણ ઘણી મદદ કરી શકે છે. એમ કરતાં કેટલાક પોતાનો જાન પણ ગુમાવે છે.

એક રીતે રેલની આફતથી ફાયદો પણ થાય છે. નદીના મૂળ તરફના ડુંગરાળ પ્રદેશમાંથી પાણી સાથે માટી પણ ખેંચાઈ આવે છે. તે કાંઠાનાં ખેતરોમાં ને કોતરોમાં કાંપરૂપે પથરાઈ રહે છે. તેનાથી જમીન ફળદ્રુપ બને છે. એટલે બીજે વર્ષે તેમાં પાક સારો ઊતરે છે. આ ઉપરાંત લોકોને આફતમાં સપડાયેલા જોઈ સમાજમાં દયાભાવ જાગે છે. ધનવાનો એમની વહારે દોડી જઈ રાહતો આપે છે. સરકાર પણ એમાં જોડાય છે. થોડા વખતમાં આફતનાં દુઃખ વિસારે પડે છે અને રેલસંકટ કાળના પ્રવાહમાં તણાઈ જાય છે !

સ્વાધ્યાય

૧ નીચેના પૈકી કોઈ એક વિશે ચાર–પાંચ ફકરા લખો :—
વાવાઝોડું; આગ લાગે ત્યારે; ઉનાળાના અનુભવો.

૨ નીચેના મુદ્દાઓની મદદથી **વસંતઋતુ** વિશે નિબંધ લખો :—
(ક) વસંતઋતુ ફાગણ–ચૈત્ર મહિનામાં આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ખ) કુદરતનો દેખાવ — કેટલાંક ઝાડ પર નવાં પાન આવે. છોડ પર ફૂલ બેસે. આંબે મોર આવે ને કોયલ ટહુકે. વનસ્પતિ ખીલી ઊઠે. પૃથ્વી આનંદથી હસતી લાગે. તેથી વસંતઋતુ ઋતુઓની રાણી કહેવાય છે.

(ગ.) ઉત્સવો — વસંતપંચમી (મહા સુદ ૫); હોળી (ફાગણ સુદ ૧૫); રામનવમી (ચૈત્ર સુદ ૯). ધાણીચણા, કેરીના મરવા ને ખજૂર ખાવાનો મહિમા. કેસૂડાંના રંગની પિચકારીઓથી હોળી ખેલાય.

૩ ધારો કે વરસાદની હેલી થવાથી તમે એકબે દિવસ બહાર નીકળી શકયાં નહિ. એ વિશે તમારા મિત્રને એક પત્ર લખો.

૪ આ પાઠમાંથી તમને ગમતા રૂઢ પ્રયોગો ને શબ્દસમૂહો એકઠા કરો ને તે વડે વાકયો બનાવો.

પાઠ ચૌદમો

"શાળાનો ગણવેશ દરરોજ પહેરવો જોઈએ"

(ચર્ચા)

ચર્ચાસભાની યોજના અને તેની કાર્યપદ્ધતિ વિશે આપણે શીખી ગયાં છીએ. તે ધ્યાનમાં રાખી નીચેના પ્રસ્તાવ ઉપર પદ્ધતિસર ચર્ચા કરો.

પ્રસ્તાવ : વિદ્યાર્થીઓએ શાળાનો ગણવેશ દરરોજ પહેરવો જોઈએ.

ચર્ચાના મુદ્દા

તરફેણમાં	વિરુદ્ધમાં
૧. ગણવેશથી વિદ્યાર્થી ઝટ ઓળખાય છે.	૧. રોજ ગણવેશ પહેરવાનું ગમતું નથી.
૨. અકસ્માત જેવા પ્રસંગોએ ગણવેશને લીધે જલદી મદદ મળવાનો સંભવ રહે છે.	૨. એવા નજીવા લાભની ખાતર રોજ ગણવેશ પહેરવાનું બંધન નાખવું, એ યોગ્ય નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. રોજ ગણવેશ પહેરવાથી વિદ્યાર્થીને પોતાના કર્તવ્યનું સતત ભાન રહે. તેથી ઘણા સદ્‌ગુણો ખીલે અને દુર્ગુણો અટકી જાય.	૩. રોજ ગણવેશ પહેરવાનો થાય, તો વર્ષો સુધી મનગમતો પોષાક પહેરવાનું બંધ રહે. તેથી મનને પીડા થયાં કરે.
૪. ગણવેશ રોજ પહેરાતો હોય, તો બધા વિદ્યાર્થીઓ માટે થોડે ખર્ચે તે તૈયાર થઈ શકે. એટલે પૈસા બચે.	૪. ગણવેશ થોડે ખર્ચે મળી શકે, તો પણ મનપસંદ કપડાં તો રાખવાં જ પડે. એટલે ઝાઝો ફાયદો ન થાય.
૫. રોજ ગણવેશ પહેરવાથી વિદ્યાર્થીઓ વચ્ચે સમાનતાની ભાવના ખીલશે.	૫. સમાનતાની ભાવના ખીલવવા જતાં વિદ્યાર્થીઓની સ્વતંત્રતા ઉપર કાપ મુકાશે.

સ્વાધ્યાય

૧ ઉપરના મુદ્દાઓ વિસ્તારીને બંને પક્ષના મુખ્ય વક્તાઓનાં ભાષણો તૈયાર કરો.

૨ નીચેના પ્રસ્તાવો ઉપર તમે તરફેણપક્ષે બોલશો કે વિરુદ્ધપક્ષે? તમારે બોલવા માટે મુદ્દાઓ તૈયાર કરો :—

(ક) શાળામાં રજા ન હોવી જોઈએ.

(ખ) પરીક્ષામાં શબ્દકોશ વાપરવાની છૂટ હોવી જોઈએ.

(ગ) દરેક જાહેર બાગમાં વાચનાલય હોવું જોઈએ.

(ઘ) વિદ્યાર્થીઓ પોતાના વર્ગની સાફસૂફી પોતાની જાતે કરે એવો નિયમ હોવો જોઈએ.

(ઙ) એકબીજાને તુંકારીને બોલાવવાની પદ્ધતિ બંધ થવી જોઈએ.

૩ જન્માષ્ટમી, નાતાલ, ઈદ, કે સ્વાતંત્ર્યદિનની ઉજવણી પ્રસંગે શાળાની સભા સમક્ષ બોલવા માટે તમારું પ્રવચન તૈયાર કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ પંદરમો

દીનબંધુ ઍંડ્રુઝ

(ગદ્યખંડનું સારલેખન)

[૧]

નીચેનો ગદ્યખંડ ધ્યાનથી વાંચો :—

ઍંડ્રુઝને માટે કોઈ પણ કામ હલકું ન હતું. આપણી પાસે એઠાં હોય તો નકલો કરવા બેસી જાય, પ્રૂફ પડ્યાં હોય તે તપાસી દે અને કાગળોને સુંદર ચોંટાડી બંધ કરવાના હોય તો તે પણ કરે. સાબરમતીમાં ૧૯૧૮ની સાલમાં ભારે ઇન્ફ્લુએન્ઝા ચાલેલો, ત્યારે દરદીઓની પાસે અનેક વાર જવું અને તેમની નાની નાની સેવાઓ કરવી એ એમને બહુ ગમતું. તેઓ પોતાને માટે એટલે સુધી બેપરવા હતા કે એ આ દુનિયા છોડીને ગયા તે દિવસે પોતાની ગણાતી વસ્તુઓમાં એમની કલમ, એમનાં કોટપાટલૂન કે એકાદ ધોતી-પહેરણ અને બેપાંચ ચોપડી સિવાય કશું ન હતું. ઘણી વાર તે 'વાઇસરૉય ભવન' માં લૉર્ડ હાર્ડિંજના મહેમાન થતા, ત્યારે નોકર સાહેબના સામાન વિશે પૂછપરછ કરે અને સાહેબની પાસે એક ટુવાલ, દાંતપીંછી અને દંતમંજન સિવાય બીજું કશું હોય નહિ. અને જે દશા અહીં તે જ દશા વિલાયતમાં; અને જે કપડે એ વાઇસરૉયના મહેલમાં જાય તે જ કપડે રેલસંકટમાં કે ભૂકંપમાં સપડાયેલાં ઓરિસા-બિહારનાં પીડિતોને ઘેર જાય. 'દીનબંધુ' નું નામ એમના કરતાં બીજા કોઈ ને વધારે શોભે એમ ન હતું.

[૨]

ઉપરના ફકરાના મુખ્ય મુદ્દા નીચે આપ્યા છે. તે વાંચો અને મૂળ લખાણમાં દરેક મુદ્દો કેટલી જગા રાકે છે તે તપાસો.

મુદ્દા

(૧) ઍંડ્રુઝને મન કોઈ પણ કામ હલકું ન હતું.

(૨) પીડિતોની સેવા એ એમનું જીવનકાર્ય હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) તેઓ એવા ત્યાગી હતા કે પોતાની પાસે ઘણી જ થોડી ચીજો રાખતા.

(૪) 'દીનબંધુ' નામને તે સૌથી વધારે લાયક હતા.

[૩]

ઉપરના મુદ્દાઓ ઉપરથી તૈયાર કરેલો મૂળ લખાણનો સાર નીચે આપ્યો છે તે વાંચો. દરેક મુદ્દાનો કેટલો વિસ્તાર કર્યો છે, મૂળ લખાણમાંથી કઈ વિગતો છોડી દીધી છે, ભાષા કેટલી બદલી છે, એ બધું બરાબર તપાસો.

સારલેખન

દીનબંધુની દીનતા

દીનબંધુ એંડ્રુઝ એવા નમ્ર હતા કે નકલો કરે, પ્રૂફો સુધારે, અને કાગળોને ગુંદર ચોંટાડીને બાંધી પણ દે. પણ એમનું પ્રિય કાર્ય તો દુઃખીઓની સેવા હતું. દરદીઓની નાની નાની સેવાઓ કરવી એમને ખાસ ગમતી. એમનો ત્યાગ એવો હતો કે રાજમહેલમાં જાય કે પીડિતોનાં ઘરોમાં જાય, તોપણ એમના સામાનમાં માત્ર ટુવાલ ને દાતણનાં સાધન હોય. અને મરણ પામ્યા ત્યારે એક જોડ કપડાં અને લેખન-વાચનનાં સાધન સિવાય એમની કોઈ મિલકત નહોતી! ખરેખર, એમનું દીનબંધુ નામ યથાર્થ હતું.

સમજૂતી :— કોઈ ગદ્યખંડનો સાર લખવો હોય તો પ્રથમ એ ગદ્યખંડ બેત્રણ વાર વાંચી, એનો અર્થ સમજવો. પછી કયાં કયાં વાક્યોમાં એના મુખ્ય મુદ્દા આવે છે તે નક્કી કરવું. દરેક મુદ્દો એક બે વાક્યોમાં જુદો નોંધવો. આ મુદ્દાઓને વિસ્તારીને સ્વતંત્ર ફકરો લખવો. તે ફકરો બરાબર સમજાય એવો અને સરસ લાગે એવો બનાવવો. માટે લખાણને બેચાર વાર સુધારવું પડશે. કોઈ વાર મુદ્દાઓનો ક્રમ બદલવો પડશે. એ બધું કરીને સારનું લખાણ કાળજી-પૂર્વક તૈયાર કરવું જોઈએ.

મુખ્ય મુદ્દા સાચવીને, મૂળ લખાણને અર્ધું કે ત્રીજા ભાગ જેટલું ટૂંકાવીએ ત્યારે ટૂંક સાર કે સારલેખન થયું કહેવાય. દરેક સારલેખનને યોગ્ય મથાળું આપવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ નીચેના ગદ્યખંડને યોગ્ય મથાળું આપો ને તેના મુખ્ય મુદ્દાઓની નોંધ તૈયાર કરો :—

હોળીનો આનંદ એટલે નિર્ભેળ આનંદ. એમાં કોઈ જાતનું સમાજના નિયમ વગેરેનું બંધન નહિ; લાજમર્યાદાનો સંકોચ નહિ; નાનામોટાના ભેદભાવ નહિ. એ આનંદ સામુદાયિક, એટલે બધાં ભેગાં મળીને લઈ શકે છે અને તેથી એ આનંદનું મૂલ્ય વધી જાય છે. આનંદ જેમ વહેંચાય છે તેમ વધે છે. આજે હોળીનો ઉત્સવ ફિક્કો પડી ગયેલો લાગે છે. જે પ્રજા પોતાનો આનંદ-ઉત્સવ પણ માણી શકતી નથી, તે પ્રજાની તાકાત ઓછી થતી જાય છે. આપણે અશ્લીલ અને ત્રાસદાયક તોફાનોનો ત્યાગ કરવો જોઈએ, પણ અસલ જે રીતે આપણે હોળી ઊજવતા તેમાંથી ઘણું અત્યારે ફરી ચાલુ કરવા જેવું છે. આપણી થાકી ગયેલી પ્રજાનો થાક ઉતારી તેને નવેસરથી જીવનની તાજગી બક્ષવા આ જાતના તહેવાર ઊજવવા જરૂરના છે, એમ કોઈને પણ લાગ્યા વિના નહિ રહે.

૨ પ્રશ્ન ૧માં નોંધેલા મુદ્દાઓ વડે મૂળ લખાણનું સારલેખન કરો.

૩ નીચેના ગદ્યખંડનો સાર લખી તેને મથાળું આપો :—

નદીને કોઈ ઉપમા છાજે તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુષ્કાળની બીક તો રહે જ નહિ. મેઘરાજા દગો દે ત્યારે નદીમાતા આપણો પાક પકવે. નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતળ હવા. નદીને કાંઠે કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય છે. નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીરગંભીર હોય ત્યારે તો કંઠા ઉપર રહેનાર લોકોની જાહોજલાલી એ નદીને જ આભારી હોય છે. સાચે જ નદી જનસમાજની માતા છે. નદીકાંઠાના શહેરમાં શેરીએ શેરીએ આપણે ફરતા હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દર્શન થાય ત્યારે આપણને કેટલો આનંદ થાય છે ! શહેરનું મેલું વાતાવરણ ક્યાં અને નદીનું પ્રસન્ન દર્શન ક્યાં ? તરત જ ફેર જણાઈ આવે છે. નદી ઇશ્વર નથી, પણ ઇશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગુરૂને વંદન ઘટે છે તો નદીને પણ વંદન કરવું ઘટે છે.

પાઠ સોળમો

મિત્રની માતાના અવસાન પ્રસંગે દિલાસાપત્ર

અમદાવાદી પોળ, રાવપુરા,
વડોદરા,
૧૨મી ઓગસ્ટ, ૧૯૫૧

પ્રિય ભાઈ વસંત,

તારાં પૂજ્ય માતુશ્રીના અવસાનના દુઃખદ સમાચાર સાંભળી આઘાત થયો. તારા છેલ્લા પત્રમાં એમની માંદગી વિશે તેં લખ્યું હતું. પરંતુ તેઓ આટલાં વહેલાં આપણને રડતાં મૂકી જતાં રહેશે એનો જરાયે ખ્યાલ નહોતો. નહિ તો હું એમને જોવા આવ્યો હોત. એમના જવાથી તારા કુટુંબ પર મોટી આફત આવી પડી છે. તમને બધાંને એ સહન કરવાનું બળ મળે એવી મારી પ્રાર્થના છે.

રજાઓમાં હું ઘણી વાર તારે ઘેર રહ્યો છું. તે વખતનો તારાં બાનો માયાળુ સ્વભાવ મારાથી કદી ભુલાશે નહિ. મને પણ તે પોતાના દીકરા જેવો ગણતાં. એક વાર હું તારે ત્યાં માંદો પડેલો ત્યારે એમણે કરેલી મારી ચાકરી આજે એક મોંઘી યાદ બની રહે છે.

કોઈની જોડે ઊંચે સાદે બોલતાં મેં એમને સાંભળ્યાં નથી. ગુસ્સે થવું એમના સ્વભાવમાં જ નહોતું. ગમે તેને મદદ કરવા દોડવું એ એમનો સ્વાભાવ હતો. કપટ કે નિંદા એમને ગમતાં નહિ. એમના આવા નિર્મળ અને દયાળુ સ્વભાવને સૌ સંભારશે. સ્નેહ અને સેવાની મૂર્તિ સરખી માની ખોટ કદીયે પુરાય નહિ. છતાં આવી પડેલી આફત સહી લીધા સિવાય છૂટકો છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાની બહેન સુધાને મારી વતી આશ્વાસન આપજે. અને તારા બાપુજીને સ્વજનની ખોટ સાલે નહિ તેની તમે કાળજી રાખજો. હવે તારી જવાબદારી વધી ગઈ છે, એ લખવાની જરૂર ન હોય. તું એને દીપાવશે એવી આશા સાથે વિરમું છું.

મારે લાયક કામસેવા લખવામાં અચકાઈશ નહિ. હું થોડા દિવસ પછી ત્યાં આવીશ.

લિ.
તારા દુઃખના સમભાગી
શ્રીકાન્તનાં આશ્વાસન.

સ્વાધ્યાય

૧ ઉપરના પત્રનો જવાબ લખો.

૨ તમારા મિત્રના પિતા અવસાન પામ્યા. તે પ્રસંગે દિલાસાનો પત્ર લખો.

૩ તમારા કાકા માંદા છે. તેમના સમાચાર મેળવવા પત્ર લખો.

૪ તમારી નાની બહેન અચાનક માંદી થઈ ગઈ છે. તેની હકીકત આપીને દાક્તરને વિઝિટે આવવા ચિઠ્ઠી લખો.

પાઠ સત્તરમો

શાળાના ઘડિયાળની આત્મકથા

(કલ્પનાત્મક નિબંધ)

મને જોઈ તમને કંઈ કંઈ પ્રશ્નો પૂછવાનું મન થતું હશે. તમારે મારી કહાણી જાણવી છે ? હું તમારી શાળામાં પચીસ વર્ષથી છું. મારો જન્મ સ્વિટ્ઝર્લૅન્ડમાં થયો હતો. ભર જુવાનીમાં રૂપથી ચમકતી હું અહીં આવેલી. આવી ત્યારે મને જોવા તમારા જેવાં બાળકો ટોળે વળતાં ને મને જોયા જ કરતાં. મારી નિયમિતતા જોઈ સૂરજ પણ લજવાતો. કાચના સુંદર કબાટમાં મને માનભેર રાખેલી ને શાળાના આચાર્ય જાતે મને દર શનિવારે ચાવી આપતા. એક દિવસ તેમનાથી વધારે ચાવી અપાઈ ગઈ ને મારી કમાન છટકી ગઈ. ત્યારથી મારી અવદશા બેઠી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...गुरुकुल कांगड़ी विश्वविद्यालय

મને ઘડિયાળીને ત્યાં મોકલવામાં ... ણે મારા બધા અંગો છૂટાં કરી નાખ્યાં, તેમને સાફ કરીને તે ... જોડી દીધાં ને મારા એકે એક સાંધા પર તેલ પૂર્યું. પછી નવી કમાન નાખી ચાવી આપી, એટલે હું ફરીથી જીવતી થઈ.

હું મારે અસલ સ્થાને આવી, તેથી મને બહુ આનંદ થયો. પણ મારું તેજ ઝાંખું થઈ ગયું હતું. મારાં ચક્રો ચાલતાં હતાં ખરાં, પણ મારાથી અગાઉની પેઠે કામ થયું નહિ. મારા લોલકની ઝડપ વધી ગઈ અને ચાર જ દિવસમાં મારા કાંટા એક કલાક આગળ વધેલા દેખાયા. શાળાના આચાર્ય એ જોઈ ખિન્ન થઈ ગયા ને મને તેમણે ફરીથી ઘડિયાળીને ત્યાં મોકલી. આઠ દિવસની સારવાર પછી હું ફરીથી ફરજ પર ચડી. એક માસ મારા કામથી સૌને સંતોષ થયો. પછી કોણ જાણે શું થયું કે મારા કાંટા પાછા રહી જતા દેખાયા. આચાર્યશ્રી એવા ગુસ્સે થયા કે એ તો નવી ઘડિયાળ ખરીદી લાવ્યા. એ નવી ઘડિયાળને મારે સ્થાને પધરાવી; અને મને આ સ્થાને બેસાડી.

એક સ્થળેથી બીજે, એમ કરતાં અત્યારે તમે મને આ જૂનો સામાન ભરવાના ખંડમાં જુઓ છો. મારા રૂપની ને મારી સેવાની કોઈએ કદર કરી નહિ, એનું મને બહુ દુઃખ છે. અત્યારે મારા પર ધૂળના થર જામ્યા છે અને કરોળિયાનાં જાળાં મને ઘેરી વળ્યાં છે. એનાથી હું લાજી મરું છું. અહીંથી મારો ક્યારે છુટકારો થશે એની વિમાસણમાં મારાં ગાત્રો ઢીલાં થઈ ગયાં છે ને હું ચાવી વિના ચેતનાહીન દશામાં પડી છું. તમે મને આ એકાંત અને દુઃખથી બચાવશો ?

સ્વાધ્યાય

૧ નીચેનાં પૈકી ગમે તે એકની આત્મકથા લખો :—ખોવાયેલી પેન; કાંડાની ઘડિયાળ; પાળેલો કૂતરો; અભણ ખેડૂત; સરકસનો સિંહ.

૨ નીચેના પૈકી ગમે તે એક વિશે નિબંધ લખો :— શાળાનું પ્રદર્શન; ગ્રામપંચાયતની ચૂંટણી; વર્ષાઋતુ.

૩ તમે જોયેલા મદારીના ખેલ વિશે તમારા નાના ભાઈને પત્ર લખો.

૪ આ પાઠની આત્મકથા ઉપરથી એ જ ઘડિયાળની જીવનકથા લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी, हरिद्वार

Date	No.	Date	No.

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar